

જર્મનીમાં આગમાં 3 ભારતીય વિદ્યાર્થીના મોત, રોમાનિયન ઝડપાયો

PAGE NO. 18

પરદેશમાં દેશની મહેંક એટલે

સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



FRIDAY, 16 OCTOBER 2026 Vol. 24, No. 42 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

ભારતની IDBI બેન્કમાં કેનેડિયન કંપની હિસ્સેદાર બનશે

ભારત સરકાર અને LIC પાસે રહેશે 34% હિસ્સેદારી, ભારતમાં અત્યાર સુધીનું સૌથી મોટું સીધું વિદેશી રોકાણ FDI બની જશે

નવી દિલ્હી

લાંબા સમયથી ચાલી રહેલી આઈડીબીઆઈ બેંકના વેચાણની પ્રક્રિયાને લઈને હવે કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી દીધી છે. આઈડીબીઆઈ બેંકમાં સરકાર અને ભારતીય જીવન વીમા નિગમ એટલે કે એલઆઈસી પોતાની હિસ્સેદારી વેચી રહ્યા છે, જેને કેનેડાની કંપની ખરીદશે. કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે આઈડીબીઆઈ બેંકમાં 60.72% હિસ્સેદારી કેનેડિયન ફાઇનાન્શિયલ સર્વિસિસ કંપની Fairfax Financial Holdingsની સબસિડિયરી કંપનીને વેચવા માટે મંજૂરી આપી દીધી છે. કરાર મુજબ રૂ. 52,878.08 કરોડમાં હિસ્સેદારી વેચવા માટે મંજૂરી મળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી આર્થિક બાબતોની કેબિનેટ સમિતિ એટલે કે CCEAએ આઈડીબીઆઈ બેંકના વ્યૂહાત્મક ખરીદદાર તરીકે Fairfax ને મંજૂરી આપી છે. આ સોદામાં



આઈડીબીઆઈ બેંકમાં સરકારની 30.48% હિસ્સેદારી અને એલઆઈસી ની 30.24% હિસ્સેદારીનું વેચાણ સામેલ છે. આ હિસ્સેદારીના વેચાણ પછી પણ સરકાર બેંકમાં 15% હિસ્સેદારી જાળવી રાખશે, જ્યારે એલઆઈસી પાસે 19% હિસ્સેદારી રહેશે. એટલે કે બંનેની સંયુક્ત હિસ્સેદારી 34% રહેશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, આ ડીલ પૂર્ણ થયા બાદ તે ભારતના નાણાકીય ક્ષેત્રમાં અત્યાર સુધીનું સૌથી મોટું સીધું વિદેશી રોકાણ FDI બની જશે.

2022માં જાહેરાત કરાઈ હતી

IDBI બેંકના વેચાણની પ્રક્રિયાની જાહેરાત સૌપ્રથમ 2022 માં કરવામાં આવી હતી, પરંતુ નિયમનકારી અને પ્રક્રિયાગત અડચણોના કારણે તેમાં વિલંબ થયો હતો. માર્ચમાં તેને રોકી દેવામાં આવી હતી, પરંતુ હવે તમામ મંજૂરીઓ મળ્યા બાદ કેબિનેટે આખરી મહોર લગાવી દીધી છે.

શેરમાં 13 ટકાનો ઉછાળો

કેબિનેટની મંજૂરીના સમાચાર બહાર આવતાની સાથે જ શેરબજારમાં IDBI બેંક લિમિટેડના શેરમાં 13% નો મોટો ઉછાળો જોવા મળ્યો હતો. શેર ઈન્ટ્રા-ડે દરમિયાન રૂ. 93.62 ની સપાટીએ પહોંચ્યા બાદ અંતે 8.33% ના વધારા સાથે રૂ. 89.85 પર બંધ થયો હતો.

પેશાવરમાં શાળાની છત પડતાં 34 વિદ્યાર્થી અને 1 શિક્ષિકાનું મોત, 40થી વધુ ઈજાગ્રસ્ત

કાટમાળમાંથી બાળકો, શાળાના અન્ય કર્મચારીઓની શોધખોળ કરાઈ

પેશાવર

પાકિસ્તાનના પેશાવર શહેરમાં એક ભયાનક દુર્ઘટના સામે આવી હતી, જ્યાં એક શાળાની છત ધરાશાયી થતાં ઓછામાં ઓછા 28 વિદ્યાર્થીઓ અને એક શિક્ષિકાનું મોત નીપજ્યું હતું. સ્થાનિક હોસ્પિટલના પ્રવક્તાએ ગુરુવારે આ ભયાનક ઘટના અંગે માહિતી આપી હતી. આ ઘટનામાં 40થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા, જેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

આ દુર્ઘટના બાદ ઈજાગ્રસ્તો અને મૃતકોને લેડી રીડિંગ હોસ્પિટલ (LRH) માં ખસેડવામાં આવ્યા હતા. હોસ્પિટલ પ્રશાસને શરૂઆતના તબક્કે માત્ર ચાર મોતની પુષ્ટિ કરી હતી. જોકે, ત્યારપછી હોસ્પિટલમાં 28 બાળકોના મૃતદેહ લાવવામાં આવ્યા હોવાની અધિકૃત માહિતી હોસ્પિટલ તંત્ર દ્વારા આપવામાં આવી હતી.

કેપિટલ સિટી પોલીસ ઓફિસર ડૉ. મિયાં સઈદે જણાવ્યું કે, રાજધાની પેશાવરમાં સર્જાયેલી આ ઘટનામાં 40થી વધુ લોકો ઘાયલ થયા છે. બચાવ ટીમે શરૂઆતમાં જણાવ્યું કે, શાળાની છત ધરાશાયી થયા બાદ અનેક બાળકો કાટમાળ નીચે ફસાઈ ગયા હતા. ઘટનાસ્થળે પહોંચી તાત્કાલિક રેસ્ક્યૂ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. કાટમાળમાંથી બાળકો તેમજ શાળાના અન્ય કર્મચારીઓની શોધખોળ કરવામાં આવી રહી છે.



વહીવટી તંત્ર દ્વારા તબીબી સુવિધા આપવા સૂચના

ખૈબર પખ્તુનખ્વા (KP) ના માહિતી અને જનસંપર્ક બાબતોમાં ગવર્નરના સલાહકાર સમર હારૂન બિલૌરે શાળાની છત ધરાશાયી થવાની આ કરૂણ ઘટના પર ઊંડું દુ:ખ વ્યક્ત કર્યું હતું. આ સાથે જ તેમણે વહીવટીતંત્રને ઘાયલ બાળકોને તમામ શક્ય શ્રેષ્ઠ તબીબી સુવિધાઓ અને સારવાર ઉપલબ્ધ કરાવવા માટે સ્પષ્ટ આદેશ આપ્યા હતા.

યમનમાં હુથીઓનો રાષ્ટ્રપતિ ભવન પર મિસાઈલ હુમલો, 4 લોકોના મોત

નિશાન બનાવતા સુરક્ષા એજન્સીઓ એલર્ટ પર

સના

મધ્યપૂર્વ એશિયામાંથી એક મોટા અને ચિંતાજનક સમાચાર સામે આવી રહ્યા છે. યમનની રાજધાનીમાં આવેલા અતિ સંવેદનશીલ અને સુરક્ષિત ગણાતા રાષ્ટ્રપતિ ભવન પર હુથી વિદ્રોહીઓ દ્વારા ઘાતક મિસાઈલ હુમલો કરવામાં આવ્યો છે. આ ભીષણ વિસ્ફોટ અને હુમલાને કારણે ચાર લોકોના કમકમાટીભર્યા મોત નીપજ્યા હોવાના અહેવાલ છે, જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા છે.

હુથી વિદ્રોહીઓ દ્વારા છોડવામાં આવેલી મિસાઈલ સીધી પ્રેસિડેન્શિયલ પેલેસ સંકુલમાં જઈને ત્રાટકી હતી, જેના કારણે ભારે ધડાકો થયો હતો અને ચારેય તરફ નાસભાગ મચી ગઈ હતી. આ હુમલા બાદ યમનની સુરક્ષા વ્યવસ્થાઓ સઘન કરી દેવામાં આવી છે અને ઈમરજન્સી સેવાઓ દ્વારા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સ્તરે આ હુમલાને લઈને ભારે રોષ જોવા મળી રહ્યો છે.

તાજેતરના સમયમાં લાલ સમુદ્ર અને આસપાસના વિસ્તારોમાં હુથી વિદ્રોહીઓની ગતિવિધિઓ સતત વધી રહી છે. રાષ્ટ્રપતિ ભવન પર થયેલા આ સીધા હુમલાથી આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નવો તણાવ પેદા થયો છે. આ હુમલા પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય રાજકીય અસ્થિરતા સર્જ કરવાનો હોવાનું મનાઈ રહ્યું છે.







ટોરોન્ટો ચૂંટણીમાં એફોર્ડેબલ જીવનશૈલી અને આવાસ મુખ્ય મુદ્દા

પ્રોપર્ટી ટેક્સના દરો સ્થિર રાખવા અને 1.1 મિલિયન ડોલરથી ઓછી કિંમતના ઘરો માટે 'લેન્ડ ટ્રાન્સફર ટેક્સ' નાબૂદ કરવા બ્રેડફોર્ડનું વચન

ટોરોન્ટો

ચાલુ મહિનાની મ્યુનિસિપલ ચૂંટણીઓ પહેલાં ટોરોન્ટોના અગ્રણી મેયર પદના ઉમેદવારો શહેરભરમાં ફરીને પોતાનો દ્રષ્ટિકોણ રજૂ કરી રહ્યા છે, ત્યારે મતદારોનું કહેવું છે કે, એફોર્ડેબલ જીવનશૈલી, આવાસ, જાહેર સુરક્ષા અને પરિવહન એવા મુખ્ય મુદ્દાઓ છે જેના પર તેઓ ધ્યાન કેન્દ્રિત થાય તેમ ઈચ્છે છે.

કેનેડાના સૌથી મોટા શહેરના આગામી ચાર વર્ષ માટે નેતૃત્વ કરવા માટે ૫૦થી વધુ લોકો મેદાનમાં છે, પરંતુ સર્વેક્ષણો સૂચવે છે કે ૨૬ ઓક્ટોબરના મતદાનમાં વર્તમાન મેયર ઓલિવિયા ચો અને કાઉન્સિલર બ્રેડ બ્રેડફોર્ડ વચ્ચે કાંટાની ટક્કર થશે.

ચોના મુખ્ય વચનોમાં શહેરમાં કરિયાણાના ભાવ ઘટાડવા માટેના પગલાં, શાળાઓમાં મફત ભોજન અને વધુ પરવડે તેવા આવાસોનું નિર્માણ સામેલ છે. જ્યારે બ્રેડફોર્ડે મેયર તરીકેના તેમના પ્રથમ વર્ષમાં પ્રોપર્ટી ટેક્સના દરો સ્થિર રાખવાનું અને ૧.૧ મિલિયન ડોલરથી ઓછી કિંમતના ઘરો માટે 'લેન્ડ ટ્રાન્સફર ટેક્સ' નાબૂદ કરવાનું વચન આપ્યું છે. ૩૦ વર્ષથી ટોરોન્ટોમાં રહેતા ઈલહામ સૈદનાએ કહ્યું કે, શહેરમાં ઘણા લોકો આર્થિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે અને તેઓ એવા ઉમેદવારને મત આપશે, જેમની પ્રાથમિકતા જીવનને વધુ એફોર્ડેબલ બનાવવાની હશે.ભાડૂઆતોને ટેકો આપવા માટે શહેરે વધુ પ્રયાસો કરવાની જરૂર છે, જેમાં 'પરવડે તેવા આવાસ'ની વ્યાખ્યાને ફરીથી નક્કી કરવાનો પણ સમાવેશ થાય છે.

મેયર પદની રેસમાં ઓલિવિયા ચો અને બ્રેડ બ્રેડફોર્ડ વચ્ચે કાંટાની ટક્કરના સંકેત, ચોના મુખ્ય વચનોમાં શહેરમાં કરિયાણાના ભાવ ઘટાડવા માટેના પગલાં, શાળાઓમાં મફત ભોજન અને વધુ પરવડે તેવા આવાસોનું નિર્માણ સામેલ

જોકે કેટલાક મતદારોએ જાહેર સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી છે, પરંતુ સૈદનાનું કહેવું છે કે તેઓ શહેરમાં સુરક્ષિત અનુભવે છે. કારણ કે, ગુનાખોરીનો દર ઘટી રહ્યો છે. ટોરોન્ટો પોલીસના આંકડા દર્શાવે છે કે આ વર્ષે હત્યા, ગોળીબાર અને લૂંટફાટના બનાવોમાં ઘટાડો થયો છે. સૈદના માને છે કે બેઘર હોવાની સમસ્યા ઘણી મોટી છે. ડોન મિલ્સ વિસ્તારમાં રહેતા ટેરી ચેમ્બરલેને કહ્યું કે, નવા આવાસોના નિર્માણને પ્રોત્સાહન આપવા માટે શહેરે વધુ કામ કરવું જોઈએ. જોકે ચો એ ફોર્ડ સરકારના સ્પીડ કેમેરા અને બાઈક લેન દૂર કરવાના નિર્ણયોનો સખત વિરોધ કર્યો છે. તેમ છતાં તેમણે અને પ્રીમિયરે ઘણા મુદ્દાઓ પર સાથે મળીને કામ કર્યું છે અને ફોર્ડે તેમના સંબંધોને "અસાધારણ" ગણાવ્યા છે.

'કોકરોચ' આંદોલનને મોન્ટ્રીયલના લોકોનું સમર્થન, નોર્મન બેથુન સ્ક્વેર ખાતે પ્રદર્શન

ભારતમાં લોકશાહીના ઘટાડા અને હિંસા અંગે ચિંતા વ્યક્ત કરાઈ


મોન્ટ્રીયલ

શનિવારે મોન્ટ્રીયલના નોર્મન બેથુન સ્ક્વેર ખાતે વિરોધ પ્રદર્શન કરનારાઓનું એક જૂથ ભારતના યુવાનોના સમર્થનમાં એકત્ર થયું હતું, જેઓ "લોકશાહીના સતત ઘટાડા" અને તેના પરિણામે થતી "અકલ્પનીય હિંસા" વિશે ચિંતા વ્યક્ત કરતા જણાયા હતા. મોન્ટ્રીયલમાં આયોજિત સમર્થન રેલીમાં આબિદ ખાને 'કહ્યું,"મારા મતે ભારતમાં ફાસીવાદની શરૂઆત થવાની તૈયારી છે. ભારતની વર્તમાન સરકાર મૂળભૂત રીતે ભયનું વાતાવરણ ઊભું કરી રહી છે. લોકો બોલી શકતા નથી, લોકો વિરોધ કરી શકતા નથી, લોકો ન્યાયની માંગ કરી શકતા નથી."

ખાને કહ્યું, "એક સાધારણ મજાક કાંતિમાં ફેરવાઈ ગઈ છે." રુદ્રનીલ રાહાએને મીડિયાને જણાવ્યું હતું કે તેઓ ભારતમાં એવા સમયે મોટા થયા, જ્યારે ૨૦૧૪માં ભાજપ સત્તા પર આવ્યું હતું. કેનેડામાં આ આંદોલનના સમર્થકોમાં માત્ર ભારતીય મૂળના લોકો જ નહીં, પરંતુ અન્ય લોકોનો પણ સમાવેશ થાય છે. મોન્ટ્રીયલમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં સામેલ અન્ય એક વ્યક્તિ રાહુલ વર્માએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે તેમને આશંકા છે કે ભારતમાં જે થઈ રહ્યું છે તે સમગ્ર વિશ્વમાં વધી રહેલા રાષ્ટ્રવાદનું માત્ર એક ઉદાહરણ છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
"Proper Insurance Coverage is Peace of Mind"
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available
JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca






પિયર્સન એરપોર્ટ પર સોનાની લૂંટ કેસ : કોર્ટમાં કેફિયત બાદ આરોપીને ચાર વર્ષ જેલની સજા

બનાવટી દસ્તાવેજના આધારે આચરી હતી લૂંટ, 30 ટકા સોનાને ઓગાળીને વેચી મરાયું

બ્રામ્પ્ટન

ટોરોન્ટોના પીયર્સન એરપોર્ટ ઉપર થયેલી બહુચર્ચિત સોનાની લૂંટ કેસમાં એક નવો મોટો વળાંક આવ્યો છે. આ લૂંટમાં પોતાની સંડોવણી કબૂલ કરનાર આરોપી અરસલાન ચૌધરીએ બ્રામ્પ્ટન કોર્ટમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન મહત્વની જુબાની આપી છે. તેણે સ્વીકાર્યું હતું કે, લૂંટ બાદ તેણે ૩૦ ટકા સોનું લીધું હતું અને પાકિસ્તાન ભાગી જતાં પહેલાં તેને ઓગાળીને વેચવાનું શરૂ કર્યું હતું. અરસલાન ચૌધરી હાલમાં પરમપાલ સિદ્ધુ વિરુદ્ધના કેસમાં જુબાની આપી રહ્યો છે. ચૌધરીએ કોર્ટ સમક્ષ જણાવ્યું હતું કે, તેણે સિમરનપ્રીત પનેસાર સાથે મળીને આ આખી લૂંટનું આયોજન કર્યું હતું. લૂંટ બાદ તેમણે સોનાના સળિયા ભરેલા બોક્સની વહેંચણી કરી હતી, જેમાં ચૌધરીએ ૩૦ ટકા અને પનેસારે ૭૦ ટકા જથ્થો લીધો હતો. સોનું લીધા બાદ તેઓ ગ્રેટર ટોરોન્ટો વિસ્તારમાં આવેલા એક કોન્ડો (એપાર્ટમેન્ટ) પર ગયા હતા અને ત્યાં સોનું ઓગાળીને વેચતાં તેમને ૨ લાખથી ૩ લાખ ડોલર રોકડા મળ્યા હતા. ત્યારબાદ તેઓ મેક્સિકો અને પોર્ટુગલ થઈને પાકિસ્તાન પહોંચ્યા હતા. જુબાની દરમિયાન ચૌધરીએ દાવો કર્યો હતો કે પાકિસ્તાનમાં પોલીસ ગણવેશમાં આવેલા કેટલાક લોકોએ તેનું અપહરણ કર્યું હતું અને તેની સાથે દુર્વ્યવહાર કર્યો હતો. તેના કારણે તે મજબૂર થયો હતો અને અપહરણકર્તાઓના સાથીદારોને કેનેડા સ્થિત તેના કોન્ડોમાંથી બાકીનું સોનું તથા પાકિસ્તાનમાં તેના પિતરાઈ ભાઈના ઘરેથી રોકડ રકમ લઈ જવા દીધી હતી.



વે બિલ આપવાના આરોપને સિદ્ધુએ નકારી કાઢ્યા

૧૭ એપ્રિલ, ૨૦૨૩ના રોજ પિયર્સન એરપોર્ટના કાર્ગો બેમાંથી ૪૦૦ કિલોગ્રામથી વધુ વજનના ૬,૬૦૦ સોનાના સળિયા (કિંમત $૨૨ મિલિયનથી વધુ) ચોરી થયા હતા. સરકારી વકીલોનો આરોપ છે કે તત્કાલીન એર કેનેડાના કર્મચારી પરમપાલ સિદ્ધુએ બનાવટી 'વે-બિલ' પૂરું પાડ્યું હતું, જેના આધારે આ લૂંટને અંજામ આપવામાં આવ્યો હતો. સિદ્ધુએ પોતાની સામેના તમામ આરોપો નકારી કાઢ્યા છે.

અપહરણકર્તાઓએ તેને મુક્ત કર્યા બાદ તે દુબઈ ગયો હતો અને ૧૨ જાન્યુઆરીએ કેનેડા પરત ફર્યો હતો. અરસલાન ચૌધરીને $ ૫,૦૦૦થી વધુની ચોરીનો ગુનો કબૂલ કર્યા બાદ ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે અને તેને $૨૨ મિલિયનની ભરપાઈ કરવા માટે ૪૦ વર્ષનો સમય આપવામાં આવ્યો છે.

કેનેડા-અમેરિકાના સૌથી ગરીબ 10 ટકા લોકોની આવક ભારતના સૌથી વધુ અમીરો કરતાં વધુ

નવી દિલ્હી : દુનિયાના અમીર દેશો અને ભારતના લોકોનાં જીવનસ્તરમાં કેટલું મોટુ અંતર છે. તે વર્લ્ડ બેન્કના આંકડા ઉપરથી જાણી શકાય તેમ છે. આંચકાજનક વાત તો તે છે કે, અમેરિકા, કેનેડા, જર્મની અને ઓસ્ટ્રેલિયા જેવા દેશોના સૌથી ગરીબ તેવા ૧૦ ટકા લોકોનો રોજનો ખર્ચ પણ ભારતના સૌથી અમીર તેવા ૧૦ ટકા લોકોના દૈનિક ખર્ચ કરતા ઓછો છે. વર્લ્ડ બેન્ક જણાવે છે કે આ પરિસ્થિતિ ભારતીય અર્થતંત્ર માટે પડકારરૂપ છે. ભારતમાં સૌથી ગરીબ તેવા ૧૦ ટકા લોકોની રોજની કમાણી કે ખર્ચ વ્યકિતદીઠ આશરે ૩ ડોલર છે. અમેરિકામાં એ આંકડો ૨૫ ડોલર છે, જ્યારે કેનેડામાં તે ૩૧ ડોલર છે. જર્મની અને ઓસ્ટ્રેલિયામાં સૌથી ગરીબ તેવા ૧૦ ટકા લોકોનો દૈનિક ખર્ચ ૨૮ ડોલર છે. બીજી તરફ ભારતમાં સૌથી અમીર તેવા ૧૦ ટકા લોકોની રોજની કમાણી અને ખર્ચ આશરે ૧૦ ડોલર છે. અમેરિકામાં તે આંક ૧૭૩ ડોલર છે. જ્યારે કેનેડા અને ઓસ્ટ્રેલિયામાં ૧૨૯ ડોલર અને જર્મનીમાં ૧૨૮ ડોલર સુધી પહોંચ્યો છે. ભારતીય સર્વેક્ષણ પ્રમાણે જે દર મહિને ૮૦ હજાર રૂ. કમાય છે તે દેશના સૌથી વધુ કમાનારા ૧૦ ટકા લોકોના વર્ગમાં આવે છે. પરંતુ તે આંકડા વિકસિત અર્થતંત્રોમાં સૌથી ઓછી આવકવાળા લોકોની તુલનામાં ઘણા નીચે છે.

ભારતમાં સૌથી ગરીબ 10 ટકા લોકોની દૈનિક કમાણી 3 ડોલર, અમેરિકામાં 25 ડોલર અને કેનેડામાં 31 ડોલર

ફાઉન્ડેશન ફોર ઈકોનોમિક ડેવલપમેન્ટના પ્રોગ્રામ એસોસિએટ અરોના દત્તા ગુપ્તાએ પત્રકારોને જણાવ્યું હતું કે, આ ભારત માટે એક બહુ મોટી સમસ્યા બની રહી છે. તેમાં માત્ર ગરીબી જ નહીં, પરંતુ સમગ્ર અર્થતંત્રમાં જ આવક ઓછી છે. ભારતમાં રોજના ૧૦ ડોલર ખર્ચ કરનારી વ્યકિત સૌથી અમીર તેવા ૧૦ ટકા લોકોમાં સામેલ થઈ જાય છે. જ્યારે કેનેડા, અમેરિકા, જાપાન, દક્ષિણ કોરિયા, ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાં તો રોજના ૧૦ ડોલર (૮૫૦ રૂ. આશરે) ખર્ચ કરનારાને સૌથી ગરીબ તેવા ૧૦ ટકા લોકોમાં ગણવામાં આવે છે.

ઓન્ટેરિયોમાં 911 કોલ લેનારાઓની ભરતી અને તાલીમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ

911 કોલ્સમાંથી 90 ટકા કોલ્સનો જવાબ 15 સેકન્ડમાં આપવું શક્ય

ઓન્ટેરિયો

ઓન્ટેરિયોમાં હાલટન રિજનલ પોલીસ 911 કોલ લેનારાઓ અને ડિસ્પેચર્સની ભરતી અને તાલીમમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નો ઉપયોગ કરી રહી છે. પોલીસ દળે જણાવ્યું હતું કે અમેરિકન AI કંપની 'GovWorx' એવી ટેક્નોલોજી પૂરી પાડે છે જે ઈમરજન્સી કોલ સિમ્યુલેશન (આભાસી પરિસ્થિતિઓ) બનાવે છે. જેને કારણે 911 માટે અરજી કરનારાઓને નિર્ણય લેવાની ક્ષમતા, વાતચીત કૌશલ્ય અને કટોકટી વ્યવસ્થાપન કૌશલ્યો સુધારવામાં મદદ મળે છે.

હાલટન પોલીસના 911 કોમ્યુનિકેશન્સ બ્યુરો મેનેજર બ્રાયન ડોડે જણાવ્યું હતું કે, આ નવી ટેક્નોલોજી પોલીસ દળને ભરતી પ્રક્રિયાની શરૂઆતથી જ યોગ્ય ઉમેદવારોની ઓળખ કરવામાં મદદ કરે છે. ડોડે જણાવ્યું હતું કે, પોલીસ 911 કોમ્યુનિકેટર્સની તાલીમમાં પણ આ જ AIનો ઉપયોગ કરી રહી છે અને તેમની પસંદગી થયા પછી તેમના કામનું મૂલ્યાંકન કરવા માટે પણ તેનો ઉપયોગ કરવામાં આવશે. હાલટન પોલીસે જણાવ્યું હતું કે, 911 ડિસ્પેચર્સની ભરતીમાં AIનો ઉપયોગ કરવાથી ઉમેદવારોના મૂલ્યાંકનનો સમય ૫૦ ટકા ઘટી જાય છે.

ડોડે જણાવ્યું હતું કે, હાલટન પોલીસ સેવામાં હાલમાં ૭૫ ડિસ્પેચર્સ અને કોલ લેનારાઓ છે અને આ વર્ષે ચારથી આઠ નવા કર્મચારીઓની ભરતી કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. હાલટન પોલીસે બિન-ઈમરજન્સી પ્રકારના ફોન કોલ્સ લેવા માટે 'SARA AI' નામની અન્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે.

SARA AIના ઉપયોગથી પ્રતિ કોલ 911 વેઇટ ટાઇમ (પ્રતીક્ષા સમય)માં લગભગ બે સેકન્ડનો ઘટાડો થયો છે. "ઉત્તર અમેરિકામાં એક એવું ધોરણ છે જેને અમે ગર્વ સાથે કહી શકીએ છીએ કે અમે પૂર્ણ કરીએ છીએ. તમામ 911 કોલ્સમાંથી ૯૦ ટકા કોલ્સનો જવાબ ૧૫ સેકન્ડની અંદર આપવામાં આવે છે.





તંત્રી સ્થાનેથી

સરમુખત્યાર શાસકો સામે ભારત સહિત દુનિયાભરમાં ભડકે બળતો અસંતોષ

ભારતમાં ચૂંટણી પંચ દ્વારા વિવિધ રાજ્યોમાં હાથ ધરાયેલી મતદાર યાદીઓની વિશેષ સઘન પુનરીક્ષણ પ્રક્રિયા જોરદાર વિવાદમાં ફસાઈ છે. મતદાર યાદીઓમાંથી કરોડોની સંખ્યામાં નામ કપાવા અને તેને ઉમેરવા માટે ફોર્મ-૬માં કરવામાં આવેલા ફેરફારોને લઈને છેલ્લા આશરે બે અઠવાડિયાથી વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યા છે. હવે આ વિરોધ દિલ્હી સુધી પહોંચી ચૂક્યો છે. અહીંયા રાજકીય વંટોળ ફેલાયેલું છે અને લોકો પણ ઉશ્કેરાયેલા છે. આ માત્ર ભારતની સ્થિતિ નથી. દુનિયાના ઘણા દેશોમાં હાલમાં રાજકીય, સામાજિક અને આર્થિક મુદ્દે વિરોધ પ્રદર્શનો દેખાઈ રહ્યા છે.



તંત્રી - સ્વદેશ

ફ્રાન્સમાં છેલ્લાં પંદર દિવસથી હિંસક આંદોલન ચાલી રહ્યું છે. અહીંયા પ્રદર્શનોની શરૂઆત ૨૧ સપ્ટેમ્બરે પેરિસના વંચિત વિસ્તારોમાં વિદ્યાર્થીઓ દ્વારા શાળાઓના બહિષ્કારથી થઈ હતી. ઓક્ટોબરના પ્રથમ સપ્તાહ સુધીમાં આ આંદોલન ત્રીજા સપ્તાહમાં પ્રવેશી ચૂક્યું છે અને જનઆંદોલનમાં ફેરવાઈ ગયું છે. આ ઉપરાંત સ્પેનમાં પણ એક મહિલાને ઘર ખાલી કરાવવા મુદ્દે વ્યાપક આંદોલન ચાલી રહ્યું છે. મેડ્રિડમાં ૮૭ વર્ષીય વૃદ્ધા મારિયા ડેલ કાર્મેન અબાસ્કલ (મારીકાર્મેન)ને ૨૩ સપ્ટેમ્બરે ઘર ખાલી કરાવી બહાર ફેંકી દેવાયા બાદ આંદોલનની શરૂઆત થઈ હતી. ત્યારબાદ આશરે ૧,૦૦૦ દેખાવકારોએ મેડ્રિડના પુએર્તા ડેલ સોલ અને બાસલોનાના પ્લાઝા કેટાલોનિયા ખાતે તંબૂ લગાવીને અચોક્કસ મુદતના ધરણાં શરૂ કર્યા. ૩-૪ ઓક્ટોબરે સ્પેનની સંસદમાં હાઉસિંગ રાહત સંબંધિત વિધેયકો ફગાવી દેવાતાં મેડ્રિડ, બાર્સિલોના અને વેલેન્સિયામાં હજારો લોકો માર્ગો પર ઉતરી આવ્યા હતા. ભારતના પાડોશી દેશ પાકિસ્તાનમાં પણ વિરોધ અને વિદ્રોહની સ્થિતિ છે. પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની પાર્ટી 'પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ' (PTI)ના સમર્થકોએ ૪ ઓક્ટોબરે 'લોંગ માર્ચ'ની શરૂઆત કરી હતી. ઈમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩થી જેલમાં બંધ છે. તેમની પાર્ટીનો આરોપ છે કે તેમના પર નોંધાયેલા ૧૦૦થી વધુ કેસ રાજકીય કિન્નાખોરીથી પ્રેરિત છે. ૭૩ વર્ષીય ઈમરાન ખાનની જેલમાં કથળતી તબિયત અને સારવારના અભાવે ચિંતા વધી છે. પરિવારનો દાવો છે કે નિષ્ણાત સારવાર ન મળવાને કારણે તેમની જમણી આંખની દ્રષ્ટિ નોંધપાત્ર ઘટી ગઈ છે. પાર્ટીની નેતાઓને ઈમરાન ખાનને મળવા દેવાની અને સ્વતંત્ર તબીબી તપાસ કરાવવાની પીટીઆઈની માંગણી સરકારે ફગાવી દીધી છે. જેને કારમે ખૈબર પખ્તૂનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીના નેતૃત્વ હેઠળ ૫,૦૦૦થી વધુ પીટીઆઈ કાર્યકરો અને સમર્થકો લાલ-લીલા ઝંડાઓ સાથે માર્ગો પર આગળ વધી રહ્યા છે.

પશ્ચિમના દેશોની વાત કરીએ તો અમેરિકાની જેમ બ્રિટનની સ્થિતિ પણ બગડેલી જ છે. બ્રિટનમાં હાલ ત્રણ પ્રકારના વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યા છે. બ્રિટનમાં 'પુલ ધ પ્લગ' જેવા સક્રિય વિરોધ જૂથોની શરૂઆત જાન્યુઆરી ૨૦૨૬માં થઈ હતી. સપ્ટેમ્બર અને ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) સલામતી સંબંધિત ગંભીર ચેતવણીઓ બાદ આ આંદોલન વેગવંતુ બન્યું છે. OpenAIના ટ્રેનિંગ સેન્ડબોક્સમાંથી AI એજન્ટ્સ બહાર નીકળી વેબસાઈટ હેક કરવાની ઘટના અને એન્થ્રોપિકના સંશોધક જેકબ કોક્સને 'AI માનવ સંસ્કૃતિનો નાશ કરી શકે છે' તેવી ચેતવણી સાથે આપેલા રાજીનામાએ લોકોમાં ચિંતા અને ભય વધાર્યો છે. સામાન્ય જનતાની સંમતિ વિના એનવીડિયા અને પેલેન્ટિર જેવી ટેક જાયન્ટ્સ વિશાળ ડેટા સેન્ટર્સ સ્થાપી રહ્યાનો ગંભીર આરોપ ઉઠ્યો છે. તેથી ૧ ઓક્ટોબરે લંડનમાં પેલેન્ટિર મુખ્યાલય બહાર સેંકડો લોકોએ વિરોધ કર્યો અને એનવીડિયાના એક ટેક ઈન્ડસ્ટ્રી ડિનરમાં ઘૂસીને કાર્યકરોએ ભારે હંગામો મચાવ્યો હતો.

એશિયામાં ભારત અને પાકિસ્તાનને બાદ કરતા જાપાનમાં પણ વિરોધનું વાવાઝોડું કેર વર્તાવી રહ્યું છે. જાપાનમાં ૩ ઓક્ટોબરના રોજ ઓકિનાવામાં એક મહિલાની હત્યા બાદ ૫ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ ટોક્યોમાં વડાપ્રધાન કાર્યાલય બહાર અને ઓકિનાવાની રાજધાની નાહા ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા.

ભારતમાં ચૂંટણી પંચ દ્વારા થયેલી એસઆઈઆરની પ્રક્રિયામાં 13 કરોડ લોકોના નામ કાઢી નાંખવા મુદ્દે 10 દિવસથી આંદોલને વેગ પકડ્યુ છે. આ આંદોલનમાં વિપક્ષ ઉપરાંત સિવિલ સોસાયટી, વિદ્યાર્થી સંગઠનો તથા કોકરોચ જનતા પાર્ટી આક્રમકતા સાથે જોડાઈ ચુકી છે. ચીફ ઈલેક્શન કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમાર સામે કોંગ્રેસ અને સેક્યુલર પક્ષો છેલ્લા થોડા દિવસથી એકધારું આંદોલન ચલાવી રહ્યા છે. એ કોઈ પણ હિસાબે જ્ઞાનેશ કુમારને સીઈસી પદેથી હટાવવા મરણિયા થયા છે. લગભગ રોજ પાટનગર નવી દિલ્હીમાં હજારો લોકો દેખાવો કરી રહ્યા છે.

10મીએ કોકરોચ જનતા પાર્ટીએ આપેલા આંદોલનના એલાનને પગલે ફફડી ઉઠેલી સરકારે દિલ્હી આવતી 247 ટ્રેન ઉપરાંત ફલાઈટ અને બસ સેવા રદ કરવાની નોબત આવી હતી. જો કે તે પછી પણ હજારો લોકોએ દીલ્હી પહોંચી મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માંગ દોહરાવી હતી. તેઓ આ સમયે પોલીસ દ્વારા ફરી બર્બરતા આચરવામાં આવતા મામલો કોર્ટ સુધી પહોંચ્યો છે. એટલું જ નહીં આ ઘટનાના ત્રીજા જ દિવસે રાહુલ ગાંધીએ યોજેલી સુપ્રિમ કોર્ટ તરફની માર્ચમાં માનવમહેરામણ ઉમટી પડ્યો હતો.

આ લોકોનો આરોપ છે કે, જ્ઞાનેશ કુમારે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર-સર) દ્વારા લાખ્ખો મતદારોને ચૂંટણીમાં મત આપતાં રોક્યા છે, એ રીતે લોકશાહીની હત્યા કરી છે. આમ છતાં મોદી સરકાર અને ભાજપ તેને બચાવી રહી છે. આંદોલન કરનારા સંગઠનોનું કહેવું છે કે, સામાન્ય લોકોનો મતાધિકાર છીનવવાનો કારસો ભાજપ સરકારને ઈશારે રચાયો છે. તેથી અમે સંવિધાનની રક્ષા માટે ચળવળ ચલાવી રહ્યા છે. અને અંતિમ નિર્ણય સુધી તેને ચલાવીશું. વાસ્તવમાં જ્ઞાનેશકુમાર સામે ચાલી રહેલા આંદોલનને જનસમર્થન વધી રહ્યું છે. આ સાથે જ અંકિતા ભંડારી હત્યાકાંડ પણ ચર્ચામાં આવ્યો છે. અંકિતા સાથે અણછાજતુ વ્યવહાર કરનાર દુષ્યંત ગૌતમને સિક્કીમના રાજ્યપાલ બનાવી દેવાતા વિવાદ સાથે વિરોધ ઉઠ્યો છે. મોદી સરકારની આટલી મુશ્કેલી ઓછી હોય તેમ કિસાનોએ પણ 23મીથી વિરોધ પ્રદર્શનની જાહેરાત કરી દીધી છે. એક તરફ સીજેપીના બે યુવાનો આશુતોષ રાંકા અને સૌરભ દાસને પણ પોલીસે પકડી લેતાં મામલાએ તુલ પકડ્યું છે.

manoj1968@yahoo. ca

SUPER VISA MEDICAL INSURANCE
FOR PARENTS & GRAND PARENTS
WE REPRESENT ALL
MAJOR INSURANCE COMPANIES OF CANADA
SUPER VISA
• Life Insurance
• Mortgage Insurance
• Disability Insurance
• Critical Illness Insurance
VISITOR VISA
• Visitor Insurance
• RRSP (Retirement Plan)
• RESP (Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants.
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol Diabetes, Heart Problem can get insurance (Conditions apply)
MADHUSUDAN LAMA 647-833-4477
HETAL SHAH 416 -522-1676
ANIRUDH LAMA 416-822-2570
DESIGNED BY GUJARAT NEWSLINE
EFS Economical Financial Services
Ph : 416-746-4142
1694, Albion Road, Unit # 1,
Etobicoke, ON, M9V 188
Email : info@economicalfinancial.com
Web : www.economicalfinancial.com



DIVINE YOGA
By Geeta
Children Yoga Class
Adult Yoga Class
Yoga Class Every Saturday and Sunday 8:30-9:30 AM
Join-today-on-ZOOM!
: Classes Available :
One to One Individual and Therapeutic



Geeta Tailor
416-456-2261
Contact Geeta at
divineyogabygeeta@gmail.com
IG & FB: @divineyogabygeeta

ગાંધીનગર મનપામાં ભગવો : 44માંથી 38 બેઠકો કબજે

ગાંધીનગર મહાનગર ચૂંટણીમાં આમ આદમી પાર્ટીનું ખાતું પણ ન ખૂલ્યું, કોંગ્રેસની 2 બેઠકોથી વધીને આંકડો 5 પર પહોંચ્યો

ગાંધીનગર

ગુજરાતના પાટનગર ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જાહેર થઈ ગયા છે અને ભારતીય જનતા પાર્ટીએ ફરી પોતાનો ગઢ સાચવી રાખ્યો છે. રવિવારે યોજાયેલા મતદાન બાદ મંગળવારે સવારે 9 વાગ્યાથી ઈવીએમ દ્વારા મતોની ગણતરી શરૂ કરવામાં આવી હતી. કુલ 44 બેઠકોમાંથી ભાજપે 38 બેઠકો પર ભવ્ય વિજય મેળવીને સત્તા પર વાપસી કરી છે.નકશા જુઓ

આ ચૂંટણી પરિણામોએ ફરી સત્તા ભાજપના હાથમાં સોંપી દીધી છે. જોકે, ઑક્ટોબર 2021ની ગત ચૂંટણીની સરખામણીએ ભાજપની બેઠકોમાં ઘટાડો નોંધાયો છે. ઑક્ટોબર 2021ની ચૂંટણીમાં ભાજપે 44માંથી 41 બેઠકો જીતીને એકહથ્થુ સત્તા મેળવી હતી. આ વખતે ભાજપનો આંકડો 38 બેઠકો પર પહોંચ્યો છે, એટલે કે પાર્ટીએ 3 બેઠકો ગુમાવી છે. તેમ છતાં બહુમતીના આંકડા કરતા ઘણી વધુ બેઠકો જીતીને ભાજપે પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે.મતદાર માહિતી

ગત 2021ની ચૂંટણીમાં કોંગ્રેસ માત્ર 2 બેઠકો જ જીતી શકી હતી. આ વખતે કોંગ્રેસે પોતાની બેઠકોની સંખ્યા વધારીને 5 કરી છે. આ ઉપરાંત 1 બેઠક અપક્ષ ઉમેદવારના ફાળે ગઈ છે.

આમ આદમી પાર્ટી શૂન્ય પર આઉટ થઈ હતી. ઑક્ટોબર 2021માં ગાંધીનગર મનપામાં આમ આદમી પાર્ટીએ પોતાનું ખાતું ખોલીને 1 બેઠક જીતી હતી.

આ વખતે આમ આદમી પાર્ટી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં નિષ્ફળ રહી છે અને એક પણ બેઠક જીતી શકી નથી.

AAPના તમામ ઉમેદવારોની ડિપોઝિટ જપ્ત

ગાંધીનગર કોર્પોરેશનના ગઈકાલે પરિણામ જાહેર થયા હતા. 11 વોર્ડની 44 બેઠકમાંથી આમ આદમી પાર્ટી(AAP)ને એકપણ બેઠક મળી નહોતી. આમ આદમી પાર્ટીના તમામ 31 અને કોંગ્રસના 1 ઉમેદવારની ડિપોઝિટ જપ્ત થઈ હતી. વોર્ડ નંબર 1, 3, 4, 5, 8, 9, 10 અને 11માં ભાજપે તમામ 4-4 બેઠકો પર જીત મેળવીને જંગ હાંસલ કર્યો હતો. તેમજ વોર્ડ-2માં ભાજપને 3 અને અપક્ષને 1 બેઠક મળી હતી. જ્યારે વોર્ડ-7માં ભાજપને 3 અને કોંગ્રેસને 1 બેઠક મળી છે. તેમજ વોર્ડ-6માં કોંગ્રેસે તમામ 4 બેઠકો જીતી પેનલ કબજે કરી હતી. ગાંધીનગર મનપાના કુલ 11 વોર્ડની તમામ 44 બેઠકો પર ચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણી જંગમાં કુલ 130 ઉમેદવારોએ પોતાનું નસીબ અજમાવ્યું હતું. ચૂંટણી પંચના આંકડા મુજબ, મનપા વિસ્તારમાં નોંધાયેલા અંદાજે 2.59 લાખ મતદારોમાંથી સરેરાશ 59.25% લોકોએ મતદાન કર્યું હતું.

છોટા ઉદેપુરમાં જાતિ દાખલા વિવાદ પછી ભાજપના રજનીબેનનો વિજય

રજનીબેન 1108, અર્જુન 356, કૈલાસને 326 મત મળ્યા

છોટાઉદેપુર

છોટાઉદેપુર નગરપાલિકાના વોર્ડ નંબર-4ની પેટાચૂંટણીમાં ભાજપે જીત મેળવી બેઠક પર કબજો જાળવી રાખ્યો છે. ભાજપના ડો. રજનીબેન રાઠવાએ 1,108 મત મેળવી વિજય હાંસલ કર્યો છે. કોંગ્રેસના અર્જુનભાઈ રાઠવાને 356 અને આપના ડો. કૈલાસ રાઠવાને 326 મત મળ્યા છે. મતગણતરી મુજબ રજનીબેને કોંગ્રેસ કરતાં 752 અને આપ કરતાં 782 મત વધુ મેળવી જીત નોંધાવી છે.

વોર્ડની બેઠક ભાજપના મંજુલાબેન કોલીનું સભ્યપદ રદ થતાં ખાલી પડી હતી. જાતિના દાખલા વિવાદને પગલે સભ્યપદ રદ કરાયું હતું. ત્યારબાદ ખાલી બેઠક માટે પેટાચૂંટણી યોજાઈ હતી. આ ચૂંટણીમાં ભાજપે ડો. રજનીબેન, કોંગ્રેસે અર્જુનભાઈ અને આપે ડો. કૈલાસને મેદાનમાં ઉતાર્યા હતા. બેઠક જાળવી રાખવામાં ભાજપ સફળ રહેતા નગરપાલિકાના રાજકીય વર્તુળોમાં પરિણામની ભારે ચર્ચા શરૂ થઈ છે. કોંગ્રેસ અને આપ વચ્ચે મતના તફાવત સાથે ભાજપને મળેલા મત પણ ચર્ચાનો વિષય બન્યા છે.

આપના નેતાઓને 2027માં ઘરમાંથી બહાર નહીં નીકળવા દઈએ : સાંસદ મુકેશ રાઠવા

જાહેર મંચ પરથી વિપક્ષની વંદા અને ખાટલાની જીવાત સાથે સરખામણી કરી

છોટાઉદેપુર

છોટા ઉદેપુર ખાતે યોજાયેલા એક જાહેર લોકાર્પણ કાર્યક્રમમાં ભાજપના અગ્રણી નેતાઓની ઉપસ્થિતિ વચ્ચે સંબોધન કરતાં ભાજપના રાજ્યસભા સાંસદ મુકેશ રાઠવાએ આમ આદમી પાર્ટી પર તીખા પ્રહારો કર્યા છે. જાહેર મંચ પરથી તેમણે વર્ષ 2027ની વિધાનસભા ચૂંટણી સંદર્ભે આપના નેતાઓને ઘરભેગા કરી દેવાનો ખુલ્લો પડકાર ફેંક્યો હતો. સામાજિક માધ્યમો પર નાના વીડિયો બનાવીને સ્થાનિક સમસ્યાઓ ઉજાગર કરતા આમ આદમી પાર્ટીના નેતાઓ પર કટાક્ષ કરતાં સાંસદ મુકેશ રાઠવાએ જણાવ્યું હતું કે, 'વર્ષ 2027માં તમે જે સપનાં જોઈ રહ્યા છો, તેમાં તમને સંપૂર્ણપણે ઘરભેગા કરી દઈશું અને ઘરમાંથી પણ બહાર નહીં નીકળવા દઈએ.' તેમણે વિરોધ પક્ષ પર વધુ આકરા પ્રહારો કરતાં વંદા અને જૂના જમાનામાં ખાટલામાં પડતી જીવાતનો ઉલ્લેખ કરીને ઉમેર્યું હતું કે, 'આવી જીવાત હવે બહાર નીકળીને આપણી સામે આંદોલનો કરી રહી છે. આપણા જિલ્લામાં પણ આવા કેટલાક લોકો સક્રિય થયા છે, પરંતુ આગામી દિવસોમાં તેમનું કોઈ અસ્તિત્વ રહેશે નહીં.' ઉલ્લેખનીય છે કે છોટા ઉદેપુર જિલ્લામાં કુલ 3 વિધાનસભા બેઠકો આવેલી છે. અગાઉ તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં આમ આદમી પાર્ટીના પ્રદર્શનને ધ્યાને રાખીને ભાજપે અત્યારથી જ 2027ની વિધાનસભા ચૂંટણીની વ્યૂહાત્મક તૈયારીઓ આરંભી દીધી છે.

વડોદરાની ઝાયડેક્સ કંપનીના નિયામકના નામે ભેજાબાજોની 1.03 કરોડની ઠગાઈથી ચકચાર

વ્હોટ્સએપ પર ડો. અજય રાયકાનું નામ અને તસવીર મૂકી 4 તબક્કામાં નાણાં પડાવ્યા

વડોદરા



વડોદરાના ગોત્રી સેવાસી રોડ પર આવેલી ઝાયડેક્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લિ.ના નિયામક ડો. અજય રાયકાના નામે ઓનલાઇન ઠગોએ રૂ. 1.03 કરોડની છેતરપિંડી આચરી હોવાનો બનાવ બનતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. 9 ઓક્ટોબરના રોજ સુભાષભાઈ પર નિયામક ડો. અજય રાયકાના નામે સંદેશો આવ્યો હતો. તેમાં પોતે એક બેઠકમાં વ્યસ્ત હોવાથી હાલ કોઈ ફોન ન કરે તેવી સૂચના અપાતાં સુભાષભાઈએ 'ઓકે સર' લખીને પ્રત્યુત્તર આપ્યો હતો. ત્યારબાદ ઠગે એક બેંક ખાતાની વિગત મોકલી તેમાં તાત્કાલિક રૂ. 25.60 લાખ જમા કરાવવા જણાવ્યું હતું અને નાણાં મોકલ્યાની વિગત પણ માંગી હતી, જેથી તેમણે મિનેશ દેસાઈને સૂચના આપી આ રકમ મોકલાવી હતી. થોડીવાર બાદ ફરીથી ખાતાની વિગત મોકલી રૂ. 18.20 લાખ જમા કરાવ્યા હતા. આ જ રીતે ઠગે બીજી એક બેંકની વિગતો મોકલીને પ્રથમ રૂ. 23.90 લાખ અને ત્યાર પછી રૂ. 35.60 લાખ જમા કરાવ્યા હતા. સુભાષ ગુમાએ જણાવ્યું છે કે જે વ્હોટ્સએપ નંબર પરથી સંદેશો આવ્યો હતો તેના પર નિયામક ડો. અજય રાયકાનું નામ અને તસવીર હોવાથી વિશ્વાસમાં આવી જઈ કુલ રૂ. 1.03 કરોડ જમા કર્યા હતા.

પત્ની અને સાસરિયાઓના ત્રાસથી કંટાળી વાડીના યુવકનો આપઘાત

ચિઠ્ઠીમાં લખ્યું, 'હું સાચો છું, મુજે ઇન્સાફ દિલાના'

વડોદરા

વડોદરાના વાડી જહાંગીરપુરામાં રહેતા અને મુદ્રણલેખનનું કામ કરતા 36 વર્ષીય રિફાકતહુસેન ઈસ્માઈલભાઈ પટેલે સાસરિયાના ત્રાસથી કંટાળી ગઈકાલે રાત્રે 9.30 વાગ્યે ઘરે ઝેરી દવા પી લીધી હતી. તબિયત બગડતાં તેણે પાડોશી યુવકને બોલાવ્યો હતો, પરંતુ તે પહોંચે તે પૂર્વે જ રિફાકત ઢળી પડ્યો હતો. દવા પીધાની જાણ થતાં પાડોશીઓ તેને રિક્ષામાં સયાજી દવાખાને લઈ ગયા હતા, જ્યાં ટૂંકી સારવાર વખતે મોત થયું હતું. રિક્ષામાં દવાખાને લઈ જતી વખતે પણ તે 'મુજે ઈન્સાફ દિલાના' બોલતો હતો. વાડી પોલીસના ફોજદાર એ.ડી. રબારીએ સ્થળ પરથી એલ્યુમિનિયમ ફોસ્ફેટ લખેલી દવાની શીશી અને અંતિમ ચિઠ્ઠી કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે. ચિઠ્ઠીમાં લખ્યું હતું કે, 'મારી પત્ની અને તેના સગાથી કંટાળીને હું રિફાકત આ પગલું ભરી રહ્યો છું. હું સાચો છું, પણ મારી વાત સાંભળવા કોઈ તૈયાર નથી.' રિફાકતના 6 મહિના પહેલાં ભરૂચ તાલુકાની અને હાલ ટંકારિયા રહેતી સબીહા સાથે લગ્ન થયા હતા, જે એક મહિનાથી પિયર જતી રહી હતી.

પાવાગઢમાં શોર્ટ કટ રસ્તે જતા યુવકનું હજાર ફૂટની ઊંડી ખાઈમાં પડી જતાં મોત

કલાકોની ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને બહાર કાઢવામાં આવ્યો

પાવાગઢ

મૃતક યુવકની ઓળખ અનિલ શંકર ભીલ તરીકે થઈ છે. તે મૂળ મધ્યપ્રદેશના ધાર જિલ્લાના નિસરપૂર ગામનો વતની હતો અને હાલ વડોદરાના વાઘોડિયા વિસ્તારમાં રહેતો હતો. નવરાત્રિ દરમિયાન પોતાના ત્રણ મિત્રો અને બે નાના બાળકો સાથે માં મહાકાળીના દર્શન કરવા માટે પાવાગઢ આવ્યો હતો. ભદ્રકાળી મંદિર તરફ જતી વખતે તેમણે શોર્ટકટ માર્ગ પસંદ કર્યો હતો, જ્યાં અચાનક સંતુલન ગુમાવતાં તે ઊંડી ખીણમાં પટકાયો હતો. આ દુર્ઘટના અંગે જાણ થતાં જ ગોધરા SDRF ની ટીમ અને હાલોલ ફાયર વિભાગનો કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયો હતો. ખીણ અત્યંત ઊંડી અને દુર્ગમ હોવા છતાં, રેસ્ક્યૂ ટીમોએ કલાકોની ભારે જહેમત બાદ યુવકના મૃતદેહને બહાર કાઢી પોસ્ટમોર્ટમ અર્થે હાલોલ હોસ્પિટલ ખસેડ્યો હતો. પાવાગઢ પોલીસ સ્ટેશને આ અંગે અકસ્માતે મોતનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વહીવટી તંત્ર દ્વારા તમામ માઈભક્તો અને યાત્રિકોને અપીલ કરવામાં આવી છે કે, દર્શન માટે જતી વખતે જોખમી શોર્ટકટ માર્ગોનો ઉપયોગ કરવાને બદલે નિર્ધારિત અને સુરક્ષિત રસ્તાઓનો જ ઉપયોગ કરવો જેથી આવી હોનારત ટાળી શકાય.

સુઈગામમાં ઉછેરની જવાબદારી ટાળવા માટે પિતાએ અઢી વર્ષના પુત્રને જીવતો સળગાવ્યો

પાપ છુપાવવા લાશને સ્મશાનમાં દાટી દીધો, કાકાની ફરિયાદથી ભાંડો ફૂટ્યો

થરાદ

વાવ-થરાદના સુઈગામના રાવળવાસમાં માનવતાને શરમાવતી હૃદયદ્રાવક ઘટના બની છે. અહીં રહેતા અશોકભાઈ જીતાભાઈ રાવળની પત્ની કેટલાક સમયથી રિસામણે હોવાથી તે 2.5 વર્ષના માસૂમ પુત્ર નવઘણ સાથે એકલો રહેતો હતો. પુત્રનો ઉછેર કરવો ન હોવાથી અને જવાબદારી બોજારૂપ લાગતાં મુક્તિ મેળવવાના વિપરીત ઈરાદે 13 ઓક્ટોબર, 2026ના રોજ બપોરે 1-2 વાગ્યાના સુમારે સગા પિતા અશોકે જ નવઘણ પર પેટ્રોલ છાંટી સળગાવી દઈ કરપીણ હત્યા કરી હતી. ગંભીર દાઝેલા બાળકને ખાનગી વાહનમાં દવાખાને લઈ જવાતાં ટૂંકી સારવાર બાદ તેનું કરુણ મોત નીપજ્યું હતું. ગુનાનો ભેદ અને મોતનું સાચું કારણ છુપાવવા આરોપીએ સમાજના લોકોની મદદથી મૃતદેહને સ્મશાનમાં જમીનમાં દાટી દઈ અંતિમ વિધિ કરીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હતો. મુંદ્રા મજૂરીએ ગયેલા મૃતકના કાકા બાબુભાઈ લખમણભાઈ રાવળને જાણ થતાં તાત્કાલિક સુઈગામ આવી પહોંચ્યા હતા. તેમની ફરિયાદના આધારે સુઈગામ પોલીસે કળિયુગી પિતા અશોક રાવળ વિરુદ્ધ હત્યા અને પુરાવાનો નાશ કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ધોલેરા સ્માર્ટ સિટી પ્રોજેક્ટના નામે 2676 કરોડની છેતરપિંડી

જયપુરની કંપનીએ 47,664 રોકાણકારો પાસેથી બાઇક-કારની લાલચે વિશાળ નેટવર્ક બનાવી રોકાણ કરાવ્યું, 5.54 કરોડની રોકડ ફ્રીઝ કરાઇ

ધોલેરા

અમદાવાદ: ગુજરાતના મહત્વાકાંક્ષી ધોલેરા સ્માર્ટ સિટી પ્રોજેક્ટના નામે રોકાણકારો સાથે કરાયેલા કરોડો રૂપિયાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ કૌભાંડના તાર રાજસ્થાનના જયપુર સુધી પહોંચ્યા છે. આ મામલે ફરિયાદ બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે તપાસ હાથ ધરી પીએમએલએ હેઠળ કાર્યવાહી કરી છે. જયપુરની નેક્સા એવરગ્રીન ગ્રૂપની કુલ 34.91 કરોડ રૂપિયાની જંગમ અને સ્થાવર મિલકતો કામચલાઉ ધોરણે ટાંચમાં લેવામાં આવી છે. જયપુર ઈડી દ્વારા આ કેસમાં અત્યાર સુધીમાં જપ્ત કરાયેલી કુલ સંપત્તિનો આંકડો 52 કરોડ રૂપિયાએ પહોંચી ગયો છે.



ઈડીના જણાવ્યા મુજબ આ ગ્રૂપે વર્ષ 2019થી 2023 વચ્ચે રોકાણકારો પાસેથી અંદાજે 2,676 કરોડ રૂપિયા એકત્ર કર્યા હતા. કંપનીના સોફ્ટવેરમાંથી મળેલી વિગતો અનુસાર 47,664 રોકાણકારોના નાણાં ફસાયા છે અને કુલ 932.54 કરોડ રૂપિયાનું નુકસાન જોવા મળ્યું છે. આમાં મોટાભાગના રોકાણકારો નિવૃત્ત સૈન્ય કર્મચારીઓ હોવાનું સામે આવ્યું છે. આરોપીઓએ રોકાણકારોને મોંઘી બાઇક અને કાર જેવી ભેટોની લાલચ આપી વિશાળ નેટવર્ક ઊભું કર્યું હતું અને તેના દ્વારા સતત નવા રોકાણકારો જોડવામાં આવતા હતા.

ટાંચમાં લેવાયેલી મિલકતોમાં અમદાવાદ જિલ્લાના ધોલેરા અને ધંધૂકા ખાતે આવેલી જમીનો, રેસિડેન્શિયલ પ્લોટ્સ, અમદાવાદ અને રાજસ્થાનના સીકર ખાતે આવેલા ફ્લેટ્સ અને ગોવાના કલાંગુટ સ્થિત શાઇનિંગ સેન્ડ બીચ રિસોર્ટમાં 45 ટકા શેરહોલ્ડિંગનો સમાવેશ થાય છે. આ 69 સ્થાવર મિલકતોનું મૂલ્ય 29.37 કરોડ રૂપિયા આંકવામાં આવ્યું છે. આ ઉપરાંત નેક્સા એવરગ્રીન સાથે સંકળાયેલી સંસ્થાઓના 26 બેંક ખાતાઓમાં જમા 5.54 કરોડ રૂપિયાની રોકડ પણ ફ્રીઝ કરવામાં આવી છે. તપાસમાં આ કૌભાંડના મુખ્ય સૂત્રધાર રણવીર બિજાર્ણિયા અને સુભાષચંદ્ર બિજાર્ણિયા હોવાનું બહાર આવ્યું છે. આરોપીઓએ રોકાણકારોને એવી લાલચ આપી હતી કે તેમના નાણાં ધોલેરા સ્માર્ટ સિટીમાં લેન્ડ ડેવલપમેન્ટ અને પ્લોટિંગ પ્રોજેક્ટ્સમાં રોકવામાં આવી રહ્યા છે. હાલ આ મામલે ઈડી દ્વારા વધુ તપાસ ચાલી રહી છે અને અન્ય સંડોવાયેલી વ્યક્તિઓની ભૂમિકા અંગે પણ તપાસ કરવામાં આવી રહી છે.

અમદાવાદમાં જીગરદાન ગઢવીના ગરબામાં તોડફોડ અને હોબાળો

મોંઘા પાસ છતાં એન્ટ્રી ન મળી, ખેલૈયાઓ ડોમમાં ઘૂસ્યા

અમદાવાદ

સાયન્સ સિટી રોડ પર જીગરદાન ગઢવીના ડોમમાં સરકારની માર્ગદર્શિકા મુજબ અગ્નિશમન વિભાગનું પ્રમાણપત્ર ન હોવાથી પોલીસ કમિશનરની પરવાના શાખામાં અરજી કરાઈ નહોતી. આમ છતાં કડક નિયમપાલનની વાતો વચ્ચે તંત્રએ કુલડીમાં ગોળ ભાંગી શીર્ષાસન કર્યું હોય તેમ પહેલા નોરતે રવિવારે રાત્રે 1 વાગ્યા સુધી ગરબા રમાડાયા હતા. ચાર વખત અને ત્રણ દિવસની તપાસમાં અવરજવરના રસ્તા બંધ, ખુલ્લા જીવતા વીજ વાયરો દબાવાયા નહોતા. અગ્નિશામક સાધનો, આપત્તિજનક નિકાસ અને ડોમના કાપડ-જાજમ પર અગ્નિરોધક છંટકાવ ગઈકાલ રાત સુધી ન થતાં આગની સંભાવનાએ નોટિસ અપાઈ હતી. ધરખમ ફી વસૂલ્યા બાદ પણ સુરક્ષા નહોતી. પરવાનગી વગર રવિવારે કોના ઈશારે પોલીસ બંદોબસ્ત અપાયો, પોલીસે મૂકપ્રેક્ષક બની ગરબા કેમ બંધ ન કરાવ્યા અને ખામીઓ છતાં અગ્નિશમન વિભાગે કેમ ચાલવા દીધા તેવા સવાલો વચ્ચે, મંજૂરી ન હોવાથી મંગળવારે રાત્રે પોલીસે ગરબા બંધ રખાવ્યા હતા.

પરિણીતા પર દુષ્કર્મ આચરી ઢોંગી ભુવો ફરાર

સાસુની માંદગી અને આર્થિક તંગી દૂર કરવાના બહાને પતિને બહાર મોકલી કૃત્ય આચર્યું

અમદાવાદ

અમદાવાદના કુબેરનગરમાં લાંબા સમયની આર્થિક સંકડામણ અને સાસુની સતત બીમારી દૂર કરવાના બહાને વિધિના નામે 27 વર્ષીય પરિણીતા સાથે શારીરિક અડપલાં કરી દુષ્કર્મ આચરી મેલડી માતાનો ભુવો દીપક પરમાર ફરાર થઈ ગયો છે. પરિવારે કુબેરનગરના મહાજનવાસમાં રહેતા ભુવા દીપક પરમારનો સંપર્ક કરતાં ગત 3 ઓક્ટોબરની સાંજે તે ઘરે આવ્યો હતો. ઘરના મંદિર સામે સફેદ કપડું બાંધી, માળા જોઈ અને દાણા ફેંકીને તેણે 'મહિલાને બહારનું વળગણ છે, જેથી ઉપરના રૂમમાં એકલામાં વિધિ કરવી પડશે' તેમ કહ્યું હતું. ઉપરના માળે પલંગ પર બેસાડી માથે લીંબુ ફેરવી પાણી છાંટ્યા બાદ તેણે ગુપ્ત ભાગે અડપલાં કરી ચુંબન કર્યું હતું. ત્યારબાદ નદીએ સ્નાન કરાવવાની વિધિના 25 હજાર રૂપિયા માંગ્યા બાદ 17 હજાર રૂપિયા નક્કી કરી દંપતીને નદી કિનારે સ્નાન કરાવી વિધિ કરી હતી. રાત્રે ફરી ઉપરના રૂમમાં બેસાડી પતિને લીંબુ આપી 'આને ચાર રસ્તા પર મૂકી આવો' કહી બહાર મોકલી દીધો હતો. એકલતાનો લાભ લઈ પલંગ પર સુવડાવી આવું નહીં કરે તો ઘરની સ્થિતિ નહીં સુધરે કહી સંબંધ બાંધવા દબાણ કરી દુષ્કર્મ આચર્યું હતું અને કોઈને કહીશ તો 'મેલી વિદ્યા કરી નાખીશ' તેવી ધમકી આપી હતી. બદનામીના ડરે સામાજિક પંચમાં સમાધાન નિષ્ફળ રહેતાં અંતે સરદારનગર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં અડધું પેમેન્ટ કરીને ઠગાઈ કરતી ટોળકીએ રાતોરાત પેઢી બંધ કરી દીધી, 4 ફરાર

ઠગોએ 1 કરોડનો માલ લઈ 64 લાખ ચૂકવી વિશ્વાસ જીત્યો, ખોટું સરનામું આપ્યું હતું

અમદાવાદ

અમદાવાદના એસજી હાઈવે પર આયરન શીટનો વેપાર કરતા વેપારી પાસેથી ટેન્કર બનાવવાના બહાને માલ ખરીદી 37,83,902ની છેતરપિંડીની ઘટના પોલીસ ચોપડે નોંધાઈ છે. ફરિયાદી દિનેશકુમાર સાંકળચંદ રામી એસજી હાઈવે પર કર્ણાવતી સ્ટીલ ટ્રેડર્સ નામે પેઢી ચલાવે છે. સપ્ટેમ્બર 2020માં હિતેશ પંચાલ અને કમલેશ પંચાલ પેઢી પર આવ્યા અને ટેન્કર બનાવવા આયરન શીટ જોઈએ છે તેમ જણાવી વેપાર શરૂ કર્યો. શરૂઆતમાં તેઓએ મેસર્સશ્રી મણિભદ્ર ફેબ્રીકેશનના નામે જાન્યુઆરી 2021 સુધીમાં 69,66,337 રૂપિયાનો માલ ખરીદ્યો અને ટુકડે ટુકડે 43,80,252 રૂપિયા ચૂકવ્યા. બાકીના 25,86,085 રૂપિયા ટૂંક સમયમાં આપવાનો વિશ્વાસ અપાવ્યો હતો. આરોપીઓએ શરૂઆતમાં નિયમિત ચુકવણી કરી વેપારીનો વિશ્વાસ સંપાદન કર્યો હતો. ત્યારબાદ હિતેશે કંપનીનું નામ બદલી એસકે એન્ટરપ્રાઈઝ કર્યું હોવાનું કહી નવા નામે 24 માર્ચ 2021 સુધીમાં વધુ 32,64,928 રૂપિયાની શીટો ખરીદી 20,67,111 રૂપિયા ચૂકવ્યા. આમ હિતેશ પંચાલ, ઋતુજા પંચાલ, કમલેશ પંચાલ અને સંદિપકુમાર કૈલાશે સપ્ટેમ્બર 2020થી માર્ચ 2021 સુધીમાં કુલ 1,02,31,265 રૂપિયાનો માલ ખરીદ્યો, જેમાંથી 64,47,363 ચૂકવી બાકી 37,83,902 ચૂકવ્યા નહીં. ઉઘરાણી કરતાં આરોપીઓ બહાના બતાવી ફોન બંધ કરી દીધો. ફરિયાદીએ ગાંધીનગર અને નરોડાના આપેલા સરનામે તપાસ કરતાં કોઈ કંપની કે આરોપી મળ્યા નહીં. ખોટા સરનામા આપી પેઢીઓ બંધ કરી રાતોરાત ફરાર થઈ છેતરપિંડી કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

અમદાવાદના નારોલમાં જૂની અદાવતે યુવકનું રિક્ષામાં અપહરણ કરી હુમલો

કારખાનામાંથી ઉઠાવી જઈ કુહાડીના ઘા મારી ફ્રેક્ચર કર્યું

અમદાવાદ

અમદાવાદના ગણેશનગરમાં રહેતા અને નારોલ વિસ્તારમાં પીપળજ રોડ પર મુસ્તુફા શેખના ભંગારના કારખાનામાં મજૂરીકામ કરતા 23 વર્ષીય આમીર સઈદ શેખનું 11 ઓક્ટોબરની બપોરે જૂની બોલાચાલીની અદાવતની દાઝ રાખી ચાર શખ્સોએ અપહરણ કર્યું હતું. કારખાનામાં હાજર આમીરને સજ્જુ ઉર્ફે શહેઝાદ પઠાણ, તેનો ભાઈ ગુલ્લુ, બનેવી સતીષ ઉર્ફે ગડા તથા મુકેશ ધસી આવી જબરજસ્તી સજ્જુની રિક્ષામાં બેસાડ્યો હતો. ચાલુ રિક્ષામાં આમીરે બૂમાબૂમ કરતાં સજ્જુએ માથાના ડાબા ભાગે છરીના બે ઘા અને ગુલ્લુએ શરીર તથા હાથ પર લોખંડના પંચના ઘા માર્યા હતા. ત્યારબાદ આરોપીઓ તેને દેવ હોટલ ચોકડીથી શાસ્ત્રી બ્રિજ તરફ લઈ જઈ, મોં પર રૂમાલ બાંધી ગણેશનગર પાછળ અવાવરૂ જગ્યાએ ઢોરમાર મારી જમણા પગે કુહાડીના ઊંધા ઘા ઝીંકી અસ્થિભંગ કરી નાસી છૂટ્યા હતા. ગંભીર ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે દવાખાને ખસેડાયો હતો. નારોલ પોલીસે 4 હુમલાખોરો સામે અપહરણ અને હુમલા સહિતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

નશાનો ભરડો નશાકારક પદાર્થોના સેવનના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો થયો

ગાંધીના ગુજરાતમાં દરરોજ સરેરાશ 344 યુવાનો નશાની સારવાર લેવા મજબૂર, દર્દીઓ 65 ટકા વધ્યા

ગાંધીનગર

ગુજરાતમાં દારૂ અને ડ્રગ્સ જેવા નશાકારક પદાર્થોના સેવનના કિસ્સાઓમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. સરકારી માનસિક આરોગ્ય હોસ્પિટલના આંકડા મુજબ, 'સબ્સ્ટન્સ રીલેટેડ ડિસઓર્ડર્સ' વર્ષ 2019-20માં 79,098 હતા, જે વધીને 1.25 લાખ સુધી પહોંચી ગયા



છે. આમ, માત્ર 6 વર્ષમાં જ આ કેસોમાં 95 ટકાનો મોટો ઉછાળો આવ્યો છે. નશાની શરૂઆત મોટે ભાગે મિત્રોની સંગત, ઉત્સુકતા, તણાવમાંથી મુક્તિ મેળવવાની ઈચ્છા કે માત્ર એક જ વાર અજમાવવાના વિચારથી થતી હોય છે. પરંતુ ધીમે ધીમે આ આદત એટલી ગંભીર બની જાય છે કે વ્યક્તિ લાખ પ્રયત્નો છતાં તેને છોડી શકતી નથી. નશાની આ અસરો માત્ર શારીરિક સ્વાસ્થ્ય પર જ નહીં, પરંતુ વિચારવાની ક્ષમતા, લાગણીઓ, પારિવારિક સંબંધો અને રોજગાર પર પણ ભારે નુકસાન પહોંચાડે છે. વ્યસનનો અર્થ માત્ર દારૂ કે ડ્રગ્સ પૂરતો મર્યાદિત નથી, પરંતુ તેમાં તમાકુ, ગાંજો, અફીણ અને અન્ય નશાકારક પદાર્થોનો પણ સમાવેશ થાય છે. વ્યક્તિ પદાર્થ સેવન પરનો કાબૂ ગુમાવી દે છે અને જીવનમાં અનેક મુશ્કેલીઓ ઊભી થવા છતાં તેનું સેવન ચાલુ રાખે છે.

HIV સંક્રમિતોના કેસોને અગ્રતા આપવાનો ગુજરાત હાઈકોર્ટે મહત્વપૂર્ણ નિર્ણય

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે HIV/AIDS સંક્રમિતોને ન્યાયમાં અગ્રતા આપવાનો નિર્ણય લીધો છે. ન્યાયમૂર્તિના આદેશથી સુનાવણી અને નિકાલને અગ્રતા અપાશે. રજિસ્ટ્રાર જનરલે 8 ઓક્ટોબર, 2026ના પરિપત્ર જાહેર કર્યો છે. સુપ્રીમના 26 સપ્ટેમ્બર, 2023ના સિવિલ અપીલ આશિષ કુમાર ચૌહાણ વિરુદ્ધ કમાન્ડિંગ ઓફિસર અને અન્યના ચુકાદા અને HIV/AIDSની કલમ ધ્યાને લેવાઈ છે. પુરુષોએ એડિશનલ રજિસ્ટ્રાર હર્ષદકુમાર એમ. પટેલનો અને મહિલાઓએ એડિશનલ રજિસ્ટ્રાર સુજિત્રા રાજનનો સંપર્ક કરવાનો રહેશે. HIV પોઝિટિવ રિપોર્ટ, ઓળખપુરાવો અને દસ્તાવેજો સાથે લાવવાના રહેશે. પરિપત્ર વેબસાઈટ પર મુકાયો છે.

જામનગરમાં દારૂના નશામાં થઈ ધમાલ

માતાએ દારૂડિયા પુત્ર સામે અને પુત્રએ પિતા સામે પોલીસ બોલાવી

7 શખ્સો સામે જુદા જુદા પોલીસ મથકોમાં ગુના દાખલ

જામનગર

જામનગર શહેર અને જિલ્લામાં દારૂના નશામાં જાહેરમાં લથડિયાં ખાતા તેમજ તોફાન કરતા શખ્સો સામે પોલીસે પ્રોહિબિશન હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. શહેરના વિવિધ વિસ્તારો ઉપરાંત કલાવડ તાલુકામાં નશાની હાલતમાં મળી આવેલા કુલ સાત શખ્સો સામે જુદા જુદા પોલીસ મથકોમાં ગુના નોંધાયા છે. આ બનાવોમાં બે કિસ્સા એવા પણ સામે આવ્યા છે, જેમાં દારૂના નશામાં તોફાન કરતા પુત્ર સામે માતાએ અને પિતા સામે પુત્રએ જ પોલીસની મદદ માગવી પડી હતી.

જામનગરના પાણાખાણ વિસ્તારમાં શેરી નં.2માં રહેતા જયદીપ રમેશભાઈ અપારનાથી (ઉ.વ. 28) દારૂના નશામાં ઘરે તોફાન કરતા હોવાની જાણ તેમની માતા વર્ષાબેન રમેશભાઈ ગોસાઈએ 112 ઈમરજન્સી હેલ્પલાઈન પર કરી હતી. પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને યુવકને સીટી 'સી' ડિવિઝન પોલીસ મથકે લઈ ગઈ હતી. જ્યાં તેની સામે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

બીજા બનાવમાં જામનગરના 45 દિ. પ્લોટ વિસ્તારમાં ગણેશવાસમાં રહેતા મગનભાઈ ભીમજીભાઈ (ઉ.વ.60) દારૂના નશામાં ઘરે આવી પત્ની અને પુત્ર સાથે પૈસાની બાબતે ગાળાગાળી કરી ઝઘડો કરતા હોવાની ફરિયાદ તેમના પુત્ર વિક્રમભાઈએ 112 પોલીસને કરી હતી. આથી પોલીસે સ્થળ પર પહોંચી મગનભાઈને પોલીસ મથકે લઈ જઈ તેમની સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધ્યો હતો. દરમિયાન જામનગરના લીમડા લાઈન વિસ્તારમાં રાજપૂતપરા શેરી નં.1 પાસે મોડી રાત્રે નશાની હાલતમાં તોફાન કરતા રાજેન્દ્રસિંહ હેમતસિંહ જાડેજા (ઉ.વ.33)ને સીટી 'બી' ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા હતા.

બગસરામાં વનકર્મી પર સિંહનો હુમલો, ધારીમાં દીપડાની દહેશત

અમરેલી

અમરેલી સહિતના વિસ્તારોમાં ગ્રામ્ય પંથકમાં સિંહ-દીપડાના આંટાફેરા અને સ્થાનિકો પર હુમલાની ઘટનાઓ સામે આવતી હોય છે. અમરેલીના બગસરાના સમઢિયાળા ગામે વનવિભાગના કર્મી પર સિંહે હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્ત વનકર્મીને અમરેલી સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયા હતા. ધારી ગીર પંથકમાં સિંહોના સામ્રાજ્ય વચ્ચે દીપડાની લટારનો વીડિયો વાઈરલ થયો છે.

બગસરાના સમઢિયાળા ગામે ખેતી કરવા જતાં ખેડૂતને બે સિંહ ખેતરમાં બેઠા નજરે પડ્યા હતા. ખેડૂતે સિંહને દૂર ખસેડવા વનકર્મીને જાણ કરી હતી. ઘટનાને પગલે વનવિભાગના કર્મી સ્થળ પર પહોંચીને સિંહને ખેતર માંથી દૂર કરવા જતાં અચાનક સિંહે તેમની પર હુમલો કરી દીધો હતો. સિંહના હુમલામાં વનકર્મી મહેશ માટીયાને પીઠ અને કમરના ભાગે ઈજાઓ પહોંચતા સારવાર અર્થે અમરેલીની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ભરૂચની જામા મસ્જિદ કે જૈન સમરી વિહાર?

700 વર્ષમાં પહેલીવાર પાછળનો દરવાજો બંધ, 25 કેમેરા ગોઠવ્યા

ભરૂચ

ભરૂચ જિલ્લાની રાષ્ટ્રીય ધરોહર અને પુરાતત્ત્વ વિભાગની દેખરેખ હેઠળની જામા મસ્જિદ સકુનિકા અને જૈન સમરી વિહાર હોવાના દાવા સાથેનો વિવાદ હવે ગુજરાત હાઈકોર્ટમાં પહોંચ્યો છે. ત્યારે મંગળવારે (12મી ઓક્ટોબર) આ અરજી પર વધુ સુનાવણી હાથ ધરાશે, જ્યારે બીજી તરફ આ વિવાદે ગંભીર સ્વરૂપ ધારણ કરતા મસ્જિદની અંદર અને બહાર ૨૫ સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા છે.

સૂત્રોના જણાવ્યાનુસાર,હાઈકોર્ટમાં આજે જે સુનાવણી થશે તેમાં મસ્જિદના પિલરોમાં રહેલી દેવી-દેવતાઓ ની કોતરણી અને 700 વર્ષ જૂના ઈતિહાસ ધરાવતા જૈન તીર્થંકર ભગવાન મલ્લિનાથ તથા સનાતન ધર્મના વિઘ્નહર્તા ગણેશજીની પ્રતિમાની સુરક્ષાને લઈને વિશેષ દલીલો કરવામાં આવશે. આ સમગ્ર મામલો હવે સંવેદનશીલ બન્યો હોઈ 700 વર્ષના ઈતિહાસમાં પહેલી વખત પાછળનો મુખ્ય પ્રવેશદ્વાર કાયમ માટે બંધ કરી દેવામાં આવ્યો છે. આ ઉપરાંત પુરાતત્ત્વ વિભાગની પ્રોપર્ટીમાં થતી દફનવિધિ બંધ કરાવીને એક અધિકારીને સતત ફરજ પર રાખવામાં આવ્યા છે.

ઉલ્લેખનીય છે કે, છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા આ વિવાદ અને વિવિધ ધાર્મિક કાર્યક્રમ બાદ મસ્જિદમાં શુક્રવારની નમાઝ અદા કરતા મુસ્લિમ બિરાદરોની સંખ્યા તેમજ જૈન બંધુઓ અને શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિમાં સતત વધારો થઈ રહ્યો છે. મસ્જિદ ટ્રસ્ટને પણ પક્ષકાર બનાવાયું છે.

મંગળવારે હાઈકોર્ટમાં થનારી સુનાવણીમાં ટ્રસ્ટના વકીલ પણ રજૂઆત કરે તેવી સંભાવના છે. આ સમગ્ર સંવેદનશીલ પ્રકરણમાં પુરાતત્વ વિભાગની મિલકતનું પરિણામ શું આવશે તે અંગે તમામ ધર્મના લોકોની નજર હવે હાઈકોર્ટમાં થનારી સુનાવણી પર અને તેના ત્યાર બાદ શું ઓર્ડર થાય છે તેના પર મંડાયેલી છે.

Imperial
PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West): 519, Ray lawson boulevard , Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours Phone 647-657-9631 ------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM : SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough: 880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex, Phone 647-657-9631 905-673-9631 ------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM FRIDAY WEEKLY OFF : SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab: 2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER --------: MON - FRI :-------- 10 AM TO 7 PM --------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird: 2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૬૬૧-૧૩૧૭ www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road,
Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By: Sabir Daroga, Mevada Piyush, Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT (INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

રાજકોટમાં રાજપૂતાણીઓનો તલવારથી અને જામનગરમાં સળગતા સ્વસ્તિક વચ્ચે યુવકોનો રાસ



રાજકોટઃ રાજકોટમાં 200થી વધુ રાજપૂત મહિલાઓ રંગબેરંગી પરંપરાગત પરિધાનમાં સજ્જ થઈને 'તલવાર રાસ'માં ભાગ લઈને પોતાની વીરતા અને તલવારબાજીના અદભુત કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. રંગબેરંગી પોશાકમાં સજ્જ મહિલાઓએ હાથમાં ખુલ્લી તલવારો સાથે આ લોકનૃત્ય રજૂ કર્યું હતું.



જામનગર : કડિયાવાડ વિસ્તારમાં આવેલી રાંદલ અંબિકા ગરબી મંડળની 52 વર્ષ જૂની પરંપરા અને અનોખા રાસે નગરજનોમાં આકર્ષણ જમાવ્યું છે. આ ગરબી મંડળના 17 યુવકો સળગતા સ્વસ્તિક આકારના સાથિયા વચ્ચે આશરે 45 મિનિટ સુધી રાસની રમઝટ બોલાવી દર્શકોને મંત્રમુગ્ધ કરી રહ્યા છે.

રાજકોટમાં ગોળીબાર કરીને 3 કિલો સોનું-ચાંદીની લૂંટમાં કર્મચારીનું મોત

રાજકોટ

નવરાત્રિના પર્વ ટાણે જ રાજકોટના આજી વસાહત વિસ્તારમાં હત્યા સાથે લોહિયાળ લૂંટની મોટી અને સનસનાટીભરી ઘટના સામે આવી છે. અહીં આવેલી તનવી ગોલ્ડ નામની ઝવેરી પેઢીના કર્મચારી લાલભાઈ સરધારા અંદાજે 1 કિલો સોનું અને 2 કિલો ચાંદી મળી કુલ 3 કિલો સોના-ચાંદીના દાગીના ભરેલો થેલો લઈને પોતાના એક્ટિવા વાહન પર જઈ રહ્યા હતા. આ સમયે મોટરમાં સવાર થઈને આવેલા ત્રણથી ચાર શખ્સોએ તેમનો રસ્તો આંતરીને દાગીનાનો થેલો આંચકી લેવાનો પ્રયાસ કર્યો હતો. લાલભાઈ સરધારાએ હિંમતપૂર્વક લૂંટારુઓનો પ્રતિકાર કરતાં આરોપીઓએ નિર્દયતાથી ગોળીબાર કર્યો હતો અને દાગીનાનો થેલો ઝૂંટવીને ફરાર થઈ ગયા હતા. છાતીના ભાગે ગોળી વાગવાથી ગંભીર રીતે ઘવાયેલા કર્મચારીને તાત્કાલિક ખાનગી દવાખાનામાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું દુઃખદ મૃત્યુ થયું છે. બનાવની જાણ થતાં જ પોલીસ કમિશનર સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને નાસી છૂટેલા હત્યારા લૂંટારુઓને ઝડપી પાડવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

લાલપુર હત્યા કેસમાં વળાંક સંભવ : સગીરા સાથેના સંબંધોની દિશામાં પોલીસ તપાસ શરૂ

ઘરમાંથી રોકડ રકમ અને ચાંદીની ચીજવસ્તુઓ ગુમ થયાની આશંકા વ્યક્ત કરાઈ

જામનગર

લાલપુરમાં પીજીવીસીએલના નિવૃત્ત કર્મચારી મનસુખભાઈ રામજીભાઈ વાછાણી ઉંમર 66ની ઘરમાં હત્યાના બનાવમાં તપાસ દરમિયાન નવા પાસાઓ સામે આવ્યા છે. મૃતકના ઘરે કામે આવતી સગીરા અને અક્ષય નામના યુવાન સંદર્ભે પોલીસ તપાસ કરી રહી છે.

સગીરા ત્રણથી ચાર મહિનાથી કામના બહાને ઘરે આવતી હતી. તેની સાથે મૃતકના કથિત સંબંધો, બનાવ સમયે તેની હાજરી અને હત્યામાં સંડોવણી છે કે કેમ તે તપાસાઈ રહ્યું છે. સત્તાવાર પુષ્ટિ તપાસ બાદ જ થશે. હત્યા પાછળ પૈસાની લેતીદેતી, અંગત અદાવત કે અન્ય કારણ જવાબદાર છે કે કેમ તે તપાસ ચાલી રહી છે. ઘરમાં તકરાર બાદ ઉશ્કેરાટમાં હુમલો થયો હોવાની શક્યતા ચકાસાઈ રહી છે. મૃતકના માથે ઈજાના પાંચ નિશાન મળ્યા હતા. હથિયાર અને હુમલાની સ્થિતિ તપાસ બાદ સ્પષ્ટ થશે. ઘરમાં ચીજવસ્તુઓ વેરવિખેર મળી હતી. રોકડ અને ચાંદીની વસ્તુઓ ગુમ થઈ છે કે કેમ અને તેનો હત્યા સાથે સંબંધ છે કે કેમ તે તપાસાઈ રહ્યું છે. લૂંટના ઈરાદે હત્યાની શક્યતા સહિત તમામ પાસાઓ ચકાસાઈ રહ્યા છે. બનાવ બાદ સગીરા અને અક્ષય મળ્યા ન હોવાથી પોલીસ શોધખોળ કરી રહી છે. બંને મળ્યા બાદ પૂછપરછ અને પુરાવાથી સંજોગો સ્પષ્ટ થશે. સગીરાની સલામતી, ઉંમર અને કાયદાકીય જોગવાઈ ધ્યાને લઈ પૂછપરછ અને તબીબી તપાસ કાયદેસર પ્રક્રિયા મુજબ થશે.

જામનગરના લાલપુરમાં PGVCLના નિવૃત્ત કર્મચારીની ઘરમાં જ ઘૂસી ઘાતકી હત્યા કરાઈ

માથામાં ઈજાના નિશાન અને સામાન વેરવિખેર મળતાં લૂંટના ઈરાદે હત્યાની શંકા

જામનગર

જામનગર જિલ્લાના લાલપુરમાં પીજીવીસીએલના 66 વર્ષીય નિવૃત્ત કર્મચારી મનસુખ વાછાણીનો ગઈકાલે રાત્રે તેમના જ ઘરમાંથી ઘાતકી રીતે રહેંસી નખાયેલો મૃતદેહ મળી આવતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો મુજબ, મનસુખ વાછાણીનો પુત્ર અમદાવાદમાં કારખાનું ચલાવતો હોવાથી તેમજ પરિવારના બે નાના બાળકોની સંભાળ રાખવાની જવાબદારીને લીધે તેમના પત્ની પણ પુત્ર સાથે અમદાવાદમાં રહેતા હતા, જેથી નિવૃત્તિ બાદ મનસુખ લાલપુરના મકાનમાં એકલા જ રહેતા હતા. ગઈકાલે રાત્રે તેમના ઘરમાં કોઈ હલચલ ન જણાતાં, દરવાજે બહારથી તાળું ન હોવાથી અને વીજળીના દીવા પણ ચાલુ ન થતાં પાડોશીઓને શંકા ગઈ હતી. રહીશોએ લાલપુરમાં જ રહેતા મૃતકના નાના ભાઈ મહેન્દ્ર વાછાણીને વાકેફ કરતાં તેમણે ઘરે પહોંચી દરવાજો ખોલી તપાસ કરી હતી, જેમાં મનસુખ મૃત હાલતમાં મળી આવ્યા હતા. બનાવની ગંભીરતા પારખીને તાત્કાલિક જાણ કરાતાં લાલપુર પોલીસનો કાફલો તેમજ એએસપી અને સ્થાનિક ગુનાશોધક શાખાની ટુકડીઓ ઘટનાસ્થળે દોડી ગઈ હતી અને મૃતદેહનો કબજો સંભાળ્યો હતો. મૃતકના માથાના ભાગે ઈજાના 5 નિશાન જોવા મળતાં પ્રાથમિક દ્રષ્ટિએ હત્યા થઈ હોવાનું જણાયું છે. વળી, ઘરની અંદર ચીજવસ્તુઓ વેરવિખેર હાલતમાં પડી હોવાથી રોકડ રકમ કે અન્ય માલમત્તાની લૂંટના ઈરાદે આ

દિવમાં 4 વર્ષ અને 7 વર્ષના સગા ભાઇ-બહેનના રહસ્યમય રીતે મોત

મોતનું ચોક્કસ કારણ જાણવા પોલીસ તપાસ શરૂ કરી

દીવ

કેન્દ્રશાસિત પ્રદેશ દીવના સાઉદવાડી-નાગવાડી વિસ્તારમાં ભાવ્યેશ સોલંકીના 4 વર્ષીય પુત્ર અયાંશ તેમજ 7 વર્ષીય પુત્રી કાનિશાનાં અચાનક રહસ્યમય સંજોગોમાં મોત થતાં સમગ્ર પંથકમાં ભારે અરેરાટી સાથે ગમગીની છવાઈ ગઈ છે. આ કરુણ ઘટનાથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે. બંને માસૂમ બાળકોનાં મોતનું ચોક્કસ કારણ જાણવા માટે સ્થાનિક પોલીસે ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. પરિવારજનોના જણાવ્યા અનુસાર, બંને માસૂમ બાળકોની તબિયત એકાએક નાદુરસ્ત બની ગઈ હતી. તેથી પરિવારજનો તાત્કાલિક બંને બાળકોને વણાકબારા ખાતે આવેલા ડૉક્ટર પરેશ પાસે સારવાર માટે લઈ ગયા હતા. ત્યાંથી બંને બાળકોને વધુ સારવાર અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, સ્થિતિ વધુ નાજુક બનતાં બંને બાળકોને તાબડતોબ ઉના હોસ્પિટલ લઈ જવાયાં હતાં. પરંતુ ઉના ખાતે ફરજ પરના તબીબોએ તપાસ કરીને બંને બાળકોને મૃત જાહેર કર્યા હતા, જેનાથી પરિવારમાં આક્રંદ છવાઈ ગયો.

મોહમ્મદી મસ્જિદ ડિમોલિશન કેસમાં હાઈકોર્ટ લાલઘૂમ : કચ્છ કલેક્ટર પાસે સોગંદનામું માંગ્યું

અદાલતના આદેશની ગંભીર નોંધ, હવે આગામી સુનાવણી 22 ઓક્ટોબરે

ભુજ

ભુજમાં મોહમ્મદી મસ્જિદના તોડકામ પ્રકરણમાં સિદ્ધિક તેજમલ સમાએ ધારાશાસ્ત્રી રિઝવાન શેખ મારફતે ગુજરાત વડી અદાલતમાં અરજી કરી હતી. અરજદારે દલીલ કરી હતી કે ભુજ ગ્રામ્ય મામલતદારે 18 જૂન, 2026ના રોજ ગુજરાત જમીન મહેસૂલ સંહિતાની કલમ 61 હેઠળ પાઠવેલી કારણદર્શક નોટિસ 19 જૂને બજવાઈ હતી. બે દિવસની ટૂંકી મુદતમાં 20 જૂને દસ્તાવેજી પુરાવા સાથે સત્તાવાર ખુલાસો રજૂ કરાયો હતો. સરકારી દસ્તાવેજોમાં સમયક્રમનો વિરોધાભાસ અને ગેરરીતિ સામે આવી હતી, જેમાં ખુલાસા પૂર્વે જ મહેસૂલી તંત્રે 19 જૂને તોડકામનો હુકમ કરી દીધો હતો અને 21 જૂન, 2026ની વહેલી પરોઢે વહીવટી તંત્રે પોલીસ કાફલા સાથે બાંધકામ જમીનદોસ્ત કરી દીધું હતું. દાદ માંગવાની તક કે વાજબી સમય આપ્યા વિના ઉતાવળે થયેલી કાર્યવાહી કુદરતી ન્યાયના સિદ્ધાંતો અને સર્વોચ્ચ અદાલતની માર્ગદર્શિકાનું ઉલ્લંઘન હોવાની રજૂઆત તથા સરકારી દફતરે ગંભીર ત્રુટિઓની નોંધ લઈ ન્યાયમૂર્તિ નિરલ આર. મહેતાએ કચ્છ જિલ્લા સમાહર્તાને 19 ઓક્ટોબર, 2026 સુધીમાં વિગતવાર સોગંદનામું રજૂ કરવા આદેશ કર્યો હતો. વધુ સુનાવણી 22 ઓક્ટોબરે હાથ ધરાશે.

ભાડથરમાં ભાજપના સૂપડા સાફ, આપના વીરુ કંડોરીયાનો 3651 મતે ભવ્ય વિજય

ડૉ. કંડોરીયાના અવસાન બાદ ખાલી બેઠક પર ત્રિપાંખિયો જંગ હતો

ખંભાળિયા

ખંભાળિયા તાલુકાની ભાડથર જિલ્લા પંચાયત બેઠકની પેટાચૂંટણીમાં મોટો રાજકીય ઉલટફેર થયો છે. 3-ભાડથર બેઠકના સદસ્ય ડૉ. પી.વી. કંડોરીયાના અવસાન બાદ બેઠક ખાલી પડી હતી, જેના માટે રવિવારે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયું હતું. ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે ત્રિપાંખિયો અને પ્રતિષ્ઠાનો જંગ હોવાથી પ્રચાર દરમિયાન ભાજપ અને આપના મોટા નેતાઓના ધાડા ભાડથરમાં ઉતરી પડ્યા હતા. જિલ્લા પંચાયત ભવન ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ચેમ્બરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતગણતરી હાથ ધરાઈ હતી. મતગણતરીના પહેલા રાઉન્ડથી જ આપના ઉમેદવાર વીરુ કંડોરીયા સતત આગળ રહ્યા હતા. અંતે વીરુ કંડોરીયા (આપ)એ 7,146 મત મેળવી હરીફ ભાજપના માલતીબહેન પરબત કંડોરીયાને 3,495 મતથી પરાજિત કર્યા હતા. કોંગ્રેસના આલા પિંડારિયાને 521 મત અને નોટાને 99 મત મળ્યા હતા. મહત્વની વાત એ છે કે ભાજપને કુલ જેટલા મત મળ્યા તેનાથી વધુ 3651 મતની લીડ આપના ઉમેદવારે મેળવી હતી. ભાડથરમાં સત્તાપલટો થતાં સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે.



શાહરુખની કિંગના આખરી તબક્કાનું શૂટિંગ મુંબઈમાં

મુંબઇ : શાહરુખની 'કિંગ' ફિલ્મનું છેલ્લા તબક્કાનું શૂટિંગ હાલ મુંબઈના અંધેરી અને ગોરેગાંવ વિસ્તારોમાં ચાલી રહ્યું છે. ફિલ્મમાં કરીના કપૂર સાથે શાહરૂખ ખાનનું ગીત ડેડી કૂલ પણ દક્ષિણ આફ્રિકામાં પાંચ દિવસમાં ફિલ્માવવામાં આવશે. ૨૪ ડિસેમ્બરે ફિલ્મને રિલિઝ કરવાની હોઇ હાલ મુંબઇમાં ચાલી રહેલાં શૂટિંગને પંદર ઓક્ટોબર પહેલાં પુરૂ કરી ડેડી કૂલ ગીતને શૂટ કરવામાં આવશે. ત્રણ વર્ષના ગાળા બાદ શાહરૂખ ખાનની ફિલ્મ 'કિંગ' મોટા પડદે રિલિઝ થઇ રહી છે.

સ્વદેશ

09

FRIDAY, 16 OCTOBER 2026

કૃતિ સેનનનું લાખેણું શમણું

'જ્યારે દીકરીઓ રાતે પણ નિર્ભય બનીને એકલી ઘરે પહોંચી શકશે, બગીચાઓમાં સાંજ પછી પણ એકલી ટહેલી શકશે, પોતાની મરજી મુજબનાં વો પહેરી શકશે, જાહેર જગ્યાઓએ છેડતીની ચિંતા વિના આવ-જા કરી શકશે અને સહેજ પણ ડર વગર ગમે ત્યારે ઘરની બહાર નીકળી શકશે ત્યારે જ 'ડોટર્સ ડે'ની ઉજવણી સાચા અર્થમાં સાર્થક ગણાશે.'

એકવીસમી સદીનો પા ભાગ વીતી ગયો છે અને હજુય બાળકીઓથી લઈને પ્રૌઢાઓ અને વૃદ્ધાઓ પર થતા જાતીય અત્યાચારોના સમાચારો અવારનવાર સાંભળવા મળે છે. પા પા પગલી કરતી ટેકનોલોજી આજે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સુધી પહોંચી ગઈ છે અને દુનિયાભરમાં મહિલા દિવસ તેમજ દીકરી દિવસની ધામધૂમથી ઉજવણી થાય છે, પરંતુ સવાલ એ છે કે શું તેનાથી જમીની વાસ્તવિકતામાં કોઈ સકારાત્મક બદલાવ આવ્યો છે ખરો? તાજેતરમાં જ વિશ્વભરમાં 'ડોટર્સ ડે' મનાવાયો, પરંતુ આજના સમયમાં દીકરીઓ કેટલી સલામત છે? આ સંદર્ભમાં અભિનેત્રી કૃતિ સેનન કન્યાઓ માટે સાચા અર્થમાં સલામત સ્વર્ગ સમી દુનિયા કોને કહેવાય તેની વાત માંડે છે. અદાકારા કહે છે કે, 'એક સમય એવો હતો જ્યારે છોકરીઓ ઘરની બહાર નીકળ્યા પછી નિર્ધારિત સ્થળે પહોંચી જાય ત્યારે પરિવારજનોને તુરંત મેસેજ કરીને જણાવતી કે તેઓ હેમખેમ પહોંચી ગઈ છે, ત્યારે જ ઘરના સભ્યોને હાશકારો થતો. આનો સીધો અર્થ એ થયો કે દીકરીઓ માટે ઘરની બહાર નીકળવું જરાય સલામત નહોતું. સાંજ ઢળ્યા પછી તેઓ રસ્તા પર ચાલતી હોય ત્યારે આજુબાજુ સતત ત્રાંસી નજરે જોતી રહેતી અને કોઈ પીછો તો નથી કરી રહ્યું ને તેની ખાતરી કરવા વારંવાર પાછળ વળીને જોવું પડતું. જો સહેજ પણ શંકા પડે તો ઘરે મેસેજ મોકલતી કે કોઈ અજાણ્યો શખ્સ તેમની પાછળ પડી ગયો છે. રાત્રે એકલા પ્રવાસ કરતી વખતે જીવ તાળવે ચોંટી જતો અને એવામાં જો મોબાઈલની બેટરી ઉતરી જાય તો ગભરાટના કારણે પગેથી પરસેવાના રેલા છૂટી જતા.'

જોકે હવે સમય થોડો બદલાયો છે. યુવતીઓ પોતાની સલામતી માટે સજાગ બનીને જાતે જ પગલાં ભરવા લાગી છે. તેઓ સ્માર્ટફોન દ્વારા પરિવાર સાથે પોતાનું લાઈવ લોકેશન શેર કરતી થઈ ગઈ છે અને પર્સમાં પેપર સ્પ્રે રાખવાનું ચલણ તો હવે સાવ સામાન્ય બની ગયું છે. આ ઉપરાંત કેબ બુક કર્યા પછી જો સહેજ પણ અસલામતીની ગંધ આવે, તો તેઓ હેલ્પલાઈન નંબર પર સંપર્ક કરે છે અથવા કોઈ સ્વજનને ફોન જોડીને જાણીજોઈને મોટેથી જણાવે છે કે પોતે ફલાણા નંબરની ટેક્સીમાં બેઠી છે, હાલનું લાઈવ લોકેશન શેર કર્યું છે અને આટલી મિનિટમાં ઘરે પહોંચી જશે. મુસાફર યુવતીની આ વાતો સાંભળીને કેબ ડ્રાઇવર પોતાની મેલી દાનતને મનમાં જ દબાવી દઈને તેને સલામત રીતે મુકામ પર પહોંચાડી દે છે. કૃતિ સ્પષ્ટ શબ્દોમાં કહે છે કે, 'મારા મતે આવી બધી સાવચેતી રાખવાની જરૂર પણ ત્યારે જ પડે છે જ્યારે વાતાવરણ કન્યાઓ માટે અસુરક્ષિત હોય. હું માનું છું કે જ્યારે દીકરીઓ રાત્રિના સમયે પણ નિર્ભય બનીને એકલી ઘરે પહોંચી શકશે, બગીચાઓમાં સાંજ પછી પણ એકલી કે પોતાની સખીઓ સાથે મુક્તપણે ટહેલી શકશે, પોતાની મરજી મુજબનાં વો કોઈપણ ક્ષોભ વિના પહેરી શકશે, જાહેર પરિવહનમાં છેડતીની ચિંતા વિના પ્રવાસ કરી શકશે અને કોઈ જાતીય હુમલો કરશે એવી લેશમાત્ર ભીતિ વિના ગમે ત્યારે ઘરની બહાર નીકળી શકશે ત્યારે જ 'ડોટર્સ ડે'ની ઉજવણી સાચા અર્થમાં સાર્થક ગણાશે. આ 'ડોટર્સ ડે' નિમિત્તે મેં આ જ સ્વપ્ન જોયું છે અને મારી તીવ્ર ઈચ્છા છે કે તે વહેલી તકે સાકાર થાય.'



આમિર ખાનના ભાણેજ ઈમરાન ખાનને ભારત છોડવા નોટિસ


બોલિવૂડના સુપરસ્ટાર આમિર ખાનના ભાણેજ અને જાણીતા અભિનેતા ઈમરાન ખાન (Imran Khan) સામે મુંબઈ પોલીસે કડક કાનૂની કાર્યવાહી કરી છે. મુખ્ય ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે યોજાયેલા રાજકીય વિરોધ પ્રદર્શનમાં ભાગ લેવા બદલ મુંબઈ પોલીસે ઈમરાન ખાનને 28 ઓક્ટોબર 2026 સુધીમાં ભારત છોડી દેવાની સત્તાવાર નોટિસ પાઠવી દીધી છે. વિદેશી નાગરિક હોવા છતાં દેશના આંતરિક રાજકીય આંદોલનમાં ભાગ લેવા બદલ આ મોટું એક્શન લેવામાં આવ્યું છે. પૂર્વ ભાજપ સાંસદ કિરિટ સોમૈયાએ મુંબઈ પોલીસના જોઈન્ટ પોલીસ કમિશનર મનોજ કુમાર શર્માને પત્ર લખીને આ અંગે ગંભીર વિરોધ નોંધાવ્યો હતો. સોમૈયાએ આરોપ લગાવ્યો હતો કે એક વિદેશી નાગરિક હોવા છતાં ઈમરાન ખાને કઈ પરવાનગીથી રાજકીય પ્રદર્શનમાં ભાગ લીધો?



15 વર્ષ બાદ એકતા કપૂરે ડર્ટી પિક્ચર ટુની ઘોષણા કરી


મુંબઈ : એક્તા કપૂરે ૧૫ વર્ષ બાદ 'ડર્ટી પિક્ચર ટુ બનાવવામાં આવી રહી હોવાની ઘોષણા કરી છે. આ ફિલ્મ પણ એક ફિલ્મી હસ્તીની જીવનકથા હશે. ૨૦૧૧માં આવેલી 'ડર્ટી પિક્ચર' સિલ્ક સ્મિતાની બાયોપિક હતી જેમાં વિદ્યાબાલને મુખ્ય ભૂમિકા ભજવી હતી. એક્તાએ એક પોડકાસ્ટમાં જણાવ્યું હતું કે 'ડર્ટી પિક્ચર' સિલ્ક સ્મિતા વિશે હતી. જેને પોતાની સેક્સ્યુઆલિટી દર્શાવવા બદલ નિંદાનો ભોગ બનવું પડયુ હતું. હવે સેક્સ્યુઆલિટી એ તમારી પસંદગીની બાબત છે. હું તેને વિક્ટીમ તરીકે નહીં પણ પોતાની સેકસ્યુઆલિટીની ઉજવણી કરનારી વ્યક્તિ તરીકે જોઉ છું. ફિલ્મ સારી ચાલી હતી. ૪૫૦થી વધારી ફિલ્મ કરનારી સિલ્ક સ્મિતાએ ૩૫ વર્ષની વયે ચેન્નાઈમાં પોતાના ઘરમાં આત્મહત્યા કરી હતી. વિદ્યા બાલનને આ ફિલ્મની ભૂમિકા માટે ઉત્તમ અભિનેત્રીનો નેશનલ એવોર્ડ મળ્યો હતો.

ટેલર સ્વિફ્ટે પાછો ઇતિહાસ રચ્યો...



હોલિવુડ અને વૈશ્વિક સંગીત જગતમાં ટેલર સ્વિફ્ટનું નામ ફરી એકવાર ગૂંજી રહ્યું છે. ૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ યોજાયેલા એમટીવી વિડીયો મ્યુઝિક એવોર્ડ્સમાં સ્વિફ્ટે બિયોન્સેના ૩૦ એવોર્ડ્સના રેકોર્ડને પાછળ છોડીને કુલ ૩૩ એવોર્ડ્સ સાથે નવો ઇતિહાસ રચ્યો છે. સ્વિફ્ટે 'ધી ફેટ ઓફ ઓફેલિયા' માટે મળેલો એવોર્ડ સદગત ડોલી પાર્ટનને અર્પણ કર્યો હતો. આ વર્ષે સ્વિફ્ટને 'ધી ફેટ ઓફ ઓફેલિયા' માટે 'વિડીયો ઓફ ધી યર' અને 'ઓપેલાઈટ' માટે શ્રે દિગ્દર્શનનો એવોર્ડ મળ્યો. આ ઉપરાંત, વિઝ્યુઅલ સ્ટોરીટેલિંગમાં તેના પ્રદાન બદલ તેને પ્રથમ વખત આપવામાં આવેલા 'આટસ્ટ ડિરેક્ટર ઓનર્સ'થી નવાજવામાં આવી. અગાઉ પણ તેણે 'ધી મેન', 'કાડગન', 'વિલો', 'ઓલ ટૂ વેલ: ધી શોર્ટ ફિલ્મ', 'એન્ટી-હીરો', 'બેજવેલ્ડ' અને 'ફોર્ટનાઈટ' જેવા વિડીયોઝનું સફળતાપૂર્વક દિગ્દર્શન કર્યું છે. સ્વિફ્ટના તાજેતરના આલ્બમ 'ધી લાઈફ ઓફ એ શોગર્લ'ના તમામ બાર ગીતોએ બિલબોર્ડ હોટ ૧૦૦ના પ્રથમ બાર સ્થાનો મેળવ્યા હતા.





હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા કલેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ
સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર,
હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક
માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news

ભારતીયો સામે ટ્રમ્પ તંત્રનુ કિન્નાખોરીભર્યું વલણ ફરી ઉજાગર

વિઝા અંકુશ : અમેરિકનોને નોકરી કે ચૂંટણી જીતવા ઉધામા



ટ્રમ્પ અને તેમના તંત્રએ ફરીવાર ભારતીયો સામેના કિન્નાખોરીભર્યા વલણને છતું કર્યું છે. એચ-૧બી વિઝા ફ્રોડનું બહાનું આપીને ટ્રમ્પ તંત્રએ આઠ અગ્રણી સોફ્ટવેર કંપનીઓને અમેરિકન ગ્રીન કાર્ડ પ્રોગ્રામમાંથી બહાર કરી છે. આ કંપનીઓમાં ટીસીએસ, ઈન્ફોસિસ, વિપ્રો, એચસીએલ ઈન્ફોસિસ્ટમ્સ, કોગ્નિઝન્ટ, કેપજેમિની અને માઈક્રોસોફ્ટ, એડોબનો સમાવેશ થાય છે. હવે, આ કંપનીઓ ઉપર ટ્રમ્પ તંત્રએ વિઝા ફ્રોડનો આરોપ મૂક્યો છે. બેરોજગારી માઝા મૂકી રહી છે ત્યારે પોતાને અમેરિકનોને રોજગારીની કેટલી ચિંતા છે તે બતાવવા માટે ટ્રમ્પે આ પગલું લીધુ હોવાનું મનાય છે.

ગત અઠવાડિયે ટ્રમ્પ તંત્રએ વિઝા નિયમોનો ભંગ કરનારી કંપનીઓને અઢી લાખ ડોલર સુધીનો દંડ ફટકારવાની જાહેરાત કરી હતી. હવે, આ આઠેય કંપનીઓને વિઝા ફ્રોડના આરોપમાં એચ-વનબી કાર્યક્રમમાંથી જ હાંકી કાઢી છે. જાણકારોના મતે, ટ્રમ્પ વહીવટીતંત્રનું કહેવું છે કે, આ પગલાનો હેતુ અમેરિકન કર્મચારીઓની નોકરીઓનું રક્ષણ કરવાનો અને વિદેશી કર્મચારીઓ સાથે સંકળાયેલી ઈમિગ્રેશન યોજનાઓના કથિત દુરુપયોગની તપાસ કરવાનો છે. અમેરિકન ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે માઈક્રોસોફ્ટ પર નિશાન સાધતા આરોપ લગાવ્યો હતો કે, કંપનીએ ગયા વર્ષે ૬,૦૦૦ અમેરિકન કર્મચારીઓની છટણી કરી હતી, જ્યારે તેને ૬,૩૦૦ H-1B વિઝા અને લગભગ ૩,૦૦૦ ગ્રીન કાર્ડનો લાભ મળ્યો હતો. વેન્સે કંપની ઉપર ઈમિગ્રેશન વ્યવસ્થાનો દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. માઈક્રોસોફ્ટે આ આરોપો સામે વાંધો ઉઠાવ્યો હતો. કંપનીના જણાવ્યા અનુસાર પાછલા નાણાકીય વર્ષમાં તેની લગભગ ૮૦ ટકા H-1B અરજીઓ અગાઉથી કામ કરી રહેલા કર્મચારીઓના વિઝા લંબાવવા અથવા તેમના દરજ્જામાં ફેરફાર સાથે જોડાયેલી હતી, નહીં કે નવા કર્મચારીઓની ભરતી સાથે. કંપનીએ એ પણ સ્પષ્ટ કર્યું છે કે સમાન કામ કરતા H-1B કર્મચારીઓને અન્ય કર્મચારીઓ જેટલું જ વેતન ચૂકવવામાં આવે છે.

અમેરિકી અધિકારી સોંડલલિંગે પણ દાવો કર્યો છે કે, ૨૦૦૯થી આ કંપનીઓએ લગભગ ૩૦ લાખ વિદેશી કામદારો માટે અરજી મોકલી છે. તેમને તેમાથી ૨,૩૦,૦૦૦થી વધારે એ-૧બી વિઝા માટે મંજૂરી મળી છે અને એક લાખથી પણ વધુ પરમેનન્ટ લેબર સર્ટિફિકેશન્સ મળ્યા છે. આમ અમેરિકન કામદારો પાસેથી હજારો નોકરીઓ લઈ લેવાઈ છે. તેના પછી વાન્સે જણાવ્યું હતું કે, આ રીતે સિસ્ટમનો દૂરુપયોગ કરવામાં જો અમેરિકાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ હશે તો તેને પણ નહી છોડાય. તેની સાથે તેમણે યેલ, હાર્વર્ડ, સ્ટેન્ફોર્ડ અને કેલટેક જેવી યુનિવર્સિટીઓએ વિદેશીઓને અમેરિકામાં અભ્યાસ માટે પ્રવેશવા દેવાના જે-૧ પ્રોગ્રામનો કેટલો દૂરુપયોગ કર્યો છે તેની ચકાસણી કરવાની ચીમકી પણ આપી હતી.

અમેરિકામાં કામ કરતા હજારો ભારતીય ટેક પ્રોફેશનલ્સ માટે ત્યાં નોકરી કરવી અને કાયમી વસવાટ કરવો એ બે અલગ-અલગ બાબતો છે. નોકરી માટે H-1B વિઝા કામ આવે છે, જ્યારે ગ્રીન કાર્ડ દ્વારા અમેરિકામાં કાયમી રહેઠાણ મેળવવા માટે એક અલગ પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. હવે ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે આઠ મોટી ટેક કંપનીઓ માટે ગ્રીન કાર્ડ પ્રક્રિયાના એક મહત્વપૂર્ણ તબક્કા પર પ્રતિબંધ મુકી દીધો છે. અમેરિકાએ ૮ ઑક્ટોબરે PERM નામની રોજગાર પ્રમાણીકરણ પ્રક્રિયા હેઠળ આ કંપનીઓ સાથે જોડાયેલી નવી અરજીઓ સ્વીકારવાની મનાઈ કરી દીધી હતી તથા બાકી રહેલી અરજીઓ પરની કાર્યવાહી રોકવાની જાહેરાત કરી હતી.

બીજી તરફ ભારતના વિદેશ મંત્રાલયે પણ ગુરુવારે સ્પષ્ટતા કરી હતી કે PERM અને H-1B અલગ-અલગ કાર્યક્રમો છે. આ નિર્ણયથી વર્તમાન H-1B વિઝા આપોઆપ રદ થતા નથી. જોકે, જે કર્મચારીઓનો ગ્રીન કાર્ડ મેળવવાનો માર્ગ આ પ્રક્રિયા પર નિર્ભર છે, તેમની કાયમી રહેઠાણની યોજનાઓ પ્રભાવિત થઈ શકે છે.

પ્રાસંગિક
ધવલ શુક્લ

સૌથી પહેલાં તો આ સમગ્ર પ્રક્રિયાઓ વિશે સમજવું પડશે. હવે H-1B એ અમેરિકામાં વિદેશી પ્રોફેશનલ્સને અસ્થાયી રૂપે કામ કરવાની મંજૂરી આપતો વિઝા છે. તેના હેઠળ અમેરિકન કંપનીઓ એવી જગ્યાઓ માટે અન્ય દેશોના લાયક કર્મચારીઓની નિમણૂક કરી શકે છે, જેમાં વિશેષ જ્ઞાન અને સામાન્ય રીતે સંબંધિત વિષયમાં સ્નાતક કે તેની સમકક્ષ લાયકાત જરૂરી હોય છે. ટેક કંપનીઓ આ વિઝાનો ઉપયોગ સોફ્ટવેર એન્જિનિયર, ડેટા સાયન્ટિસ્ટ, સંશોધક અને અન્ય કુશળ પ્રોફેશનલ્સની નિમણૂક કરવા માટે કરે છે. આ પ્રક્રિયામાં અમેરિકન કંપનીએ કર્મચારી માટે અરજી કરવાની રહે છે. અમેરિકા દ્વારા H-1B વિઝા સામાન્ય રીતે શરૂઆતના ત્રણ વર્ષ માટે આપવામાં આવે છે.

સામાન્ય સંજોગોમાં તેને કુલ છ વર્ષ સુધી લંબાવી શકાય છે. કેટલાક કિસ્સાઓમાં, ખાસ કરીને જ્યારે કર્મચારી ગ્રીન કાર્ડ પ્રક્રિયામાં આગળ વધી ચૂક્યો હોય, ત્યારે નિર્ધારિત શરતો હેઠળ છ વર્ષથી વધુ સમય સુધી રહેવાની મંજૂરી પણ મળી શકે છે. પરંતુ H-1B વિઝાનો અર્થ અમેરિકામાં કાયમી રહેઠાણનો અધિકાર નથી. આ વિઝા પર કામ કરતી વ્યક્તિ કાનૂની રીતે નોકરી કરી શકે છે, પરંતુ કાયમી વસવાટ માટે તેણે અલગ ઈમિગ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરવી પડે છે. આ જ કારણ છે કે PERM પર મૂકાયેલા પ્રતિબંધ અને H-1B વિઝા પર મૂકાયેલા પ્રતિબંધને એકસમાન ન ગણવા જોઈએ. બંનેના હેતુઓ અલગ છે.

બીજી તરફ એ વિવાદને સમજીએ જેના કારણે કંપનીઓની મુશ્કેલી શરૂ થઈ છે. અથવા તો એમ પણ કહી શકાય કે, અમેરિકા દ્વારા કંપનીઓ માટે મુશ્કેલીઓ શરૂ કરવાં આવી છે. આ કેટેગરી PERMનું આખું નામ પ્રોગ્રામ ઈલેક્ટ્રોનિક રિવ્યુ મેનેજમેન્ટ છે. આ અમેરિકન શ્રમ વિભાગની એક એવી પ્રક્રિયા છે, જેના દ્વારા કોઈ કંપની ચોક્કસ કાયમી પદો પર વિદેશી કર્મચારીને સ્પોન્સર કરતાં પહેલાં એ પ્રમાણિત કરે છે કે તેણે અમેરિકન શ્રમ બજાર સાથે જોડાયેલા જરૂરી નિયમોનું પાલન કર્યું છે.આ પ્રક્રિયામાં કંપનીએ સામાન્ય રીતે ભરતીના પ્રયાસો કરવા પડે છે. કંપનીએ એ દર્શાવવું પડે છે કે તે જગ્યા માટે પૂરતા પ્રમાણમાં લાયક, ઈચ્છુક અને ઉપલબ્ધ અમેરિકન કર્મચારીઓ મળ્યા નથી. સાથે જ, વિદેશી કર્મચારીની નિમણૂક કરવાથી સમાન કામ કરતા અમેરિકન કર્મચારીઓના વેતન અને કામકાજની સ્થિતિ પર પ્રતિકૂળ અસર ન પડવી જોઈએ.ખાસ વાત એ છે કે, તે પછી પણ ગ્રીન કાર્ડ તરત જ મળતું નથી. કર્મચારીએ સંબંધિત શ્રેણીની શરતો પૂરી કરવી પડે છે. જ્યાં જરૂરી હોય ત્યાં ઈમિગ્રન્ટ વિઝા ઉપલબ્ધ થવાની રાહ પણ જોવી પડી શકે છે. તેથી PERM એ ન તો વિઝા છે કે ન તો ગ્રીન કાર્ડ છે. તે રોજગાર આધારિત કાયમી રહેઠાણ મેળવવાની પ્રક્રિયાનો એક મહત્વપૂર્ણ તબક્કો છે.

ખાસ કરીને EB-૨ અને EB-૩ શ્રેણીઓની ઘણી અરજીઓમાં તેની જરૂર પડે છે. જોકે, દરેક ગ્રીન કાર્ડ અરજદાર માટે PERM ફરજિયાત નથી. તેમાંય EB-૧ ની કેટલીક શ્રેણીઓ અને EB-૨ના નેશનલ ઈન્ટરેસ્ટ વેવર જેવા કેટલાક કિસ્સાઓમાં શ્રમ પ્રમાણીકરણની જરૂર પડતી નથી. ખેર હાલ તો ટ્રમ્પ પીછેહઠ કરે તેમ નથી. પરંતુ તેના આ નિર્ણયની કેવી અસર થાય છે તે આગામી દિવસોમાં ખબર પડશે. કારણ કે, તમામ ક્ષેત્રમાં નિમણૂંક પામતા કર્મચારીઓને કોઈ પણ કંપની લાયકાત વિના પસંદ કરતી નથી. એટલે માત્ર અમેરિકનોને જ નિમણૂંક આપવાનો આગ્રહ ટ્રમ્પ માટે કેટલો ફાયદાકારક રહે છે તે જોવા જેવું રહેશે. જાણકારો માને છે કે તેનો આ નિર્ણય માટે રાજકીય ફાયદા માટે લેવાયો છે.

એચ-1બી વિઝા ફ્રોડનું બહાનું આપીને ટ્રમ્પ તંત્રએ ભારતીય ટેક્. કંપનીઓને યોજનામાંથી દૂર કરી દીધી છે, આ સાથે જ ટ્રમ્પે ચૂંટણી પહેલાં એવું બતાવવા પ્રયાસ કર્યો છે કે તેને અમેરિકનોની કેટલી ચિંતા છે

SOUTHLAKE SENIORS CLUB CANADA FOUNDATION

Village of India, Brampton
& SLSCCF's
in association with
SK Lawyers Professional Corporation | Century Travel Services
Present

NAVLI NAVRATRI
GARBA MAHOTSAV

DJ Sachin

MONDAY, OCTOBER 19, 2026
@ 6.300 PM ONWARDS

OPEN TO THE PUBLIC

Win Prizes
Florida Package
*some condition apply

BRAMPTON SOCCER CENTRE
495 Sandalwood Parkway East, Brampton, ON L6R 0K2

FREE EVENT

FOR STALLS, SPONSORSHIP PLEASE CONTACT:

Amit Bhatt 647-298-9887
Milind Dave 905-783-2762
Hemant Raigangar 647-208-8616

VILLAGE OF INDIA
Authentic Pure Veg. Indian Cuisine
Dine in- Take out - Catering
114 Kennedy Rd S, Brampton
905 450 3333

RUHANI COLLEGE
Study Registered Massage Therapist & earn $15K/M
Also can study PSW, Pre-Med, Acupuncture, Pharmacy Assistant
Ph : 289 315 2555

Punjab Sports Canada Ltd.
905 709 7664

SK LAWYERS
Ph: 905.605.8001
Free Initial Consultation

CENTURY TRAVEL SERVICES
Most reasonable Airfare, Vacation Packages, Tour/ Cruise Packages.
905 282 0220

STEPHEN'S Furniture
Stephen's Furniture Ltd. 905.790.0560

Jenco Canada LED
905-949-6184
www.jencocanada.ca

QUICK GAMES HUB
PLAY EAT PARTY
437-837-8080
ARCADE GAMES • BOWLING ALLEY • FOOD • DRINK
80 Courtneypark Dr W, Mississauga
www.QuickGamesHub.com

Media & Community Partner
ગુજરાત ન્યુઝલાઈન
LALIT SONI : 647 400 6248
ગુજરાતઅબ્રોડ
SHILPESH PARIKH 647-992-6951
ગરવી ગુજરાત
ગુજરાત નો રથકાર
સ્વદેશ
nygc

ચણિયાચોળીમાં બ્રાઈટ રંગો - લાઈટ ફેબ્રિક ઈન ટ્રેન્ડ

નવરાત્રી એટલે માત્ર નવ દિવસનો તહેવાર નહીં, પરંતુ ગુજરાતની સંસ્કૃતિ, પરંપરા, સંગીત, નૃત્ય અને રંગોની જીવંત ઉજવણી. ગરબાના તાલે જ્યારે સમગ્ર શહેર ઝૂમી ઊઠે છે ત્યારે દરેક વ્યક્તિને પોતાના પરંપરાગત પોશાક દ્વારા પોતાની આગવી ઓળખ રજૂ કરવાની ઈચ્છા થાય છે. આ જ ભાવનાને ધ્યાનમાં રાખીને વિબગ્યોર ફેશન્સ સ્પેશિયલ નવરાત્રી કલેક્શન લઈને આવ્યું છે. જેમાં પરંપરાગત ભારતીય કારીગરી સાથે આજના સમયની સરળતા, હળવાશ અને આધુનિક ફેશનનો સુંદર મેળ જોવા મળે છે. આ વખતે નવરાત્રી કલેક્શનની સૌથી ખાસ વાત તેના વાઈબ્રન્ટ કલર્સ, લાઈટવેટ ફેબ્રિક, સુંદર એમ્બ્રોઈડરી, એથનિક બોર્ડર અને રંગીન દુપટ્ટા છે. નવરાત્રી દરમિયાન લાંબા સમય સુધી ગરબા રમવા, મિત્રો અને પરિવાર સાથે સમય પસાર કરવા તથા વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપવા માટે આરામદાયક વસ્ત્રો જરૂરી છે. હવે સ્ટાઈલ સાથે કમ્ફર્ટને પણ એટલું જ મહત્ત્વ આપવામાં આવે છે.



ચણિયાચોળી-રંગોની ઉજવણી

નવરાત્રીના પોશાકમાં રંગોનું પોતાનું આગવું મહત્ત્વ છે. આ કલેક્શનમાં લાલ, લીલો, ગુલાબી, પર્પલ, પીળો, ઓરેન્જ, પિંક, ટીલ, મેજેન્ટા અને અનેક વાઇબ્રન્ટ શેડ્સનો સુંદર ઉપયોગ કરવામાં આવ્યો છે. અલગ-અલગ રંગોને એકબીજા સાથે એવી રીતે જોડવામાં આવ્યા છે કે દરેક પોશાકમાં તહેવારની ખુશી અને ઊર્જા અનુભવાય. ખાસ કરીને કોન્ટ્રાસ્ટ કલર કોમ્બિનેશન આ કલેક્શનને વધુ આકર્ષક બનાવે છે. એક જ પોશાકમાં અલગ રંગની ચોળી, ઘાઘરા અને દુપટ્ટો રાખીને યુનિક લુક બનાવી શકાય છે. આ રીતે દરેક સ્ત્રી પોતાની પસંદગી અને વ્યક્તિત્વ પ્રમાણે પોતાનો નવરાત્રી લુક તૈયાર કરી શકે છે.



એમ્બ્રોઇડરી અને બ્લાઉઝ

પ્લેન અથવા ફક્ત તોય મૂકી હોય એવા ચણિયાની સાથે એમ્બ્રોઇડરી બ્લાઉઝ પહેરવાનો ટ્રેન્ડ છે. આ પ્રકારના બ્લાઉઝ લુકને ખાસ બનાવે છે. બ્લાઉઝમાં પરંપરાગત હેન્ડવર્કની પ્રેરણા સાથે નાજુક કારીગરી, રંગીન વર્ક અને સુંદર ડિઝાઇનનો ઉપયોગ કરવામાં આવે છે. ઘાઘરો સાદો હોય તો સુંદર એમ્બ્રોઇડરીવાળી ચોળી આખા લુકને હાઇલાઇટ કરી શકે છે. બીજી તરફ જો ઘાઘરો અને દુપટ્ટો વધારે રંગીન હોય તો સોફ્ટ એમ્બ્રોઇડરીવાળા બ્લાઉઝ પોશાકમાં બેલેન્સ લાવે છે. આ બ્લાઉઝને માત્ર ઘાઘરા સાથે જ નહીં, પરંતુ સાડી, સ્કર્ટ, પ્લાઝો કે અન્ય ઇન્ડો-વેસ્ટર્ન પોશાક સાથે પણ અલગ રીતે સ્ટાઇલ કરી શકાય છે એટલે કે એક જ બ્લાઉઝમાંથી અનેક લુક બનાવવાની શક્યતા રહે છે.



લાઇટવેટ ફેબ્રિક

ગરબાની મસ્તીમાં આરામ એટલે કે હળવાશ પણ જરૂરી છે. નવરાત્રીમાં કલાકો સુધી ગરબા રમવાના હોય છે, તેથી ભારે અને અસુવિધાજનક વસ્ત્રો કરતાં હળવા અને સરળતાથી પહેરી શકાય તેવા ફેબ્રિકને આજે વધુ પસંદ કરવામાં આવે છે, તેથી હવે ચણિયાચોળીમાં હેવી ફેબ્રિકને બદલે લાઇટવેટ અને કમ્ફર્ટેબલ ફેબ્રિક પર ફોકસ કરવામાં આવે છે. હળવા ફેબ્રિકના કારણે ઘાઘરો સુંદર રીતે ફ્લો થાય છે અને ગરબા કરતી વખતે તેની મૂવમેન્ટ પણ ખૂબ જ સુંદર લાગે છે. આ પ્રકારનાં વસ્ત્રો માત્ર ગરબા માટે જ નહીં, પરંતુ નવરાત્રીની પૂજા, પરિવારના ફંક્શન, સાંસ્કૃતિક કાર્યક્રમો અને અન્ય તહેવારોમાં પણ સરળતાથી પહેરી શકાય છે.



પોશાકમાં એથનિક બોર્ડર

નવરાત્રીના પોશાકમાં એથનિક બોર્ડરનું વિશેષ સ્થાન છે, તેથી આ બાબતને ધ્યાનમાં રાખીને ટ્રેડિશનલ એથનિક બોર્ડરનો સુંદર ઉપયોગ કરવામાં આવ્યો છે. બોર્ડર પોશાકને માત્ર શણગારતું નથી, પરંતુ તેમાં ભારતીય સંસ્કૃતિ અને હસ્તકલા સાથેનો સંબંધ પણ દર્શાવે છે. ઘાઘરાની બોર્ડર, દુપટ્ટાની કિનારી અને બ્લાઉઝની ડિઝાઇન ડિટેલ્સમાં આ પરંપરાગત ટચ જોવા મળે છે. આધુનિક સિલુએટ સાથે આ એથનિક ડિટેલિંગ પોશાકને એવું રૂપ આપે છે કે જે એકસાથે ટ્રેડિશનલ પણ લાગે અને ટ્રેન્ડી પણ. અને આ વસ્ત્રો પોશાક શરીર પર ભારરૂપ લાગતો નથી અને લાંબા સમય સુધી પહેર્યા બાદ પણ આરામદાયક રહે છે.



MOTEL & HOTEL FOR SALE

NIRAJ PANCHOLI, REALTOR®

Mechanical Engineer (Ahmedabad, India)

Cell: 647-866-2790

Email: ncpancholi@gmail.com

Website: www.niraj-pancholi.c21.ca

Multiple Awards Winner Since 2011

Selling Motels, Hotels, Commercial and Residential Properties Since 2011



Visit my website for new and updated Exclusive and MLS listings

MOTEL KING: Specializing in Selling Motels, Proven Records of SOLD over 50 Motels & Hotels in ONTARIO

WINDSOR FRANCHISE HOTEL, 90+ROOM I $7.2M Fully Renovated Rooms, No PIP, 3.5 Arec Lot	COCHRANE MOTEL, 43 ROOM & RESTAURANT I $4.2M 6 Acre Lot Right on Hwy 11, Year-round profitable business Absentee Owner, Excellent NOI and Cap Rate, VTB available
GANANOQUE HOTEL, 54 ROOM, RESTAURANT & BAR I $4.9M Well-maintained Rooms, Profitable year-round operation. Close to Hwy 401, Casino and 1000 Island Cruise Line. Excellent Net Income, Great Investment.	HUNTSVILLE MOTEL, 17 ROOM - $2.3M In the downtown, Absentee Owner for last 4 years. Great opportunity for the Owner Operator to grow
GRAVENHURST MOTEL & RESTAURANT, 21 ROOM - $1.5M Rooms are on monthly basis on long-term. 3 Acre lot in Muskoka area, Selling AS IS – Ideal for Builders/Renovators	HUNTSVILLE FRANCHISE MOTEL, 36 ROOM – ASKING $3.9M Newer, well-maintained property comes with separate 2-bedroom detached house. Easy operation. Ideal for Owner operator
ALBERTA – FRANCHISE & NON-FRANCHISE MOTELS 1-2 hours from Calgary and Edmonton Price range: $800,000 to $3,500,000. Call for more info.	Motel Job: Front desk, housekeeping and general work in Ontario Partnership: Working Partner, Min $200,000 investment (PR or Citizen), good English and computer knowledge. Location: Ontario & Alberta

Century 21 People's Choice Realty Inc. 120 Matheson Blvd E #103, Mississauga, Ontario (cell; 647-866-2790 I email: ncpancholi@gmail.com)
Brilliant Realty, 1135 64 Ave SE #202, Calgary, T2H 2J7, Alberta (cell: 647-866-2790 I email: niraj.alberta@gmail.com)

MOTEL & HOTEL OWNERS: Thinking of Selling! Call ASAP, I have qualified BUYERS ready for Any Size, Any Price, Any Location

‘પોલીસ કાયદાથી ઉપર નથી..’ આરોપીઓના સરઘસ કાઢવા મુદ્દે હાઈકોર્ટમાં કન્ટેમ્પ્ટ પિટિશન

16-17 વર્ષના સગીરને કસ્ટડીમાં ક્રૂરતાપૂર્વક ઢોર માર, કલમ 151 હેઠળ 3 દિવસ જેલમાં ન રખાય

અમદાવાદ

કોઈ પણ ગુનાના આરોપીને પોલીસે જાહેરમાં માર મારવો અને તેનું સરઘસ કાઢવા મુદ્દે સુપ્રીમ કોર્ટે કડક પ્રતિબંધ મૂક્યો છે. આમ છતાં, ગુજરાતમાં આવા બનાવો રોજિંદા થઈ રહ્યા છે. આ ગંભીર બાબતે ગુજરાત હાઈકોર્ટમાં કન્ટેમ્પટ પિટિશન એટલે કે અદાલતન અવમાનનાની અરજી દાખલ કરાઈ છે. આ અરજીમાં રજૂઆત કરાઈ છે કે, ‘પોલીસ વર્દી પહેરે તેનો અર્થ એ નથી કે તે કાયદાથી ઉપર કે વધુ શક્તિશાળી છે. જાહેરમાં માનવ અધિકારોનું હનન કરીને કોઈને માર મારવો એ અત્યંત અપમાનજનક છે.’

અરજદાર આરોપી પક્ષે કોર્ટને રજૂઆત કરતા જણાવ્યું છે કે, ‘ગત 21 જૂનના રોજ દારૂના એક કેસમાં 16થી 17 વર્ષની વયના સગીર બાળકની ધરપકડ કરાઈ હતી. તેને સતત 3 દિવસ સુધી ગેરકાયદે રીતે પોલીસ કસ્ટડીમાં પૂરી રખાયો હતો. બાદમાં તેને કોર્ટમાં રજૂ કરાયો, ત્યારે કોર્ટે જામીન મંજૂર કર્યા હતા. સગીરના પિતાએ આક્ષેપ કર્યો છે કે પોલીસ કસ્ટડીમાં તેમના પુત્ર પર અમાનુષી અત્યાચાર ગુજારાયો હતો. સગીરના શરીરના વિવિધ ભાગો પર તીક્ષ્ણ હથિયાર/ઘાના નિશાનો મળ્યા હોવાના પુરાવા પણ છે.

આરોપી પક્ષે દલીલ કરી હતી કે સીઆરપીસી કલમ 151 હેઠળ કોઈ પણ વ્યક્તિને 3 દિવસ સુધી કસ્ટડીમાં ના રાખી શકાય. જો કે, સગીરને 3 વખત કલમ 151 હેઠળ અટકાયતમાં લઈ ગેરકાયદે રખાયો હતો.

સગીરા પર દુષ્કર્મ કેસમાં મુખ્ય આરોપીને 20 વર્ષની કેદની સજા

અમદાવાદ

પોક્સો કેસમાં મહત્વનો ચુકાદો આપતા અમદાવાદ વિશેષ અદાલતે સગીરા પર દુષ્કર્મ આચરવાના કેસમાં મુખ્ય આરોપી ક્રિષ્ના પરમારને દોષિત ઠેરવીને 20 વર્ષની કઠોર કેદની સજા ફટકારી છે. ફરિયાદી અનુસાર, તારીખ 03 સપ્ટેમ્બર 2023ના રોજ 15 વર્ષીય સગીરાના પિતા અને તેમના પત્ની સગાના ઘરે ગયા હતા, ત્યારે પીડિતા ઘરે એકલી હતી. આરોપી ક્રિષ્ના પીડિતાના ઘરની છત પર ગયો અને પીડિતાના ભાઈને જાનથી મારી નાખવાની ધમકી આપીને તેને પોતાની સાથે આવવા મજબૂર કરી હતી. સહ-આરોપી પીડિતાને મોટરસાયકલ પર લઈ ગયો હતો અને ક્રિષ્નાને સોંપી દીધી હતી. ત્યારબાદ, આરોપી ક્રિષ્ના પીડિતાને હાટકેશ્વર વિસ્તારમાં આવેલા એકતા એપાર્ટમેન્ટના ધાબા પર લઈ ગયો અને ત્યાં તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધ્યો હતો. બીજા દિવસે સવારે તેને પાંજરાપોળ પાસે છોડી દેવામાં આવી હતી, ત્યારબાદ પરિવાર દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. કોર્ટ સમક્ષ પીડિતાનું CrPC 164 મુજબનું નિવેદન લેવામાં આવ્યું હતું. તબીબી પુરાવાઓ પરથી આરોપી ક્રિષ્ના સામેનો ગુનો નિઃશંકપણે સાબિત થયો હતો.

ગાંધીનગરના છત્રાલ ખાતે બોઈલર ફાટવા સાથે બ્લાસ્ટ, 4 લોકોનાં મોત

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલા છત્રાલ ઝ ના ફેઝ-૪ માં એક અત્યંત હૃદયદ્રાવક અને મોટી ઔદ્યોગિક દુર્ઘટના સામે આવી છે. અહીં આવેલી “કોવીકા ડાયસ એન્ડ ઈન્ટરમિડીયેટ” નામની કેમિકલ કંપનીમાં કામકાજ દરમિયાન અચાનક સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં ૪ કામદારોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજયા છે. આ દુર્ઘટનાની જાણ થતાં જ સમગ્ર છત્રાલ પેન્ડ્રુઝ વિસ્તારના ઉદ્યોગો અને શ્રમિકોમાં ભારે અરેરાટી સાથે શોકની કાલિમા છવાઈ ગઈ છે.કંપનીમાં ૭૦ થી ૮૦ ડિગ્રી સેલ્સિયસ જેટલા અત્યંત ઊંચા તાપમાન ધરાવતા ગરમ કેમિકલની પ્રોસેસ ચાલી રહી હતી. આ દરમિયાન કામદારો કેમિકલની પાઈપ ફીટ કરી રહ્યા હતા ત્યારે અચાનક પાઈપમાં ભારે પ્રેશર આવતાં આ અકસ્માત સર્જાયો હતો. ગરમ કેમિકલના પ્રેશર સાથે ફંગોળાતાં અને કેમિકલ શરીર પર ૫ ડતાં ચારેય કામદારોના શરીર કાળા પડી ગયા હતા અને ઘટનાસ્થળે જ તેમણે દમ તોડી દીધો હતો. દુર્ઘટનામાં જીવ ગુમાવનારા મૃતક કામદારોની ઓળખ (૧) વિનોદકુમાર સિંહ (ઉમર ૪૨ વર્ષ), (૨) લક્ષ્મણ મીણા, (૩) સિકંદર દેહરી અને (૪) તેડા દેહરી તરીકે થઈ છે.

કંપનીમાં 10 ટકા ભાગીદારીની લાલચ આપીને રેસ્ટોરાં સંચાલક સાથે 1.18 કરોડની છેતરપિંડી

20 લાખનું રોકાણ કરાવી વિશ્વાસઘાત, નોટરાઇઝ્ડ કરાર કર્યા બાદ કોરા ચેક કઢાવ્યા

અમદાવાદ

અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં રહેતા અને નારણપુરામાં રેસ્ટોરાં ચલાવતા 51 વર્ષીય વેપારી સાથે Styrun Health Care નામની પેઢીને પ્રાઈવેટ લિમિટેડ કંપની બનાવવાના બહાને ચાર શખસોએ કુલ 1,18,00,000 રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

આરોપીઓએ ફર્મમાં 10 ટકા ભાગીદારી અને 2 ટકા મેનેજમેન્ટ નફાની લાલચ આપીને કાસમઅલી અને તેમના પરિવાર પાસેથી 98,00,000 રૂપિયા તેમજ તેમના મિત્ર પાસેથી વધુ 20,00,000 રૂપિયાનું રોકાણ કરાવ્યું હતું, પરંતુ બાદમાં ઓડિટના બહાને કોરા ચેક મેળવી રૂપિયા પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા અને લાંબા સમય બાદ પણ કોઈ નફો કે મૂળ રકમ પરત ન કરતા છેતરપિંડીનો આ સમગ્ર મામલો પોલીસ મથકે પહોંચ્યો છે. આ અંગે જુહાપુરામાં રહેતા અને નારણપુરામાં રેસ્ટોરાં ચલાવતા 51 વર્ષીય કાસમઅલી ખરોડિયાએ પોલીસ ફરિયાદ કરી છે. ઓક્ટોબર 2021માં મહંમદ, આબીદઅલી, અકબરઅલી અને મંજુરઅલી ચુડીયાએ જુહાપુરાના રહેવાસી કાસમઅલીનો સંપર્ક કરી તેમની ફર્મ કંપની બનાવવા માટે રોકાણની માંગણી કરી હતી. તેઓએ ફર્મમાં 10 ટકા ભાગીદારી અને 2 ટકા મેનેજમેન્ટ નફાની ઓફર આપી હતી. તેમના પર વિશ્વાસ મૂકીને કાસમઅલી અને તેમના પરિવારે 98,00,000 રૂપિયાનું રોકાણ કર્યું હતું.

થરાદમાં જાહેરમાં તોડફોડ અને આતંક મચાવનાર 4 અસામાજિક તત્ત્વો પકડાયા

સોશિયલ મીડિયામાં વાયરલ વીડિયોને આધારે પોલીસ કાર્યવાહી

વાવ-થરાદ

થરાદ પંથકમાં અંગત અદાવતમાં થરાદમાં થાર અને સ્વીફ્ટ ગાડી લઈને આવેલા ઈસમોએ બાઈક સવાર પર હુમલો કર્યો હતો અને બાઈક સહિત વાહનમાં તોડફોડ મચાવી હતી. આ અસામાજિક તત્ત્વો કોણ છે અને તેમને કોણ છાવરી રહ્યું છે તેને લઈને અનેક સવાલો ઉભા થયા હતા. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં લોકોમાં ભારે રોષનો માહોલ જોવા મળ્યો હતો. વાઈરલ વીડિયોના આધારે તોડફોડ અને કાયદાના ભંગ અંગે થરાદ પોલીસે ગુનો નોંધી 4 આરોપીઓની ધરપકડ કરી છે. ગત તારીખ 05 ઓકટોબર 2026ના રોજ રાત્રિના આશરે 10:00 વાગ્યા આસપાસ બનેલ આ ઘટના સંદર્ભે ફરિયાદી દ્વારા આપવામાં આવેલ માહિતી તેમજ સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોને ધ્યાને રાખી થરાદ પોલીસ અને LCB (લોકલ ક્રાઈમ બ્રાન્ચ)ની ટીમ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. વાઈરલ વીડિયોમાં આરોપી શાહરૂખ ઉર્ફે બબો રહેમાન ઘાંચી તથા તેના અન્ય સાથીદારોએ મળીને સાહેદ તેમજ ફરિયાદીના બાઈકને આડેધડ નુકસાન પહોંચાડી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિનો ભંગ કર્યો હતો.

ભટલાઈ ગામમાં સ્પીકર વગાડવા મુદ્દે બોલાચાલી બાદ વાત વણસી : હુમલો

ઉશ્કેરાયેલા શખસોએ હથોડીના ઘા મારતા 71 વર્ષના વૃદ્ધનું મૃત્યુ નિપજ્યું

સુરત

સુરતના ઈચ્છાપોર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા ભટલાઈ ગામમાં સ્પીકરનો અવાજ ધીમો કરવા કહેવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. સ્પીકર ધીમો વગાડવાનું સમજાવવા ગયેલા ૭૧ વર્ષીય નગીનભાઈ વનમાળીભાઈ પટેલ પર હથોડી વડે હુમલો કરી તેમની હત્યા કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. બનાવ બાદ ફરાર થયેલા ત્રણ આરોપ છીઓને ઈચ્છાપોર પોલીસે માત્ર ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડયા છે.

પોલીસમાં નોંધાયેલી ફરિયાદ મુજબ, ગત ૧૪ ઓક્ટોબરના રોજ નગીનભાઈ પટેલ તેમના રહેણાકની બાજુમાં આવેલી તરૂણભાઈની ખોલીમાં રહેતા લોકોને સ્પીકરનો અવાજ ધીમો કરવા સમજાવવા ગયા હતા. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ આરોપીઓ ઉશ્કેરાઈ ગયા હોવાનો આક્ષેપ છે. આરોપીઓએ નગીનભાઈને પકડી તેમના માથાના પાછળના ભાગે તેમજ કપાળ પર હથોડી વડે ઘા માર્યા હતા. હુમલામાં ગંભીર ઈજાઓ થતાં નગીનભાઈનું મૃત્યુ થયું હતું. બનાવ બાદ આરોપીઓ સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતા જ ઈચ્છાપોર પોલીસ હરકતમાં આવી હતી.

સુરતના ‘OG નવરાત્રિ’માં રાત્રે બજરંગ દળનો હોબાળો

સુરત

સુરતના સરસાણામાં ‘OG નવરાત્રિ’ ગરબા મહોત્સવમાં મોડી રાત્રે ભારે વિવાદ સર્જાયો હતો. ગરબા મહોત્સવમાં સુરક્ષા વ્યવસ્થા માટે તહેનાત કરાયેલા બાઉન્સરો લઘુમતી સમાજના બાઉન્સરો હોવાની જાણ થતાં જ બજરંગ દળના કાર્યકરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઉગ્ર વિરોધ નોંધાવી હોબાળો મચાવ્યો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાને રાખીને સ્થાનિક અલથાણ પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

મળતી વિગતો અનુસાર, ગરબા પંડાલમાં સુરક્ષાનું કામ સંભાળી રહેલી ખાનગી સિક્યોરિટી એજન્સીના બાઉન્સરોમાંથી પાંચથી છ જેટલા બાઉન્સરો લઘુમતી સમાજના હોવાની માહિતી સોશિયલ મીડિયા મારફતે સામે આવી હતી. આ બાઉન્સરોએ પોતે OG નવરાત્રિમાં સિક્યોરિટી આપી રહ્યા હોવાનો એક વીડિયો ઈન્સ્ટાગ્રામ પર અપલોડ કર્યો હતો.

ગુજરાતમાં રણ પ્રદેશ વધી ગયો : વેરાન થવામાં સમગ્ર દેશમાં ત્રીજો નંબર!

ગુજરાતમાં 1.02 કરોડ હેક્ટર જમીન બિનઉપજાઉ

ગાંધીનગર

ગુજરાતમાં જમીનનું ધોવાણ, ક્ષારનું વધતું પ્રમાણ અને રણીકરણની સમસ્યા અત્યંત ગંભીર સપાટીએ પહોંચી ગઈ છે. આ કારણોસર 1 કરોડ કરતાં વધુ જમીન બિન-ઉપજાઉ અને રણ બનવાની પ્રક્રિયાનો સામનો કરી રહી છે. આ ચિંતાજનક પરિસ્થિતિને જોતા કૃષિ ક્ષેત્ર માટે પર જોખમ મંડરાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ભૂગર્ભ જળના વધુ પડતા ખેંચાણને લીધે આગળ વધી રહેલી ખારાશ અને અનિયમિત હવામાનને કારણે જમીનની ફળદ્રુપતા ઝડપી ઘટી રહી છે. જે ખેતી માટે ખતરો સાબિત થઈ શકે છે. છેલ્લા આઠથી દશ વર્ષના ટુંકા ગાળાના જ રાજ્યના રણ અને બિન-ઉપજાઉ વિસ્તારમાં આશરે 1.85 લાખ હેક્ટરનો મોટો વધારો નોંધાયો છે.



ગુજરાતમાં દરિયાનું ખારું પાણી જમીનમાં પ્રવેશી રહ્યા છે, જેના કારણે ભાલ, સૌરાષ્ટ્ર અને કચ્છની જમીન વધુ ખારી અને બિન-ઉપજાઉ બની રહી છે. આ ઉપરાંત વધુ પડતા ભૂગર્ભજળના ખેંચાણને લીધે જમીન સૂકી અને રેતાળ બની રહી છે. કેમિકલ યુક્ત ખાતરો અને જંતુનાશક દવાના આડેધડ વપરાશથી જમીનની કુદરતી ફળદ્રુપતા નાશ પામી રહી છે. જમીન વિરાન થવાની રેસમાં મહારાષ્ટ્ર અને રાજસ્થાન પછી ગુજરાત ત્રીજા ક્રમે રહ્યું છે.

છેલ્લા પાંચેક વર્ષમાં જ ગુજરાતની આશરે 2.28 લાખ હેક્ટર ફળદ્રુપ જમીન બિન-ખેતીલાયક બની છે. સૌથી ચોકાવનારી વાત એ છે કે, સૌથી વધુ ખેતીલાયક જમીન રહેણાંક અને વાણિજ્યિક બાંધકામો માટે બિન-ખેતીમાં ફેરવાઈ ગઈ છે.

અષ્ટમીએ અજમાવો આ વિશેષ જ્યોતિષીય ઉપાયો



મહાઅષ્ટમીનું પૌરાણિક અને ધાર્મિક મહત્ત્વ

શાસ્ત્રો અનુસાર મહાઅષ્ટમીના દિવસે દેવી ભગવતીના આઠમા સ્વરૂપ મા મહાગૌરીની આરાધના કરવામાં આવે છે. શ્વેત વસ્ત્રો અને વૃષભની સવારી કરતા મા મહાગૌરી અત્યંત સૌમ્ય, શાંત, કરુણામય અને ભક્તોનાં સર્વ પાપોનું શમન કરનારાં મનાય છે.

શ્વેતે વૃષે સમારૂઢા શ્વેતામ્બરધરા શુચિઃ।
મહાગૌરી શુભં દદ્યાન્ મહાદેવપ્રમોદદા॥

મહિષાસુરમર્દિની અને ભદ્રકાળી પ્રાગટ્ય

માર્કંડેય પુરાણ અંતર્ગત દુર્ગા સપ્તશતી અનુસાર જ્યારે અસુરોનો અત્યાચાર વધી ગયો ત્યારે દેવોના તેજમાંથી પ્રગટ થયેલી જગદંબાએ મહિષાસુર સેનાનો સંહાર શરૂ કર્યો. અષ્ટમી અને નોમની સંધિ વેળાએ દેવીએ ચંડ અને મુંડ નામના રાક્ષસોનો વધ કરવા માટે પોતાના લલાટમાંથી અત્યંત ભયંકર કાળી (ચામુંડા) સ્વરૂપ પ્રગટ કર્યું હતું. આથી જ આ તિથિ અનિષ્ટ તત્ત્વો સામે આદ્યશક્તિના વિજયના પ્રારંભનું પ્રતીક છે.

સંધિપૂજાનું અદ્ભુત રહસ્ય

બંગાળી દુર્ગાપૂજા અને શાક્ત પરંપરામાં અષ્ટમીની અંતિમ 24 મિનિટ અને નોમના પ્રારંભની 24 મિનિટ - એમ કુલ 48 મિનિટના સમયગાળાને સંધિ ક્ષણ કહેવામાં આવે છે. આ સમયે સંધિપૂજા થાય છે. એવું માનવામાં આવે છે કે આ 48 મિનિટ દરમિયાન બ્રહ્માંડમાં શક્તિ તત્ત્વ સૌથી વધુ સક્રિય હોય છે. આ સમયગાળામાં 108 દીવા પ્રગટાવીને 108 કમળ અર્પણ કરવાનું અક્ષય ફળ મળે છે.

કન્યા પૂજન (કંજક પૂજન)

અષ્ટમી તિથિએ 2 થી 10 વર્ષની નવ કન્યાઓને બોલાવીને તેમનાં ચરણ ધોઈ, કુમકુમ તિલક કરી, ભોગ ધરાવી ભેટ-પૂજા કરવામાં આવે છે. શાસ્ત્રોમાં કન્યાઓને સાક્ષાત્ દેવીનું જીવંત સ્વરૂપ માનવામાં આવ્યું છે. કન્યા પૂજન વગર નવરાત્રીની આરાધના અપૂર્ણ ગણાય છે.

અષ્ટમી તિથિનું જ્યોતિષીય મહત્ત્વ અને ગ્રહ ઊર્જા

વૈદિક પંચાંગ અને જ્યોતિષશાસ્ત્ર અનુસાર અષ્ટમી તિથિ જયા સંજ્ઞક તિથિ ગણાય છે. જયા એટલે વિજય અપાવનારી તિથિ. આ તિથિના સ્વામી સ્વયં રુદ્ર (ભગવાન શિવ) અને દેવી ભગવતી છે.

રાહુ અને કેતુ દોષનું શમન

જ્યોતિષમાં આદ્યશક્તિ દુર્ગાને રાહુ અને કેતુ જેવા છાયાગ્રહોની નિયંત્રક દેવી માનવામાં આવી છે. કુંડળીમાં જ્યારે કાલસર્પ દોષ, રાહુની મહાદશા, કેતુની પીડા કે અચાનક આવતી મુશ્કેલીઓ હોય ત્યારે મહાઅષ્ટમીની પૂજા રામબાણ ઈલાજ સાબિત થાય છે. દેવીનું મહાગૌરી સ્વરૂપ રાહુના નકારાત્મક પ્રભાવને શાંત કરી માનસિક સ્પષ્ટતા આપે છે.

ચંદ્ર અને મન પર નિયંત્રણ

શ્રી મહાગૌરીનો વર્ણ શ્વેત અને ચંદ્ર સમાન ઉજ્જ્વળ છે. જ્યોતિષમાં ચંદ્રને મનનો કારક માનવામાં આવ્યો છે. જે જાતકોની કુંડળીમાં ચંદ્ર નબળો હોય, ડિપ્રેશન, ચિંતા કે અનિદ્રા જેવી સમસ્યા હોય, તેમને અષ્ટમીના દિવસે દેવીની આરાધના કરવાથી ચંદ્રબળ પ્રાપ્ત થાય છે અને માનસિક સ્થિરતા વધે છે.

જીવનની સમસ્યાઓ અનુસાર અષ્ટમીના વિશેષ જ્યોતિષીય ઉપાયો

મહાઅષ્ટમીના દિવસે કરવામાં આવતા સરળ છતાં સચોટ જ્યોતિષીય ઉપાયો વ્યક્તિના જીવનમાંથી દરિદ્રતા, ભય અને અવરોધો દૂર કરે છે.

આર્થિક સંકટ નિવારણ અને ધનપ્રાપ્તિ માટે

» લવિંગ અને કપૂરનો ઉપાય : અષ્ટમીની રાત્રે ચાંદીની વાટકી અથવા માટીના કોડિયામાં દેશી કપૂર સાથે લવિંગની 2 જોડી (4 આખા લવિંગ) પ્રગટાવી આખા ઘરમાં તેનો ધૂપ ફેરવો. ત્યારબાદ દેવી લક્ષ્મી અને દુર્ગા સામે શ્રીસૂક્ત અથવા કનકધારા સ્તોત્રનો પાઠ કરો. આ ઉપાયથી ઘરમાં સ્થિર લક્ષ્મીનો વાસ થાય છે અને નકારાત્મક ઊર્જા દૂર થાય છે.

» પાનના બીડાનો પ્રયોગ : એક તાજા નાગરવેલના પાન પર ગુલાબની પાંદડીઓ અને ઘીનો દીવો રાખી દેવીના મંદિરમાં અર્પણ કરવાથી અટકેલાં નાણાં પરત મેળવવામાં મદદ મળે છે.

કારકિર્દી અને વ્યવસાયમાં પ્રગતિ માટે

» વ્યવસાયમાં મંદી કે નોકરીમાં પદોન્નતિ અટકતી હોય તો અષ્ટમીના દિવસે દેવી મંદિરે લાલ ધજા (પતાકા) ચઢાવવી શુભ માનવામાં આવે છે.

» દેવી સમક્ષ લાલ આસન પર બેસી ૐ હ્રીં દુમ દુર્ગાયૈ નમઃ મંત્રની પાંચ માળા (કમળકાકડી અથવા રુદ્રાક્ષની માળાથી) કરવી. આ મંત્ર આત્મવિશ્વાસ વધારે છે અને કાર્યસ્થળ પરના શત્રુઓનો પ્રભાવ ઘટાડે છે.

દાંપત્યજીવનમાં મધુરતા અને અખંડ સૌભાગ્ય માટે

» સૌભાગ્યવતી સ્ત્રીઓએ અષ્ટમીના દિવસે મા મહાગૌરીને 16 શૃંગારની સામગ્રી (સિંદૂર, બંગડી, મેંદી, લાલ ચૂંદડી, અત્તર વગેરે) અર્પણ કરવી જોઈએ. પૂજા બાદ આ સામગ્રી કોઈ સૌભાગ્યવતી મહિલાને ભેટ આપવી.

» સંબંધની વાત છેલ્લે સુધી આવીને અટકી જતી હોય કે વિવાહમાં સતત વિલંબ થઈ રહ્યો હોય તેવાં યુવક-યુવતીઓએ અષ્ટમીના દિવસે દેવીને પીળાં કે લાલ પુષ્પો અર્પણ કરી અર્ગલા સ્તોત્રનો પાઠ કરવો.

નજરદોષ અને શત્રુમુક્તિ માટે

» પરિવારના કોઈ પણ સદસ્યને વારંવાર નજર લાગતી હોય કે સ્વાસ્થ્ય ખરાબ રહેતું હોય, તો એક આખું પાણીવાળું નાળિયેર લઈને તેના પર કંકુથી સ્વસ્તિક બનાવો. તે નાળિયેરને પીડિત વ્યક્તિના માથા પરથી ઘડિયાળના કાંટાની દિશામાં 7 વાર ઉતારી અષ્ટમીના હવનમાં અથવા નવરાત્રીની જ્યોતમાં અર્પણ કરો અથવા વહેતા પાણીમાં પધરાવી દો.

» શત્રુઓ કે કોર્ટ-કચેરીના વિવાદોમાંથી રાહત મેળવવા અષ્ટમીની રાત્રે સિદ્ધકુંજિકા સ્તોત્રના 11 પાઠ કરવા અત્યંત ફળદાયી ગણાય છે.

નવરાત્રીની અષ્ટમી તિથિ એ માત્ર તહેવાર નથી, પરંતુ આધ્યાત્મિક અને જ્યોતિષીય દૃષ્ટિએ આંતરિક શુદ્ધિ મેળવવાની દિવ્ય તક છે. સાચા હૃદયે, શ્રદ્ધા અને નિયમપૂર્વક કરેલી અષ્ટમીની પૂજા અને ઉપાયો માનવીના અહંકાર અને નકારાત્મકતાનો નાશ કરી તેને શાંતિ, સમૃદ્ધિ અને પરમ કલ્યાણ તરફ દોરી જાય છે. જગતજનની મા મહાગૌરી સૌનું મંગળ કરે એ જ આ પર્વનો સાચો સંદેશ છે.

મહાઅષ્ટમી વ્રત અને સાધનાની શાસ્ત્રોક્ત વિધિ

અષ્ટમીના દિવસે વ્રત રાખનારા ભક્તોએ સવારે સૂર્યોદય પૂર્વે સ્નાન કરી શુદ્ધ વસ્ત્રો ધારણ કરવા જોઈએ. પૂજાસ્થળે ગંગાજળ છાંટી આસન પાથરવું.

સંકલ્પ અને સ્થાપના: હાથમાં જળ, અક્ષત અને પુષ્પ લઈ દેવી સમક્ષ પોતાની મનોકામના પૂર્ણ કરવાનો સંકલ્પ કરવો.

પંચોપચાર / ષોડશોપચાર પૂજન: માતાજીને ચંદન, કંકુ, ધૂપ, દીપ, નૈવેદ્ય અને લાલ ચૂંદડી અર્પણ કરવી.

હવનવિધિ : અષ્ટમીના દિવસે ઘણા પરિવારોમાં કુળદેવીના હવનની પરંપરા હોય છે. હવન સામગ્રીમાં ઘી, કપૂર, ગૂગળ, લવિંગ, કમળકાકડી અને સાકર મિક્સ કરી દેવીના મંત્રો સાથે આહુતિ આપવી. આ આહુતિ વાતાવરણને શુદ્ધ કરી ઘરમાં સકારાત્મક ઊર્જા ભરી દે છે.

સાત્ત્વિક આહાર અને રાત્રિ જાગરણ : અષ્ટમીનું વ્રત કરનારે ફળાહાર કરવો. રાત્રે દેવીના સ્તોત્રો, ગરબા કે મંત્રજાપ દ્વારા રાત્રિ જાગરણ કરવું શાસ્ત્રોમાં ખૂબ પુણ્યશાળી ગણાવ્યું છે.

ગુજરાતનો ભાતીગળ ગરબો : ભક્તિ, સંસ્કૃતિ અને લોકનૃત્યનો સમન્વય

ગુજરાતની ઓળખ વિશ્વભરમાં વેપાર, સાહસ અને તેની આગવી જીવનશૈલીથી છે, પરંતુ જ્યારે સંસ્કૃતિ અને ઉત્સવપ્રિયતાની વાત આવે. ત્યારે સૌથી પહેલો વિચાર ‘ગરબા’ નો આવે છે.

નવરાત્રિના પવિત્ર દિવસોમાં ડોલના ધબકારે અને તાળીઓના તાલે ઘૂમતો ગરબો માત્ર એક લોકનૃત્ય નથી, પરંતુ આદ્યશક્તિ જગદંબાની આરાધનાનું સર્વોચ્ચ માધ્યમ છે. યુનેસ્કો દ્વારા અમૂર્ત સાંસ્કૃતિક વારસા તરીકે માન્યતાપ્રાપ્ત ગુજરાતનો આ ગરબો આજે વૈશ્વિક સ્તરે ભારતનું ગૌરવ વધારી રહ્યો છે.

ગરબાનો મૂળ અર્થ અને ઐતિહાસિક પૃષ્ઠભૂમિ

‘ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ ‘ગર્ભદીપ’ પરથી ઉતરી આવ્યો છે. માટીના નાના ઘડામાં નાના નાનાં છિદ્રો પાડીને તેની અંદર પ્રગટાવવામાં આવતો દીવો એટલે ગર્ભદીપ. તાત્ત્વિક અર્થ : માટીનાં ઘડોએ માનવ શરીરનું પ્રતિક અને અંદર પ્રગટતો દીવો એ શરીરમાં રહેલા અખંડ આત્મા તથા દૈવી શક્તિનું પ્રતિક છે.

ઉપાસના પદ્ધતિ : ચોકમાં કે મંડપમાં માતાજીની સ્થાપના કરી, વચ્ચે આ ગરબો કે અખંડ જ્યોત મૂકી તેની આસપાસ ગોળાકારમાં ભક્તિભાવપૂર્વક ઘૂમવું અને માતાજીના ગુણગાન ગાવા એ ગરબાની મૂળભૂત વિધિ છે. વર્તુળાકાર ભ્રમણ જીવન અને મૃત્યુના અનંત ચક્રનું નિર્દેશન કરે છે.

ગરબાના વિવિધ ભાતીગળ પ્રકારો

ગુજરાતના અલગ-અલગ પ્રાંતોમાં અને કેટલાક શહેરોમાં ગરબાની શૈલી, લય અને ગાયકોમાં સુંદર વૈવિધ્ય જોવા મળે છે.

1. પ્રાચીન ભક્તિ ગરબો અને ગરબી-ગરબો : પરંપરાગત રીતે માતાજીની સ્તુતિ છંદ અને ભક્તિ ગીતો સ્ત્રીઓ દ્વારા ગવાતાં કવિ વલ્લભ મેવાડા અને દલપતરામ જેવા ભક્તકવિઓએ રચેલા ગરબા આજે પણ પરંપરાગત ચોકમાં ગવાય છે અને રમાય પણ છે.

ગરબી : ખાસ કરીને પુરુષો દ્વારા રમાતી આ સૈલીમાં ભક્તકવિ દયારામની કૃષ્ણપ્રેમથી છલકાતી ગરબીઓ ખૂબ જાણીતી છે. તેમાં લાકડાની માંડવી કે ગરબી શિર પર રાખીને અથવા તેની ફરતે તાલબદ્ધ કદમો સાથે ગરબા કરવામાં આવે છે.

2. તાળી રાસ : (એક તાળી, બે તાળી અને ત્રણ તાળી) તાળીઓની લયબદ્ધતા ગરબાનો પ્રાણ છે.

એક તાળી અને બે તાળી : ધીમી અને મધ્યમ ગતિએ શરીરને હળવા વળાંક વાળીને અને નાચીને તાળી પાડતા સાથે ગરબા રમવામાં આવે છે.

ત્રણ તાળી : અત્યંત લોકપ્રિય અને ઊર્જાસભર શૈલી. ત્રણ તાળી, ચપટી અને પગના ચોક્કસ ઠેકડા સાથે ઝડપી ગતિએ આ ગરબો ઘૂમીને રમવામાં આવે છે.

પતિની હત્યા કરી લાશને ડ્રમમાં સંતાડનાર પત્ની, પ્રેમીને ફાંસી

મેરઠના હત્યાકાંડમાં મુસ્કાન અને સાહિલને સજા, ગુનેગારોને સજા આપવી ધર્મ છે મહાભારતનો ઉલ્લેખ કરીને જજે સજા ફટકારી

મેરઠ

મેરઠમાં પ્રેમી સાથે મળીને પતિની હત્યા કરનારી મુસ્કાન રસ્તોગીને કોર્ટે ફાંસીની સજા ફટકારી છે. મુસ્કાનની સાથે તેના નશેડી પ્રેમી સાહિલ શુકલાને કોર્ટે ફાંસીની સજા આપી છે. બન્નેએ મળીને મર્ચન્ટ નેવી ઓફિસર સૌરભ રાજપુતની હત્યા કરી હતી, બાદમાં તેના મૃતદેહના ટુકડા કરીને એક બ્લૂ રંગના ડ્રમમાં ભરીને સિમાન્ટથી તેના પર પ્લાસ્ટર કરી નાખ્યું હતું. માર્ચ ૨૦૨૫ની આ ઘટનામાં હવે મેરઠની ટ્રાયલ કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો છે.

૨૦૧૬માં સૌરભ અને મુસ્કાન બન્નેએ પ્રેમ લગ્ન કર્યા હતા, બન્ને બ્રહ્મપુરીમાં મકાન ભાડે રાખીને રહેતા હતા, ૨૦૧૯માં બન્ને વચ્ચે એક



બાળકીનો જન્મ પણ થયો હતો. તે સમયે સૌરભ મર્ચન્ટ નેવીમાં કામ કરતો હતો, આ નોકરી છોડીને બાદમાં લંડનમાં એક મોલમાં સેલ્સ મેનેજર તરીકે નોકરી કરવા લાગ્યો. આ દરમિયાન જ સૌરભની પત્ની મુસ્કાનની મેરઠમાં તેના સ્કૂલ સમયના મિત્ર સાહિલ સાથે મુલાકાત થઈ હતી. બન્ને મુલાકાત બાદ સંબંધમાં બંધાયા. આ દરમિયાન સૌરભ ખાસ પત્ની મુસ્કાન અને પુત્રીનો જન્મ દિવસ ઉજવવા માટે લંડનથી ઘરે આવ્યો હતો. ૩ માર્ચ ૨૦૨૫ની રાત્રે મુસ્કાને સૌરભના ભોજનમાં ઝેરી દવા નાખી જેને કારણે સૌરભ બેભાન થઈ ગયો. આ દરમિયાન જ મુસ્કાને પોતાના પ્રેમી સાહિલને બોલાવીને સૌરભની ચાકુ મારીને હત્યા કરી નાખી.

બાદમાં સૌરભના શરીરના ટુકડા કરીને વાદળી રંગના ડ્રમમાં નાખીને ઉપર સિમેન્ટથી ધરબી દીધું. બાદમાં બન્ને હિમાચલમાં ફરવા માટે ગયા હતા. જોકે મૃતદેહની દુર્ગંધ આવતા મામલો બહાર આવ્યો હતો. ગયા વર્ષે ૧૯મી માર્ચે ધરપકડ કરાયેલા મુસ્કાન રસ્તોગી અને સાહિલ શુકલા બન્નેની ધરપકડ કરી લેવાઈ હતી. સાહિલ શુકલા મુસ્કાન સાથે મળીને ડ્રગ્સનો નશો પણ કરતો હતો. આ મામલે મેરઠની કોર્ટમાં ટ્રાયલ શરૂ કરવામાં આવી હતી, જેનો અંતે ચુકાદો આપવામાં આવ્યો છે. ૧૫ દિવસ પહેલા બન્નેને આઈપીસીની કલમ ૩૦૨ (હત્યા), ૨૩૮ (એ) પુરાવાનો નાશ કરવા બદલ ફાંસીની સજા આપી છે. સજા આપતી વખતે મેરઠની જિલ્લા અને સેશન્સ કોર્ટના જજ અરવિંદ કુમાર મિશ્રાએ મહાભારતનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે ગુનેગારને તેના ગુનાની સજા આપવી પણ ધર્મ છે.

કોર્ટે બન્નેને ૭૦ હજાર રૂપિયાનો દંડ પણ કર્યો છે. પોલીસે આ મામલામાં ૧૦૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં ૨૨ સાક્ષીઓ, સીસીટીવી, ફોરેન્સિંક પુરાવા, કોલ રેકોર્ડની વિગતો વગેરેનો સમાવેશ થાય છે.

હાઈજેકિંગ અંગે એલર્ટ બાદ જર્મની-દિલ્હી ફ્લાઈટ જયપુર ડાયવર્ટ કરાઈ

ફ્લાઇટના પાયલટે કોડ 7500નો સંદેશો મોકલ્યો હતો

નવી દિલ્હી

જર્મનીથી દિલ્હી આવી રહેલી એર ઈન્ડિયાની એક ફ્લાઈટમાં હાઈજેકિંગની એલર્ટ આપવામાં આવી હતી, જેને પગલે બાદમાં આ ફ્લાઈટને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી. જર્મનીના ફ્રેન્કફર્ટથી દિલ્હી આવતી એર ઈન્ડિયાની ફ્લાઈટ બોઈંગ ૭૮૭-૯માં આશરે ૨૯૩ મુસાફરો અને ૧૩ ક્રૂ સવાર હતા. સવારે ૯.૩૫ કલાકે જયપુર એરપોર્ટ પર ઉતરી હતી. જે બાદ તમામ મુસાફરોને ટર્મિનલ બિલ્ડિંગમાં લઈ જવાયા હતા અને તપાસ કરવામાં આવી હતી. જોકે હાઈજેક અંગેની જે એલર્ટ મળી હતી તે જુઠી નીકળી હતી. તપાસમાં કઈ જ જોખમકારક ના મળતા અંતે ફ્લાઈટને દિલ્હી તરફ રવાના કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ ફ્લાઈટના પાયલટે કોડ ૭૫૦૦નો સંદેશો મોકલ્યો હતો જે સામાન્ય રીતે ગેરકાયદે પ્રવૃત્તિ માટે જાણીતો છે. આ એલર્ટ આપવામાં આવી ત્યારે ફ્લાઈટ મુંબઈ ફ્લાઈટ ઈન્ફોર્મેશન રિજનમાં હતી. બાદમાં જ તેને જયપુર તરફ ડાયવર્ટ કરવામાં આવી હતી.

કાનપુરમાં ભાજપના નેતાને ફાર્મહાઉસમાં બાનમાં લઈને માર મારી 50 લાખની લૂંટ

રત ફરેલા પ્રદેશ મંત્રી રમેશ યાદવના હાથ-પગ બાંધી લૂંટારુઓ ફરાર થઈ ગયા

લખનઉ

ઉત્તર પ્રદેશના કાનપુરમાં ભાજપના પછાત વર્ગ મોરચાના નવનિયુક્ત પ્રદેશ મંત્રી અને દિગ્ગજ નેતા રમેશ યાદવના ફાર્મહાઉસમાં મધરાતે લૂંટની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, પ્રદેશ મંત્રી બન્યા બાદ રમેશ યાદવ દિવસ દરમિયાન લખનઉમાં પોતાનો નવો પદભાર સંભાળવા ગયા હતા. ત્યાંથી મોડી સાંજે કાનપુર પરત ફરીને તેઓ શહેરથી આશરે 15 કિલોમીટર દૂર આવેલા પોતાના ફાર્મહાઉસમાં રોકાયા હતા. આ દરમિયાન રાત્રે બુકાનીધારી લૂંટારુઓ તેમના ફાર્મહાઉસમાં ઘૂસી આવ્યા હતા. લૂંટારુઓએ સૌપ્રથમ રમેશ યાદવને કાબૂમાં લઈને બાનમાં લીધા હતા તથા તેમના હાથ-પગ બાંધી દઈ બરોબરનો માર માર્યો હતો. ત્યારબાદ આ શખ્સો ઘરમાં તપાસ કરીને આશરે 50 લાખ રૂપિયાની રોકડ તેમજ કિંમતી સામાન લૂંટીને નાસી છૂટ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે ફાર્મહાઉસની બહાર તહેનાત સુરક્ષાકર્મીને પણ અંદર ચાલી રહેલી આ લૂંટની સહેજ પણ ગંધ આવી નહોતી. ભાજપના નેતાને ત્યાં થયેલી લૂંટની જાણ થતાં જ પોલીસ તંત્રમાં ભારે દોડધામ મચી ગઈ હતી. સંયુક્ત પોલીસ કમિશનર ડૉ. વિપિન તાડા અને દક્ષિણ ઝોનના ડીસીપી દીપેન્દ્રનાથ ચૌધરી સહિતના ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા. પોલીસે લૂંટારુઓની ઓળખ મેળવી તેમને ઝડપી પાડવા માટે ફાર્મહાઉસ અને આસપાસના વિસ્તારોના સીસીટીવી દૃશ્યો તપાસવાનું શરૂ કર્યું છે.

ગર્ભવતી પત્રકારને ધક્કો મારવાના આરોપની તપાસ થશે : સુપ્રીમ કોર્ટની રાહુલ ગાંધીને નોટિસ

પત્રકારને હોસ્પિટલમાં દાખલ કરવાનો દાવો, સુરક્ષા પર સવાલ અને કાનૂની દલીલો

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટ સંકુલમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી દ્વારા એક ગર્ભવતી મહિલા પત્રકારને ધક્કો મારવાના ગંભીર આરોપ મામલે સર્વોચ્ચ અદાલતે તપાસની ખાતરી આપી છે. ભાજપના વરિષ્ઠ વકીલે સુનાવણી દરમિયાન આરોપ મૂક્યો હતો કે રાહુલ ગાંધીના ધક્કાના કારણે ઈજાગ્રસ્ત થયેલી સગર્ભા પત્રકારને હોસ્પિટલમાં દાખલ કરવી પડી છે. આ મામલે ચીફ જસ્ટિસ સૂર્યકાંતની બેન્ચે સ્પષ્ટ કર્યું છે કે અદાલત આ સમગ્ર ઘટનાની તપાસ કરશે.

સુપ્રીમ કોર્ટમાં સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ ગૌરવ ભાટિયાએ ન્યૂઝ એજન્સી ANIના રિપોર્ટનો હવાલો આપી રજૂઆત કરી હતી કે 12 ઓક્ટોબરે અદાલત પરિસરમાં ભારે ભીડ વચ્ચે રાહુલ ગાંધીએ એક વ્યક્તિને આગળ ધકેલ્યો હતો, જે સીધો સામે ઊભેલી ગર્ભવતી મહિલા પત્રકાર પર પડ્યો હતો. આ ઘટના બાદ મહિલા પત્રકારની તબિયત લથડતાં તેને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. ભાજપે આક્ષેપ કર્યો છે કે રાહુલ ગાંધીએ જાણીજોઈને ગર્ભવતી પત્રકાર સાથે આ પ્રકારનું વર્તન કર્યું હતું. અદાલતમાં દલીલ કરતાં જણાવવામાં આવ્યું હતું કે પત્રકારો ભલે ગમે તે મુદ્દાનું કવરેજ કરતા હોય, તેમને પૂરતી સુરક્ષા મળવી જોઈએ. સામે પક્ષે વરિષ્ઠ વકીલ ઈન્દિરા જયસિંહે કોર્ટરૂમમાં રાજકારણ લાવવામાં આવી રહ્યું હોવાનો વાંધો ઉઠાવ્યો હતો.

ફૂટેજ નહીં મળતા ચૂંટણી પંચને SCએ ખખડાવી કહ્યું, કોઈ બહાના નહીં ચાલે

માલેરેડ્ડી રંગા રેડ્ડીને સમન્સ પાઠવવાની ઉગ્ર માંગ કરાઈ

ચેન્નઈ

કર્ણાટકની 2023ની ચૂંટણીની મતગણતરી સાથે જોડાયેલી વીડિયો રેકોર્ડિંગ ગાયબ થતાં સુપ્રીમ કોર્ટે ભારતીય ચૂંટણી પંચની ઝાટકણી કાઢી છે. જસ્ટિસ સંજય કુમાર અને સંજીવ સચદેવાની પીઠે ચૂંટણી કરાવતી દેશની સર્વોચ્ચ સંસ્થા પાસેથી રેકોર્ડ ખોવાઈ જવા સામે ભારે આશ્ચર્ય અને નારાજગી વ્યક્ત કરી હતી. સુનાવણી દરમિયાન જ્યારે ચૂંટણી પંચ તરફથી રજૂ થયેલા વરિષ્ઠ તજજ્ઞે કોર્ટને જણાવ્યું કે 2023ની મૂળ મતગણતરીનો વીડિયો મળી રહ્યો નથી અને તેને શોધવાના પ્રયાસો ચાલુ છે, ત્યારે સુપ્રીમ કોર્ટે આ દલીલને તાત્કાલિક ફગાવી દીધી હતી. પીઠે સખત શબ્દોમાં કહ્યું હતું કે, 'તમારું મુખ્ય કામ જ નિષ્પક્ષ ચૂંટણી કરાવવાનું છે, તો પછી તમારી પાસે તેનાથી જોડાયેલા દસ્તાવેજો અને વીડિયો રેકોર્ડ કેમ નથી? અમે આવા નબળા અને નકામા બહાના સાંખી નહીં લઈએ.' કોર્ટે નિર્દેશ આપ્યો છે કે હવે પછીની સુનાવણીમાં પંચ પાસે જે પણ વિગતો ઉપલબ્ધ હોય તે રજૂ કરવામાં આવે. આ મામલાની સુનાવણી 15 ફેબ્રુઆરી, 2027ના રોજ નક્કી કરાઈ છે.

મોંઘવારીનો માર ઓગસ્ટના 9.92 ટકા સામે ખાધાન્ન ફુગાવો વધીને 8.66 ટકાએ પહોંચી ગયો

સપ્ટેમ્બરમાં ખાદ્ય ચીજો, ઈંધણ અને વીજળી મોંઘા થતાં જથ્થાબંધ ફુગાવો વધી 11.39 ટકા પર પહોંચ્યો

નવી દિલ્હી

ભારત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડા મુજબ સપ્ટેમ્બરમાં દેશનો ફુગાવો વધીને 11.39 ટકા પર પહોંચી ગયો છે, જે અગાઉ ઓગસ્ટ મહિનામાં 9.92 ટકા નોંધાયો હતો. સપ્ટેમ્બરમાં ખાદ્યાન્ન ચીજવસ્તુઓ, ઉત્પાદિત વસ્તુઓ તેમજ ઈંધણ અને વીજળીના ભાવમાં થયેલા વધારાને કારણે જથ્થાબંધ મોંઘવારીના દરમાં આ ઉછાળો આવ્યો છે. વિવિધ ક્ષેત્રોની વાત કરીએ તો ખાદ્યાન્ન વસ્તુઓના સૂચકઆંકમાં મોંઘવારીનો દર ઓગસ્ટના 7.05 ટકાથી વધીને સપ્ટેમ્બરમાં 8.66 ટકા થઈ ગયો છે. આ ઉપરાંત ઉત્પાદિત ચીજવસ્તુઓની શ્રેણીમાં જથ્થાબંધ ફુગાવાનો દર ઓગસ્ટમાં 8.37 ટકા હતો, જે સપ્ટેમ્બરમાં વધીને 9.76 ટકાની વિક્રમી સપાટીએ પહોંચી ગયો છે. જ્યારે ઈંધણ અને વીજળીના વિભાગમાં જથ્થાબંધ ભાવાંક આધારિત મોંઘવારી દર ગયા મહિનાના 22.93 ટકાની સરખામણીએ સપ્ટેમ્બરમાં વધીને 25.85 ટકા રહ્યો હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જથ્થાબંધ ભાવાંકની વિગતો જાહેર કરતાં જણાવ્યું છે કે સપ્ટેમ્બરમાં પેટ્રોલિયમ ઉત્પાદનો સહિતના ખનિજ તેલ, ખાણી-પીણીની વસ્તુઓ, ખનિજ તેલ (ક્રૂડ), કુદરતી ગેસ, કોલસો અને લિગ્નાઈટ, મૂળભૂત ધાતુઓ, રસાયણ અને રાસાયણિક ઉત્પાદનો, કાપડ, રબર અને પ્લાસ્ટિકની બનાવટો તથા વીજ ઉપકરણોના ભાવ વધવાથી જથ્થાબંધ ફુગાવામાં વૃદ્ધિ જોવા મળી છે.

કોલકાતામાં મમતા બેનરજી પર તેમના નિવાસસ્થાન બહાર મહિલા દ્વારા હુમલાનો પ્રયાસ

કોલકાતા

પશ્ચિમ બંગાળના પૂર્વ સીએમ મમતા બેનરજી પર કોલકાતાના કાલીઘાટ સ્થિત નિવાસસ્થાન બહાર અજાણી મહિલાએ હુમલાનો પ્રયાસ કર્યો હતો. દુર્ગા પૂજા પંડાલનું ઉદ્ઘાટન કરવા નીકળેલા મમતા બેનરજીની સાડી ખેંચીને પાડી દેવા પ્રયત્ન કર્યો હતો. કાર્યકરોએ યુવતીને રોકી જમીન પર પટકી છતાં તે ડર્યા વગર રસ્તા પર સૂઈને મોટેથી અપશબ્દો બોલતી હતી. અંતે તેને કાલીઘાટ પોલીસને સોંપાઈ હતી. રાજ્યસભા સાંસદ ડોલા સેને ખુલાસો કર્યો કે પોતાને સગી ભત્રીજી ગણાવી ફોઈ કહીને ભીડમાં ઘૂસેલી નશાખોર યુવતી પાસેથી છરી મળી હતી. ઘટનાથી સુરક્ષા અને પોલીસ-બંદોબસ્ત સામે નેતાઓએ સવાલો ઉઠાવ્યા હતા.

સીજેપીના આંદોલન વખતે આકરી કાર્યવાહી બદલ દિલ્હી પોલીસ-કેન્દ્રએ સુપ્રીમ કોર્ટમાં માફી માંગી

પોલીસ કમિશનરે પગલાંને જરૂરી ગણાવ્યા, કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને પણ માંગી માફી

નવી દિલ્હી

દિલ્હીમાં 10 ઑક્ટોબરના રોજ યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન લાદવામાં આવેલા કડક પ્રતિબંધો મામલે દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટ સમક્ષ બિનશરતી માફી માંગી છે. ચીફ જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાગચીની બેન્ચ સમક્ષ થયેલી સુનાવણીમાં કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને પણ બિનશરતી માફી માંગી હતી. જોકે તેમણે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ પગલાં લેવા અનિવાર્ય હોવાની સ્પષ્ટતા પણ કરી છે.

દિલ્હી પોલીસ કમિશનર અનુરાગ કુમારે સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું રજૂ કરીને બિનશરતી માફી માંગી હતી. તેમણે જણાવ્યું કે, ઈન્ટેલિજન્સ ઇનપુટ્સ અને ગ્રાઉન્ડ રિયાલિટીના આધારે 10 ઑક્ટોબરના રોજ અગમચેતી રૂપે આ પગલાં લેવામાં આવ્યા હતા. સમયસર યોગ્ય કાનૂની કાર્યવાહી કરવાથી મોટી કાયદો અને વ્યવસ્થાની કટોકટી ટાળી શકાઈ હતી. દિલ્હી દેશની રાજધાની હોવાથી સુરક્ષા વ્યવસ્થાને તે સંદર્ભમાં જોવી જરૂરી છે. તેમણે સોગંદનામામાં જણાવ્યું કે, દિલ્હી પોલીસ તરફથી 10 ઑક્ટોબરના રોજ રાત્રે 10 વાગ્યા સુધી મોબાઇલ ઈન્ટરનેટ સેવા બંધ રાખવાની વિનંતી મળી હતી. પરિસ્થિતિની ગંભીરતા અને જાહેર વ્યવસ્થા ખોરવાતી રોકવા માટે આ વિનંતી કાયદેસર અને જરૂરી લાગતાં મંજૂર કરવામાં આવી હતી.

ધર્માંતરણ પછી અનામત ના મળે સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

સહારનપુર

સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હિન્દુ સામાજિક વ્યવસ્થાના પછાત વર્ગ (OBC) કે અનુસૂચિત જાતિ (SC) સાથે જોડાયેલી વ્યક્તિ અન્ય ધર્મ અપનાવ્યા પછી અનામતનો દાવો કરી શકે નહીં. નોંધનીય છે કે અગાઉ તમિલનાડુ સરકારે ઇસ્લામ સ્વીકારનારા લોકોને 'પછાત વર્ગ મુસ્લિમ' શ્રેણી હેઠળ અનામતનો લાભ લેવાની છૂટ આપી હતી. સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ પી. કે. મિશ્રા અને જસ્ટિસ શ્રી ચંદ્રશેખરની વિશેષ પીઠે આ મામલે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને સંપૂર્ણપણે બહાલ રાખ્યો છે. કોર્ટ કહ્યું કે, હિન્દુ સામાજિક વ્યવસ્થાના પછાત વર્ગ કે અનુસૂચિત જાતિ સાથે સંકળાયેલી વ્યક્તિ કોઈ અન્ય ધર્મ અપનાવ્યા પછી અનામતનો લાભ મેળવવાનો દાવો કરી શકે નહીં. ધર્મ પરિવર્તન પછી હિન્દુ સામાજિક વ્યવસ્થાનું પછાતપણું બીજા ધર્મમાં કે બિન-હિન્દુ સામાજિક વ્યવસ્થામાં સ્થાનાંતરિત થઈ શકતું નથી.

ચૂંટણી પંચનો નિર્ણય, 17 રાજ્યોમાં મતદાર યાદીનું SSR હાથ ધરાશે

નવી દિલ્હી

ચૂંટણી કાર્ડની યાદી અને SIRને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે દેશના ચૂંટણી પંચે એક મોટો નિર્ણય લીધો છે. ચૂંટણી પંચે ગુરુવારે પત્ર જારી કરીને દેશના 17 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાતા યાદીમાં ખાસ સુધારો કરવા માટે 'વિશેષ સંક્ષિપ્ત પુનરીક્ષણ' (SSR) યોજવાની જાહેરાત કરી છે. આ પ્રક્રિયા માટે 1 જાન્યુઆરી 2027ને લાયકાતની તારીખ તરીકે નક્કી કરવામાં આવી છે. પંચે તમામ સંબંધિત રાજ્યોના મુખ્ય ચૂંટણી અધિકારીઓને પત્ર લખીને આ અંગે જાણ કરી દીધી છે. 17 રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોની યાદીમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, મણિપુર, ગોવા, બિહાર, પશ્ચિમ બંગાળ, આસામ, છત્તીસગઢ, કેરળ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન, તમિલનાડુ, અંદમાન અને નિકોબાર, લક્ષદ્વીપ અને પુડુચેરી સામેલ છે. 403 વિધાનસભા બેઠકો ધરાવતી ઉત્તર પ્રદેશની મુદત આગામી વર્ષે 22 મેના રોજ પૂરી થઈ રહી છે. મણિપુર (60 બેઠકો), ગોવા (40 બેઠકો), પંજાબ (117 બેઠકો) અને ઉત્તરાખંડ (70 બેઠકો) વિધાનસભાની મુદત માર્ચ 2027માં પૂર્ણ થશે. 'જન પ્રતિનિધિત્વ અધિનિયમ, 1950'ની કલમ 21 મુજબ ચૂંટણી પંચ પાસે વિધાનસભાની મુદત પૂરી થવાના 6 મહિના પહેલાં પણ ચૂંટણી યોજવાની સત્તા હોય છે.

મણિપુરના ઈમ્ફાલમાં BSFના 75 જવાન ફૂડ પોઈઝનિંગનો ભોગ બન્યા: હોસ્પિટલમાં દાખલ

બપોરના સમયે આ લોકોએ નાસ્તો કર્યા બાદ એમની તબિયત લથડી ગઈ, તમામ સુરક્ષિત

ઈમ્ફાલ

મણિપુરના પાટનગર શહેર ઈમ્ફાલમાં આજે ફૂડ પોઈઝનિંગને કારણે BSF (બોર્ડર સિક્યોરિટી ફોર્સ)ના 75 જવાન સહિત અન્ય ત્રણ લોકોની તબિયત લથડી છે. સારવાર માટે એમને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઊલ્ટી અને સતત પેટમાં દુખાવાની ફરિયાદ ઊઠતા આ લોકોનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.

અધિકારીએ જણાવેલી વિગત અનુસાર, ફૂડ પોઈઝનિંગની અસર સૈન્યના જવાન અને ત્રણ નાગરિકોને થઈ છે. આ ઘટના ગુરૂવારે બપોરના સમયે બની હતી. પછી તેમને યુદ્ધના ધોરણે હોસ્પિટલમાં એડમીટ કરવામાં આવ્યા હતા.

એવું જાણવા મળ્યું હતું કે, બપોરના સમયે આ લોકોએ નાસ્તો કર્યા બાદ એમની તબિયત લથડી ગઈ હતી. એ પછી સારવાર માટે એમને હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ તમામ લોકોની ઈમરજન્સી વોર્ડમાં સારવાર ચાલું છે. હાલમાં આ તમામ લોકોની સ્થિતિ સારી છે. રિકવરી પણ સારી છે.

બીમાર થવા પાછળનું કારણ ફૂડ પોઈઝનિંગ હોવાનું જાણવા મળ્યું છે. વિગત એવી પણ મળી છે કે, લામશાંગ વિસ્તારમાં તૈનાત BSFની 58મી બટાલિયનના 75 જવાનો અને 3 નાગરિકો આ ઘટનાનો ભોગ બન્યા છે. નાસ્તામાં પૂરી-શાક ખાધા પછી, સૈનિકોએ સતત ઉલટી થવાની ફરિયાદ કરી. પ્રાદેશિક તબીબી વિજ્ઞાન સંસ્થાનમાં એમની સારવાર કરવામાં આવી રહી છે. ઈમ્ફાલમાંથી આ કેસ સામે આવ્યા બાદ સૈન્યના અન્ય યુનિટમાં ફૂડની તપાસ વધારી દેવામાં આવી છે.

ઈન્ડિયા ગઠબંધનની રેલી વિરુદ્ધ કાર્યવાહી ચાર ફરિયાદ, 500 પોસ્ટ હટાવવા નોટિસ

ભ્રામક પ્રચાર સામે દિલ્હી પોલીસનું કડક વલણ: વીડિયો ખોટા હોવાના દાવા

નવી દિલ્હી

દિલ્હી પોલીસે સોમવારે વિપક્ષી ગઠબંધન 'INDIA' દ્વારા યોજાયેલા વિરોધ પ્રદર્શન અને માર્ચના સંદર્ભમાં કુલ 4 FIR દાખલ કરી છે. વિસ્તારમાં લાગુ કરવામાં આવેલા પ્રતિબંધાત્મક આદેશોનો ભંગ કરવા, બેરિકેડ્સ તોડવા અને રસ્તાઓને નુકસાન પહોંચાડવાના આરોપસર આ ગુના નોંધવામાં આવ્યા છે. તિલક માર્ગ પોલીસ સ્ટેશનમાં 2 FIR જ્યારે મંદિર માર્ગ અને બારાખંબા રોડ પોલીસ સ્ટેશનમાં 1-1 FIR દાખલ કરવામાં આવી છે.

આ વિરોધ પ્રદર્શન સિવાય, દિલ્હી પોલીસે દેશવિરોધી પ્રચાર અને અફવાઓ ફેલાવવા બદલ અલગથી અન્ય 4 FIR પણ નોંધાવી છે. તપાસ એજન્સીઓને શંકા છે કે પાકિસ્તાન સ્થિત સોશિયલ મીડિયા હેન્ડલ્સ દ્વારા પ્રદર્શનનો ગેરફાયદો ઉઠાવીને ભારતવિરોધી વાતાવરણ ઊભું કરવા અને કોમી સૌહાર્દ બગાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો.

પોલીસે વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સને પત્ર લખીને આશરે 500 જેટલી વાંધાજનક અને ગેરમાર્ગે દોરનારી પોસ્ટ્સ તાત્કાલિક અસરથી હટાવવા વિનંતી કરી છે. હાલ 100થી વધુ શંકાસ્પદ એકાઉન્ટ્સ પોલીસની નજરમાં છે, જેમાંથી ઘણા પાકિસ્તાનથી ઓપરેટ થતાં હોવાનું મનાય છે. તપાસમાં સામે આવ્યું છે કે સરહદ પારથી સંચાલિત કેટલાક ફેક એકાઉન્ટ્સ દ્વારા રમખાણો અને હિંસાના જૂના તેમજ એડિટ કરેલા વીડિયો વાયરલ કરવામાં આવી રહ્યા હતા.

ઉત્તરાખંડમાં કેબિનેટ મંત્રીએ પતિ સામે હિંસા અને મારપીટની ફરિયાદ નોધાવી

જાનથી મારી નાખવાના ષડયંત્રનો કર્યો ગંભીર ખુલાસો

અમરાવતી

ઉત્તરાખંડની પુષ્કર સિંહ ધામી સરકારમાં કેબિનેટ મંત્રી રેખા આર્યાએ પોતાના ફેસબુક પેજ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેઓ રડતાં રડતાં પોતાની વ્યથા વ્યક્ત કરી રહી છે. આ વીડિયોમાં તેમણે પોતાની સાથે ઘરેલુ હિંસા થઈ હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે અને આ અંગે પતિ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. રેખા આર્યાએ ફેસબુક પર માત્ર પોતાનો વીડિયો જ નહીં, પરંતુ પતિ ગિરધારી લાલ સાહૂના ફોટા સહિત બે ઓડિયો પણ પોસ્ટ કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે આ ઓડિયોએ તેમને હચમચાવી દીધા છે અને વૈવાહિક જીવન પર પ્રશ્નાર્થ ચિહ્ન મૂકી દીધું છે. પ્રામાણિકતા સાથે રહેવાના બદલામાં આવું પરિણામ મળવાને કારણે હૃદયરોગના હુમલા જેવી પીડા સાથે બાળકોની રક્ષા માટે તેમણે આ પગલું ભર્યું છે. પોલીસ ફરિયાદમાં તેમણે આરોપ લગાવ્યો છે કે તેમના પતિ ગિરધારી લાલ સાહૂ અગાઉથી પરણિત હતા અને સંતાનો ધરાવતા હતા, પરંતુ લગ્ન સમયે આ હકીકત છુપાવવામાં આવી હતી.

30ની લાડી ને 75નો વરઃ દીકરીની બહેનપણી ઉપર દાદા મોહી ગયા

ઈટાવા

ઉત્તર પ્રદેશના ઈટાવા જિલ્લામાં અનોખી લવ સ્ટોરી ચર્ચામાં છે. હકીકતમાં જોઈએ તો, ઓરૈયા જિલ્લાના સહાર બ્લોકના અરિયારી ગામના 75 વર્ષીય રામસુગરને 30 વર્ષીય ઈન્સ્ટાગ્રામ બ્લોગર રાની રાજપૂત સાથે પ્રેમ થઈ ગયો અને બંનેએ લગ્ન કરવાનો નિર્ણય લીધો છે. રામસુગરે જણાવ્યું કે, છેલ્લા બે વર્ષથી રાની તેમના ઘરે આવતી-જતી હતી. કેમ કે તેમની દીકરી રાધા યૂટ્યૂબર છે અને રાની ત્યાં વીડિયો શૂટ કરવા આવતી હતી. આ દરમ્યાન મુલાકાતો પ્રેમમાં બદલાઈ ગઈ, સાત વર્ષ પહેલા રામસુગરની પત્નીનું નિધન થઈ ચૂક્યું છે. પ્રેમ ઉમર નથી જોતી. આ વાતને સાચી સાબિત કરતી એક અનોખી પ્રેમ કહાનીએ લોકોને ચોંકાવી દીધા છે. ઓરૈયાના સહાર બ્લોકના અરિયારી ગામના રહેવાસી 75 વર્ષીય વૃદ્ધ રામસુગરને ઓરૈયાની રહેવાસી 30 વર્ષીય ચર્ચિત ઈન્સ્ટાગ્રામ બ્લોગર રાની રાજપૂત સાથે પ્રેમ થઈ ગયો. ઉમરના આ પડાવ પર પ્રેમને એવું ભૂત સવાર થયું કે બંને લગ્નના બંધને બંધાવાનો નિર્ણય લીધો હતો.

ઉધમપુરમાં ભયાનક અકસ્માત, મુસાફરો લઈને જતી બસ ઊંડી ખીણમાં ખાબકી, 18 ઈજાગ્રસ્ત

તાત્કાલિક બચાવ કામગીરી અને દર્દીઓને હોસ્પિટલ ખસેડવામા આવ્યા હતા

જમ્મુ કાશ્મીર

જમ્મુ-કાશ્મીરના ઉધમપુર જિલ્લામાં એક ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો, જેમાં મુસાફરો ભરેલી એક મિની બસ રસ્તા પરથી લપસીને ઊંડી ખીણમાં ખાબકી હતી. આ દુર્ઘટનામાં કુલ 18 મુસાફરો ઘાયલ થયા હતા. અકસ્માતનો ભોગ બનેલી આ મિની બસ ઉધમપુરથી ધંદલ તરફ જઈ રહી હતી તે દરમિયાન જોનૂ નજીક ચાલકે કાબૂ ગુમાવતાં આ બનાવ બન્યો હતો. અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું. રાહત અને બચાવ કામગીરી હાથ ધરીને તાત્કાલિક ઘટનાસ્થળે એમ્બ્યુલન્સ રવાના કરવામાં આવી હતી. તમામ 18 ઈજાગ્રસ્ત મુસાફરોને સમયસર બહાર કાઢીને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા. ઉધમપુરના ડેપ્યુટી કમિશનર અનંત દ્વિવેદીએ ઘટના અંગે વિગતો આપતાં જણાવ્યું હતું કે અકસ્માતની માહિતી મળતાં જ તાત્કાલિક એમ્બ્યુલન્સ મોકલી મુસાફરોને હોસ્પિટલ ખસેડાયા હતા. હોસ્પિટલ પહોંચ્યા બાદ તમામ દર્દીઓને સમયસર જરૂરી તબીબી સારવાર મળી રહી છે. હાલ તમામ 18 ઘાયલો સારવાર હેઠળ છે અને તેમાંથી કોઈની પણ સ્થિતિ ગંભીર નથી.

એશિયાડ રિવ્યૂ મીટિંગમાં ફેડરેશનોને ટકોર : 'પોતાની જવાબદારીને ગંભીરતાથી લો'

સ્પોર્ટ્સ મંત્રાલયે આગામી કોમનવેલ્થ ગેમ્સ અને એશિયન ગેમ્સનો માસ્ટર પ્લાન માંગ્યો

નવી દિલ્હી । એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓના અપેક્ષા કરતાં નબળા પ્રદર્શન બાદ સ્પોર્ટ્સ મંત્રાલયે નેશનલ સ્પોર્ટ્સ ફેડરેશન્સ સાથે ગંભીર સમીક્ષા બેઠક યોજી હતી. આ બેઠકમાં ખાસ કરીને એથ્લેટિક્સ અને બેડમિન્ટન જેવા મુખ્ય રમતોમાં મળેલા ઓછા મેડલ તેમજ હાઈ-પ્રોફઈલ એથ્લેટ્સના કંગાળ પ્રદર્શન અને જાપાન પહોંચ્યા બાદ અચાનક થયેલી ઈજાઓ પર કેન્દ્રીય રમત મંત્રીએ આકરા સવાલો પૂછ્યા હતા. રમત મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં પ્રશ્ન કર્યો હતો કે, 'મીરાબાઈ ચાનુ ક્યાં સુધી આપણા માટે એકલા મેડલ જીતતી રહેશે? આપણે અન્ય ૧૦ મીરાબાઈ ચાનુ તૈયાર કરવાની જરૂર છે. દરેક ફેડરેશને આ જવાબદારી ગંભીરતાથી લેવી પડશે. આપણે નવી પ્રતિભા શોધી, યોગ્ય ટ્રેનિંગ આપી ટોચના સ્તરે પહોંચે તેવું વાતાવરણ ઊભું કરવું પડશે. આ મહત્વપૂર્ણ બેઠકમાં સ્પોર્ટ્સ રાજ્ય મંત્રી રક્ષા ખડસે, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશનના પ્રમુખ પી.ટી. ઉષા, સ્પોર્ટ્સ સેક્રેટરી હરિ રંજન રાવ અને તમામ ૨૩જીહ્લ ના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. રમત મંત્રીએ ફેડરેશનોને રમતના પરિણામો બાબતે વધુ જવાબદાર બનવા આહવાન કર્યું હતું અને ભારતની રમતગમતની શ્રોષ્ઠતા ટકાવી રાખવા પરસ્પર તાલમેલ વધારવા પર ભાર મૂક્યો હતો. તેમણે ઉમેર્યું કે ભારતને માત્ર મુઠ્ઠીભર મેડલ વિજેતાઓ પર નિર્ભર રહેવાને બદલે સતત નવા એથ્લેટ્સની મજબૂત પાઈપલાઈનની તાતી જરૂરિયાત છે.

બોક્સિંગ ફેડરેશનમાં અંદરો-અંદર જ ભંગાણ : મહાસચિવ પ્રમોદ સસ્પેન્ડ

હૈદરાબાદ । બોક્સિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા (બીએફઆઈ)એ તેના મહાસચિવ પ્રમોદ કુમારને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. પ્રમોદ કુમાર પર સત્તાનો દુરુપયોગ, નાણાકીય અનિયમિતતાઓ, તપાસમાં અસહકાર અને તપાસ પ્રક્રિયામાં અડચણો ઊભી કરવા સહિતના ગંભીર આરોપો મૂકવામાં આવ્યા છે. ફેડરેશને સ્પષ્ટ કર્યું છે કે આ સસ્પેન્શન વચગાળાનું છે અને તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે. બીએફઆઈ દ્વારા જારી કરાયેલા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે કુમાર સામેના આરોપોની તપાસ ચાલી રહી છે. જ્યાં સુધી તપાસ પૂરી ન થાય અથવા કોઈ સક્ષમ અધિકારી દ્વારા આદેશમાં કોઈ ફેરફર ન થાય ત્યાં સુધી તેઓ મહાસચિવ પદેથી સસ્પેન્ડ રહેશે. પ્રમોદ કુમાર પર બીએફઆઈ એલાઈટ મેન્સ એન્ડ વિમેન્સ ઓપન બોક્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬ રદ થવાના મામલે ચાલી રહેલી તપાસમાં સહકાર ન આપવાનો પણ આરોપ છે.

શુભમન ગિલે પાંચમી વખત ICC પ્લેયર ઓફ ધ મંથનો ખિતાબ જીત્યો

દુબઈ

ભારતીય ટેસ્ટ અને વન-ડે કેપ્ટન શુભમન ગિલને સપ્ટેમ્બર મહિનાના આઈસીસી પ્લેયર ઓફ ધ મંથ તરીકે પસંદ કરવામાં આવ્યા છે. ગિલે પાંચમી વખત આ સન્માન મેળવીને પુરુષ ક્રિકેટરોમાં સૌથી વધુ વખત આ પુરસ્કાર જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે. તેમણે અભિષેક શર્મા અને ઝિમ્બાબ્વેના કેપ્ટન સિકંદર રઝાને પાછળ છોડયા છે. મહિલા વર્ગમાં ભારતીય ઓપનર શેફલી વર્માને



આ પુરસ્કાર મળ્યો છે. તેણે સાથી ખેલાડી શ્રીચરણી અને શ્રીલંકાની કેપ્ટન ચમારી અટાપટ્ટુને પાછળ રાખ્યાં છે. શેફલી વર્માએ સપ્ટેમ્બરમાં ૩૬૦ રન બનાવવા ઉપરાંત છ વિકેટ પણ ઝડપી હતી. મહિલા એશિયા કપમાં તે સૌથી વધુ રન બનાવનારી બેટર રહી હતી. બાંગ્લાદેશ સામે એશિયન ગેમ્સની સેમિફઈનલમાં તેણે અણનમ ૧૦૦ રન બનાવ્યા હતા, જ્યારે શ્રીલંકા સામેની ફઈનલમાં ૪૮ રનની ઈનિંગ રમી હતી.

ICC રેન્કિંગ : સ્મૃતિ મંધાનાએ ટોચનું સ્થાન જાળવી રાખ્યું



નવી દિલ્હી । આઈસીસીના મહિલા રેન્કિંગમાં ભારતીય કેપ્ટન સ્મૃતિ મંધાનાએ વન-ડે બેટિંગમાં ૭૯૦ અંક સાથે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. ઓસ્ટ્રેલિયાની એલિસ પેરી ટોપ-૧૦માં પરત ફરી છે, જ્યારે હરમનપ્રીત કૌર નવમા ક્રમે છે. વન-ડે બોલિંગ રેન્કિંગમાં દીપ્તિ શર્મા એક સ્થાન નીચે સરકીને નવમા ક્રમે પહોંચી છે. ટી-૨૦ બેટિંગમાં શેફલી વર્મા ચોથા, મંધાના પાંચમા અને હરમનપ્રીત દસમા સ્થાને છે. ટી-૨૦ બોલિંગમાં શ્રીચરણી અને દીપ્તિ ટોચનાં બે સ્થાને છે. ઓલરાઉન્ડર રેન્કિંગમાં દીપ્તિ ટી-૨૦માં ચોથા અને વન-ડેમાં છઠ્ઠા ક્રમે છે. ભારતીય મહિલા ટીમ વન-ડે અને ટી-૨૦ ટીમ રેન્કિંગમાં ત્રીજા સ્થાને છે.

કિવિ વન-ડે સિરીઝમાંથી બુમરાહ બહાર થઇ શકે

નવી દિલ્હી । ભારતીય ફસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ફિટ હોવા છતાં ન્યૂઝીલેન્ડ સામેની પાંચ વન-ડે સિરીઝમાંથી બહાર રહી શકે છે. ટીમ મેનેજમેન્ટ તેને ૧૯ નવેમ્બરથી વેલિંગ્ટન ખાતે શરૂ થતી ટેસ્ટ સિરીઝ માટે ફિટ રાખવા માંગે છે. બુમરાહે અમદાવાદમાં તૈયારી શરૂ કરી છે અને ટૂંક સમયમાં BCCI સેન્ટર ઓફ એક્સેલન્સ પહોંચશે. વર્કલોડ મેનેજમેન્ટના ભાગરૂપે તેને ૬ નવેમ્બરથી શરૂ થતી ઈન્ડિયા- છ ની મેચમાં રમાડવાની પણ યોજના છે. આગામી દિવસોમાં ટીમની જાહેરાત થશે, જેમાં પંત સહિતના ખેલાડીઓની ફિટનેસ પર નજર રહેશે.



વિનિસિયસ જૂનિયર પર ૪ મેચનો પ્રતિબંધ લાગ્યો

મેડ્રિડ । રિયલ મેડ્રિડના બ્રાઝિલિયન ફૂટબોલર વિનિસિયસ જૂનિયર પર સ્પેનિશ ફૂટબોલ ફેડરેશને ૪ મેચનો પ્રતિબંધ લગાવ્યો છે. વિલારિયલ સામેની મેચમાં તેણે વિરોધી ખેલાડી નાથન સાલિબાના વાળ ખેંચ્યા હતા, જેના માટે તેને ૨ મેચનો અને રેડ કાર્ડ મળ્યા બાદ રેફ્રી સાથે ઉગ્ર દલીલ કરવા બદલ વધુ ૨ મેચનો બેન ફટકારવામાં આવ્યો છે. આ સસ્પેન્શનને કારણે તે ૨૬ ઓક્ટોબરે બાર્સેલોના સામે રમાનારી મહત્વપૂર્ણ 'અલ-ક્લાસિકો' લા-લીગા મેચ નહીં રમી શકે. આ ઉપરાંત તે સેવિયા, રેસિંગ સાન્તાંદેર અને વેલેન્સિયા સામેની મેચો પણ ગુમાવશે.



યુવરાજસિંહ દિલ્હી કેપિટલ્સનો આસિસ્ટન્ટ બેટિંગ કોચ બન્યો



નવી દિલ્હી । પૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજ સિંહ IPLમાં દિલ્હી કેપિટલ્સના આસિસ્ટન્ટ અને બેટિંગ કોચ બન્યા છે. ફ્રેન્ચાઈઝીએ મંગળવારે x પર આ જાહેરાત કરી હતી. હેડ કોચ સૌરવ ગાંગુલીના નેતૃત્વમાં યુવરાજ પહેલીવાર કોચિંગની જવાબદારી સંભાળશે. આ નવી ભૂમિકા અંગે યુવરાજે કહ્યું કે, કોચિંગને લઈને તે ખૂબ જ ઉત્સાહી છે. દિલ્હી સાથે તેનો જૂનો નાતો છે અને ગાંગુલી સાથે કામ કરવું એ ખાસ તક છે. અગાઉ ૨૦૧૫માં દિલ્હી ફ્રેન્ચાઈઝીએ તેને તે સમયની સૌથી મોટી બોલી લગાવીને ૧૬ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો.યુવરાજે ૨૦૦૮ થી ૨૦૧૯ દરમિયાન ૬ અલગ-અલગ ફ્રેન્ચાઈઝી માટે IPL રમી હતી.


બાસ્કેટબોલ : જોર્ડનની જર્સી અધધ..૧૩૩ કરોડમાં વેચાઈ

ન્યુયોર્ક : અમેરિકાના દિગ્ગજ બાસ્કેટબોલ ખેલાડી માઈકલ જોર્ડને ૧૯૯૮ની ૨દમ્છ ફઈનલ્સમાં પહેરેલી ઐતિહાસિક લાલ જર્સી અંદાજે ૧૪૦ લાખ ડોલર (આશરે -૧૩૩ કરોડ)માં વેચાઈ છે. ખાનગી કરાર હેઠળ થયેલા આ સોદામાં મિયામીના ખરીદદાર રિચર્ડ લ્યુકેટે ઓક્શનર નીલ ફ્રિશમેન મારફત આ જર્સી ખરીદી છે, જેને બાસ્કેટબોલ રમતના ઈતિહાસની સૌથી મોંઘી યાદગાર ચીજ ગણાવવામાં આવી રહી છે. જોર્ડનની આ લાલ રંગની જર્સી અંગે જણાવવામાં આવ્યું છે કે, તેમણે ૫ જૂન, ૧૯૯૮ની રાત્રે એ શ્રોણીના બીજા મુકાબલા (ગેમ-૨) દરમિયાન આ જર્સી પહેરી હતી. ૬ મેચની આ શ્રોણીમાં શિકાગો બુલ્સ માટે એલ્ગિન બેલર જેવા ખેલાડીઓએ પોતાના શાનદાર પ્રદર્શનથી જીત અપાવી હતી. જોર્ડને પોતાની હોલ ઓફ ફેમ કારકિર્દીનું છઠ્ઠું અને અંતિમ ટાઈટલ જીત્યું હતું. અગાઉ ૨૦૦૩માં આ જર્સી એક પ્રાઈવેટ કલેક્ટરે હરાજી મારફત ખરીદી હતી.



ચેમ્પિયન્સ લીગ : એમબાપ્પે-હાલાન્ડે લિયોનેલ મેસીનો રેકોર્ડ તોડી નાંખ્યો

મેડ્રિડે રોમાને ૪-૩થી હરાવ્યું, માન્ચેસ્ટર સિટીને PSGએ ૨-૪ થી હરાવ્યું



રોમ । ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટમાં એમબાપ્પે અને એર્લિંગ હાલાન્ડે શાનદાર પ્રદર્શન કરતા મેસીના વર્ષો જૂના બે મોટા રેકોર્ડ તોડી નાખ્યા છે. રિયલ મેડ્રિડની રોમા સામેની જીતમાં એમબાપ્પેએ ગોલ ફટકારીને, જ્યારે માન્ચેસ્ટર સિટીની હારમાં હાલાન્ડે બે ગોલ ફટકારીને આ ઐતિહાસિક સિદ્ધિઓ પોતાના નામે કરી છે. એમબાપ્પે ચેમ્પિયન્સ લીગ ફૂટબોલ ટુર્નામેન્ટમાં સૌથી ઓછી ઉમરે ૧૦૦ મેચ રમનાર ખેલાડી બની ગયો છે. ૨૭ વર્ષીય એમબાપ્પેએ રિયલ મેડ્રિડ અને રોમા વચ્ચે રમાયેલી મેચમાં આ ઐતિહાસિક ઉપલબ્ધિ હાંસલ કરી હતી. એમબાપ્પેએ આ સાથે જ આર્જેન્ટિનાના લિયોનેલ મેસીનો રેકોર્ડ તોડયો છે. મેસીએ સપ્ટેમ્બર ૨૦૧૫માં ૨૮ વર્ષની ઉમરે બાર્સેલોના તરફથી રમતા રોમા સામે જ પોતાનો ગત રેકોર્ડ બનાવ્યો હતો.



જર્મનીમાં આગમાં 3 ભારતીય વિદ્યાર્થીના મોત, રોમાનિયન ઝડપાયો

બોખુમમાં બીજા માળના ફ્લેટમાંથી મૃતદેહ મળ્યા, 25-27 વર્ષની યુવતીઓ અને 26 વર્ષીય યુવક, 5ને ધુમાડાથી તકલીફ, દૂતાવાસ સક્રિય

બોખુમ

જર્મનીના બોખુમ શહેરમાં રહેણાક ઈમારતમાં આગ લાગતાં અભ્યાસ માટે ગયેલા ત્રણ ભારતીય વિદ્યાર્થીઓના મોત થયા હતા. મૃતકોમાં ઓળખ ઈડુક્કી જિલ્લાના કટ્ટપ્પાનાની નોવા સાબુ (25), કોલ્લમ જિલ્લાની અંજલી શીલા જોય (25) અને એર્નાકુલમ જિલ્લાના કાલાડીની સિવિન જોની (26) તરીકે થઈ છે. આ દુર્ઘટનામાં અન્ય પાંચ લોકો ઘાયલ થયા હતા. પોલીસે હત્યાની આશંકાએ 41 વર્ષના રોમાનિયન નાગરિકની ધરપકડ કરી છે. જોકે આગ લાગવાનું ચોક્કસ કારણ તપાસ બાદ જ સ્પષ્ટ થશે.

જર્મનીના નોર્થ રાઇન-વેસ્ટફેલિયા રાજ્યના બોખુમ શહેરમાં બુધવારે બની હતી. રહેણાક ઈમારતમાં આગ લાગ્યાની જાણ થતાં જ અગ્નિશમન દળના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ઈમારતમાં તપાસ દરમિયાન બીજા માળે આવેલા એક મકાનમાંથી ત્રણ ભારતીય વિદ્યાર્થીઓના મૃતદેહ મળી આવ્યા હતા. ત્રણેય



વિદ્યાર્થીઓ જર્મનીમાં અભ્યાસ કરી રહ્યા હતા. હજુ સુધી તેમના નામ અને ભારતના વતન અંગેની વિગતો જાહેર કરાઈ નથી. આ ઘટનાથી વિદેશમાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને ચિંતા ઊભી થઈ છે.

આગ અને ધુમાડાની અસરને કારણે અન્ય પાંચ લોકોને શ્વાસ લેવામાં તકલીફ થતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. આ પાંચેય ઘાયલોની નાગરિકતા અને તેમની હાલત અંગેની વિસ્તૃત વિગતો હજુ સામે આવી નથી. પોલીસે તપાસ દરમિયાન હત્યાની આશંકાએ 41 વર્ષના રોમાનિયન નાગરિકની ધરપકડ કરી છે. તેની સામેના આરોપો અને આગની ઘટના સાથે તેના સંબંધ અંગેની વિગતો હજુ સ્પષ્ટ થઈ નથી. આગ અકસ્માતે લાગી હતી કે તેની પાછળ ગુનાહિત કૃત્ય જવાબદાર છે તે તપાસ બાદ સામે આવશે.

બર્લિન સ્થિત ભારતીય દૂતાવાસના જણાવ્યા મુજબ જર્મનીમાં ભારતીય દૂતાવાસ અને ફ્રેન્કફર્ટ સ્થિત વાણિજ્ય દૂતાવાસ સ્થાનિક અધિકારીઓ તેમજ મૃતકોના પરિવારોના સંપર્કમાં છે. પરિવારોને જરૂરી મદદ પૂરી પાડવામાં આવી રહી છે. હાલ જર્મન સત્તાધીશો આગના કારણો, મોતના સંજોગો અને ધરપકડ કરાયેલા શખસની ભૂમિકાની તપાસ કરી રહ્યા છે.

ઓઇલ કંપની અરામકો પર મિસાઇલ એટેક, હૂતિઓના હુમલાથી હાહાકાર

દુબઈ

સાઉદી અરબના ઈરાન સમર્થિત હૂતી વિદ્રોહીઓ વચ્ચે ચાલી રહેલો સંઘર્ષ હવે એક ખતરનાક વળાંકે પહોંચી ગયો છે. મંગળવારે મોડી રાત્રે સાઉદી અરબના પૂર્વી શહેર ધહરાનમાં દુનિયાની સૌથી મોટી તેલ કંપની 'સાઉદી અરામકો'ના પ્રશાસનિક પરિસરને બેલેસ્ટિક મિસાઈલથી નિશાન બનાવવામાં આવ્યું હતું. સાઉદી સરકારી સમાચાર એજન્સી એસપીએ (SPA) દ્વારા બુધવારે ઉર્જા મંત્રાલયના એક અધિકારીને ટાંકીને જણાવવામાં આવ્યું કે આ હુમલા પછી ઈમારતમાં આગ લાગી ગઈ હતી.

કંપની સાથે જોડાયેલા એક સૂત્રએ જણાવ્યું કે મિસાઈલ હુમલામાં ઓફિસ બિલ્ડિંગના ઉપરના ત્રણ માળને નુકસાન થયું છે. આ સૂત્ર અને મામલાથી પરિચિત અન્ય બે વ્યક્તિઓએ ઈમારતમાં આગ લાગવાની જાણકારી આપી હતી. જો કે, આ હુમલાની જવાબદારી અંગે ઉપલબ્ધ અહેવાલોમાં કોઈ સ્વતંત્ર પુષ્ટિ કરવામાં આવી નથી. અરામકોનું આ પરિસર કંપનીના એક પ્રમુખ સંચાલન કેન્દ્ર તરીકે કામ કરે છે. દુનિયાની સૌથી મોટી તેલ કંપનીઓમાંની એક અરામકો સાઉદી અરબની અર્થવ્યવસ્થાનો મહત્વનો આધારસ્તંભ છે.

નવરાત્રિ નિમિત્તે અમેરિકામાં હિન્દ મંદિરમાં નરસંહારનું કાવતરું નિષ્ફળ, 1 યુવક ઝડપાયો

ઓરોરામાં હુમલાની તૈયારી, શ્વેત વર્ચસ્વનો મેનિફેસ્ટો, રાઇફલ અને ટેક્ટિકલ વેસ્ટ જપ્ત

ન્યૂયોર્ક

અમેરિકામાં ભારતીય મૂળના લોકો અને હિન્દુ ધાર્મિક સ્થળોને નિશાન બનાવી નરસંહારની સાજિશનો ઘટસ્ફોટ થયો છે. ઈલિનોઈસના ઓરોરામાં હિન્દુ પૂજાસ્થળ પર હુમલો કરવાની તૈયારી કરતા 19 વર્ષીય યુવકની ધરપકડ કરાઈ છે. આરોપી નવરાત્રીના અવસરે હુમલો કરવાની ફિરાકમાં હતો. આરોપી એલેક્ઝેન્ડ્રોસ પેપોરાકિસ છે. તપાસમાં શ્વેત વર્ચસ્વ જેવી ચરમપંથી વિચારધારા ધરાવતો મેનિફેસ્ટો મળ્યો છે. તેમાં દક્ષિણ એશિયા અને ખાસ કરીને ભારતીય મૂળના લોકો વિરુદ્ધ હિંસાની વાતો લખાઈ હતી. માસ શૂટિંગની યોજના પર્દાફાશ થયા બાદ 11 ઓક્ટોબરે ધરપકડ કરાઈ હતી. બુધવારે કોર્ટે કસ્ટડીમાં મોકલ્યો છે અને 30 ઓક્ટોબરે ફરી રજૂ કરાશે.

કાવતરાનો પર્દાફાશ સતર્ક નાગરિકને કારણે થયો હતો. માઉન્ટ પ્રોસ્પેક્ટ પોલીસને એક વ્યક્તિએ જાણ કરી હતી કે તેને પેપોરાકિસ તરફથી ચિંતાજનક મેસેજ મળ્યા છે. સાથે ડોક્યુમેન્ટ શેર કરાયું હતું, જેમાં ગોળીબારની પ્લાનિંગ અને રાઇફલ, બોડી આર્મરની તસવીરો હતી. ડિટેક્ટિવ્સની તપાસમાં સામે આવ્યું કે પેપોરાકિસ રવિવારે હુમલો કરવાનો હતો. પોલીસની સમયસૂચકતાને કારણે સમયસર ધરપકડ થઈ હતી. ઘરની તલાશીમાં રાઇફલ, અનેક લોડેડ મેગઝીન, સેંકડો રાઉન્ડ દારૂગોળો અને ટેક્ટિકલ સાધનો મળ્યા હતા. શ્વેત વર્ચસ્વવાદી પેચ લાગેલી ટેક્ટિકલ વેસ્ટ પણ મળી હતી. ગંભીરતાને ધ્યાને લઈ પોલીસે ઓરોરાના હિન્દુ પૂજાસ્થળોને સતર્ક કર્યા હતા. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને કાર્યવાહીની પ્રશંસા કરી છે.

ટ્રમ્પ તંત્રની ઈમિગ્રન્ટ્સ ઉપર તવાઈ, 540 દિવસનો ગ્રેસ પીરિયડ રદ, H-1Bને ફટકો

30 જૂન 2026 સુધી રીન્યુઅલ અરજીનો આંકડો 4.32 લાખને વટાવી ગયો હતો

વોશિંગ્ટન

ટ્રમ્પ વહીવટીતંત્રએ ઈમિગ્રન્ટ્સ અને ખાસ કરીને એચ-1બી વિઝાધારકોની હકાલપટ્ટી સુનિશ્ચિત કરી હોય તેમ ડીએચએસએ વર્ક પરમિટ પૂરી થયા પછી મળતો 540 દિવસનો ગ્રેસ પીરિયડ રદ કરવાનો આદેશ જારી કર્યો છે. સીધું કહ્યું છે કે પરમિટ પૂરી તો દેશ છોડો. આથી પરમિટ પૂરી થઈ ગઈ હોય અને રીન્યુઅલ અરજી પડતર હોય તેવા ઈમિગ્રન્ટ્સને પણ ઉચાળા ભરવા પડશે. અગાઉ આ નિયમ પર કામચલાઉ પ્રતિબંધ હતો. હવે 540 દિવસની જોગવાઈ ખતમ થતા સ્થિતિ વસમી બની છે. આ નિયમ બાઇડેનના સમયમાં અમલમાં આવ્યો હતો.

સરકારના પગલાથી આશ્રય માંગનારાઓ અને એચ-1બીના જીવનસાથીઓને ફટકો પડશે. એચ-1બીની જીવનસાથી નોકરી ન કરી શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. ફેડરલ વિભાગે કહ્યું કે આથી અધિકારીઓને બેકગ્રાઉન્ડ વારંવાર ચેક કરવાની છૂટ મળશે. ગ્રેસ પીરિયડ યુએસસીઆઈએસની પ્રક્રિયામાં વિલંબ સામે રક્ષણ માટે બાઇડેન શાસનમાં અમલી બન્યો હતો. ટ્રમ્પ તંત્રમાં પરમિટ જાળવવી આકરી બનાવાઈ છે. યુએસસીઆઈએસ સમક્ષ 30 જૂન 2026 સુધી રીન્યુઅલ અરજીનો આંકડો 4.32 લાખને વટાવી ગયો હતો. તેમાં 91 હજાર અરજી 18 મહિનાથી પડતર હતી. કામદારોએ એક્સપાયરીના 180 દિવસમાં દસ્તાવેજો રીન્યુ કરવા અરજી કરવાની હોય છે. જાન્યુઆરીમાં એચ-4 વિઝાધારકોએ ફેડરલ એજન્સીને કોર્ટમાં પડકારી હતી.

ફ્રાન્સમાં સાયબર હુમલો, ફ્રીઝનું તાપમાન 50 ડિગ્રી કર્યું, 350 મોલ-માર્કેટમાં આગ

પેરિસ

ફ્રાન્સ પર એક બિનપરંપરાગત સાયબર હુમલાએ સમગ્ર દુનિયામાં ચકચાર મચાવી છે. ટેક્નોલોજીના વિકાસ સાથે દુનિયામાં અત્યાર સુધમાં હેકર્સ દ્વારા ગ્રાહકોની માહિતી, પેમેન્ટ સિસ્ટમ્સ અથવા કંપનીઓના ડેટા હેક કરી નાણાં પડાવવામાં આવતા હતા અથવા તેની ક્રેડિટ લઈ રાજકીય હેતુ સર કરાતો હતો. પરંતુ ફ્રાન્સમાં 350 જેટલા સુપરમાર્કેટ્સમાં રાતના સમયે ઈન્ટરનેટ સાથે જોડાયેલા રેફ્રીજરેટર અને ફ્રીઝર હેક કરીને તેનું તાપમાન 50 ડિગ્રી કરી દેવાતા અનેક મોલમાં આગ લાગી હતી તેમજ રેફ્રિજરેટરમાં મૂકેલા ખાદ્ય પદાર્થો બગડી જતાં કંપનીઓને લાખોનું નુકસાન થયું હતું. આ સાયબર હુમલાની જવાબદારી હજુ સુધી કોઈએ લીધી નથી.

ફ્રેન્ચ તપાસકારોએ મંગળવારે જણાવ્યું હતું કે, સાયબર હુમલાની આ ઘટનાથી ખાદ્યાન્નનું કોઈ જોખમ ઊભું થયું નથી, પરંતુ બધા જ લોકો માટે આ એક 'વેકઅપ કોલ' સમાન છે. આ સાયબર ગુનામાં કોઈ ખંડણી માગવામાં આવી નહીં હોવાથી તપાસકારો મુંઝવણમાં મુકાઈ ગયા છે. સાયબર હુમલાની આ ઘટનામાં 350 જેટલા સુપરમાર્કેટ્સમાં આગ લાગી હોવાનું પણ સામે આવ્યું છે.

સ્ટારલિંકનો ઉપયોગ કરતા પકડાનારને બે વર્ષ સુધીની જેલ અને મૃત્યુદંડ થઈ શકે : ઈરાન

રબાત

ઈરાને એલન મસ્કની કંપની સ્પેસએક્સની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા સ્ટારલિંક સામે કડક વલણ અપનાવ્યું છે. ઈરાનની સરકાર સ્ટારલિંકને માત્ર ઈન્ટરનેટ સેવા નહીં, પરંતુ 'યુદ્ધનાં હથિયાર' તરીકે જુએ છે. દેશમાં સ્ટારલિંકનો ઉપયોગ કરતા પકડાનારને બે વર્ષ સુધીની જેલ થઈ શકે છે, જ્યારે તેના ટર્મિનલની આયાત અથવા વિતરણ કરવા બદલ પાંચ વર્ષ સુધીની સજાની જોગવાઈ છે. જાસૂસી અથવા રાષ્ટ્રીય સુરક્ષા સાથે જોડાયેલા ગંભીર આરોપોમાં મૃત્યુદંડ પણ થઈ શકે છે. આની પાછળ ઈન્ટરનેટ પર સરકારી નિયંત્રણ જાળવવા અને સુરક્ષાને લગતી ચિંતાઓ મુખ્ય કારણ હોવાનું મનાય છે.

હોર્મુઝ સ્ટ્રેટમાં માલવાહક જહાજ દરિયાઈ માઈન સાથે ટકરાયું, 2,500 કન્ટેનર ડૂબ્યા

આગ લાગ્યા બાદ જહાજ દરમિયામાં ગરકાવ થઈ ગયું

તહેરાન

સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી એક મોટી ઘટના સામે આવી છે. અહીં દરિયાઈ બારૂદી સુરંગ સાથે ટકરાયા બાદ 2,500 કન્ટેનર લઈને જઈ રહેલું એક મોટું માલવાહક જહાજ સમુદ્રમાં ડૂબી ગયું છે. ઈરાનની રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોર્પ્સ એટલે કે IRGCની નૌકાદળે બુધવારે જહાજ ડૂબવાની માહિતી આપી હતી.

બુધવારે સવારે આશરે 6:30 વાગ્યે જહાજ દરિયાઈ માઈન સાથે ટકરાયું હતું, જેના કારણે તેમાં ભીષણ આગ લાગી ગઈ હતી. આ વિસ્ફોટથી જહાજના તળિયામાં મોટું છિદ્ર પડી ગયું હતું, અને પાણી ભરાઈ જવાથી થોડી જ મિનિટોમાં આખું જહાજ દરિયામાં ગરકાવ થઈ ગયું હતું. જહાજ પર રહેલા તમામ 2,500 કન્ટેનર સમુદ્રના મોજાઓમાં વિખેરાઈ ગયા હતા. વર્તમાન સંઘર્ષ દરમિયાન ઈરાને પ્રથમ વખત કોઈ જહાજ દરિયાઈ માઈન સાથે ટકરાઈને ડૂબી ગયાની પુષ્ટિ કરી છે.

નાઈજીરિયામાં આર્મી બેઝ પર ઈસ્લામી કટ્ટરપંથીઓનો ભીષણ હુમલો, 10 સૈનિકોના મોત

અબુજા

બોરનો રાજ્યમાં સૈન્ય અડ્ડા પર બોકો હરામના કટ્ટરપંથીઓએ હુમલો કર્યો છે. આ હુમલામાં કટ્ટરપંથીઓએ ઓછામાં ઓછા 10 સૈનિકોના મોત થયા છે અને 20થી વધારે ઈજાગ્રસ્ત થયા છેમંગળવારે ઉગ્રવાદીઓએ ગુજામાલા સ્થાનીક સરકારી વિસ્તારોમાં આવેલા આ બેઝ પર હુમલો કર્યો હતો. તેમણે સૈનિકો પર અંકુશ મેળવી લીધો હતો, સૈન્ય વાહનોને ભારે નુકસાન પહોંચાડ્યું હતું અને નજીકના મૈરારી ગામના કેટલાક વિસ્તારોને આગ લગાડી દીધી હતી. આ ઘટનાનો શિકાર બનેલા માચ્છીમારે જણાવ્યું હતું કે સૈન્ય અડ્ડા પર હુમલા અગાઉ લડાકુઓએ નજીકના ગામ તુમબુન બારેબારીમાંથી 40 કરતાં વધારે નાવ છીનવી લીધી હતી.

અર્થતંત્રમાં બદલાવ : વૃદ્ધ વસ્તી અને ઘટતા ઈમિગ્રેશનની અસર

વસ્તી વૃદ્ધિ દર ઘટીને 0.5 ટકા થયો: મધ્યસ્થ ઉંમર વધીને 40 વર્ષથી વધુ થઇ : ફ્લાઇટ્સ અને રહેઠાણ સુવિધાનો ખર્ચ વધશે

ઓન્ટેરિયો

બેંક ઓફ કેનેડાના નવા વિશ્લેષણ મુજબ કેનેડાની ઝડપથી વૃદ્ધ થતી વસ્તી અને ઘટતું ઈમિગ્રેશન (સ્થળાંતર) દેશના અર્થતંત્ર અને વપરાશની પદ્ધતિઓનું 'સ્વરૂપ બદલી' રહ્યા છે. અહેવાલમાં જણાવાયું છે કે, આ દાયકાના પ્રથમ ભાગમાં વસ્તીમાં થયેલો ઝડપી વધારો થયો હતો. જ્યારે ૫૦ વર્ષ સુધી સતત ૧.૨ ટકાના વૃદ્ધિ દર પછી કેનેડાની વસ્તી વાર્ષિક ત્રણ ટકાના દરે વધી હતી. તેણે અર્થતંત્રમાં નવા કામદારો ઉમેર્યા અને દેશમાં "શ્રમિકોની અછત દૂર કરવામાં મદદ કરી છે.

જોકે, તેનાથી આવાસ અને સામાજિક સેવાઓ પર પણ દબાણ વધ્યું છે. ૨૦૨૫માં કેનેડાની વસ્તી વૃદ્ધિનો દર ઘટીને ૦.૫ ટકા થઈ ગયો હતો, જે ૧૫૦ વર્ષની સતત વૃદ્ધિ બાદ એક સદીથી વધુ સમયમાં સૌથી ધીમો વૃદ્ધિ દર હતો. આ સ્થિતિ ૨૦૨૪માં ફેડરલ સરકાર દ્વારા ઈમિગ્રેશનના સ્તરમાં ઘટાડો કરવાના નિર્ણય બાદ



તરત જ સર્જાઈ હતી.

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે કેનેડાની વસ્તી પણ વૃદ્ધ થઈ રહી છે; કેનેડામાં મધ્યસ્થ ઉમર ૧૯૭૧માં ૨૬ વર્ષ હતી, જે વધીને ૨૦૨૬માં ૪૦ વર્ષથી વધુ થઈ ગઈ છે. તેમાં કહેવામાં આવ્યું છે કે વૃદ્ધ વસ્તીનો અર્થ એ થશે કે કેનેડા જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન કરે છે અને વપરાશ કરે છે તેમાં પણ ફેરફાર થશે.

'બેબી બૂમર' પેઢી (બીજા વિશ્વયુદ્ધ પછીના સમયગાળામાં જન્મેલા લોકો) મોટાભાગે નિવૃત્તિની વયે પહોંચી ગઈ હોવાથી કેનેડામાં ફ્લાઈટ્સ અને રહેઠાણ જેવી મુસાફરી સેવાઓના ખર્ચમાં વધારો જોવા મળશે. કારણ કે, નિવૃત્ત લોકો વધુ મુસાફરી કરવાનું વલણ ધરાવે છે. તે જ સમયે, ફાર્માસ્યુટિકલ્સ, અનુકૂલનશીલ જીવનશૈલી ઉત્પાદનો અને સહાયક ઘર સંભાળ સેવાઓની માંગ પણ વધશે.

શ્રમિકોની અછત અને વેતનમાં વધારાની સંભાવના

વૃદ્ધ, ઝડપથી નિવૃત્ત થતી વસ્તીનો અર્થ એ પણ છે કે, કાર્યબળમાં તેમને બદલવા માટે ઓછા યુવાન કામદારો હશે. આનો અર્થ એ છે કે કેટલાક ક્ષેત્રો, જ્યાં મજૂરોની ભારે અછત જોવા મળી શકે છે, ત્યાં વેતનમાં પણ વધારો થશે અને વ્યવસાયો શ્રેષ્ઠ કામદારોને આકર્ષવાનો પ્રયાસ કરશે.

જંગલની આગ અને પ્રતિકૂળ હવામાનને કારણે ટોરોન્ટો ઝૂમાં મુલાકાતીઓની સંખ્યા ઘટી ગઈ

જુલાઈમાં મુલાકાતીઓની સંખ્યા ઝૂના નિર્ધારિત લક્ષ્યાંક કરતાં 14 ટકા ઓછી રહી

ટોરોન્ટો

ગુરુવારે શહેરને સોંપવામાં આવેલા અહેવાલમાં ઝૂના કર્મચારીઓએ જણાવ્યું હતું કે, આબોહવા પરિવર્તનને કારણે સર્જાયેલા પ્રતિકૂળ હવામાનને લીધે આ વર્ષે અત્યાર સુધી ટોરોન્ટો ઝૂની મુલાકાત લેનારાઓની સંખ્યામાં ઘટાડો થયો છે. ઝૂના ચીફ ટ્રાન્સફોર્મેશન ઓફિસર જેમી ઓસ્ટિને જણાવ્યું હતું કે, જુલાઈ મહિનામાં જંગલની આગનો ધુમાડો અને અતિશય ગરમી મુખ્ય કારણો હતાં. આ મહિનો મુલાકાતીઓના સ્વાગત માટે ઝૂ માટે ખૂબ મહત્વનો હોય છે. પરંતુ શરૂઆતના ત્રણ અઠવાડિયામાં મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો નોંધાયો હતો.

આ વર્ષે જુલાઈના મધ્યમાં ઉત્તરી ઓન્ટારિયોમાં લાગેલી આગનો ધુમાડો ટોરોન્ટો સુધી પહોંચ્યો હતો, જેને પરિણામે જુલાઈ મહિનામાં મુલાકાતીઓની સંખ્યા ઝૂના નિર્ધારિત લક્ષ્યાંક કરતાં ૧૪ ટકા ઓછી રહી હતી. સપ્ટેમ્બરના અંત સુધીમાં ૨૦૨૬માં ૧,૦૯૫,૨૮૬ લોકોએ ઝૂની મુલાકાત લીધી હતી. જે અપેક્ષિત લક્ષ્યાંક કરતાં નવ ટકા ઓછી સંખ્યા છે. ઓસ્ટિને કહ્યું કે મુલાકાતીઓની સંખ્યામાં ઘટાડો માત્ર જુલાઈ મહિનાને કારણે જ થયો ન હતો. ૨૦૨૬ના શરૂઆતના મહિનાઓમાં લાંબો, ઠંડો અને બરફવર્ષાવાળો શિયાળો રહ્યો હતો.સ્થળ પર બરફ જમા થવાને કારણે અમારે કેટલીકવાર ઝૂ બંધ રાખવું પડતું હતું. તેને ખુલ્લું રાખવું સુરક્ષિત નહોતું. ઝૂના ઈતિહાસમાં આવું ભાગ્યે જ બન્યું છે."




શિયાળા પછી ઠંડો અને વરસાદી વસંતઋતુનો સમયગાળો આવ્યો, જેણે પણ લોકોને ઘરની બહાર લાંબો સમય વિતાવવા માટે પ્રોત્સાહિત કર્યા ન હતા. પરંતુ હવે પાનખરમાં સપ્ટેમ્બર સુધીના લક્ષ્યાંક કરતા વધુ મુલાકાતીઓની સંખ્યા દર્શાવે છે કે ઓક્ટોબરમાં પ્રાણી સંગ્રહાલય મજબૂત રહેશે. સપ્ટેમ્બરમાં લગભગ ૧૬૨,૦૦૦ મહેમાનો પ્રાણી સંગ્રહાલયની મુલાકાતે આવ્યા હતા, જે સુવિધાની આગાહી કરતા ૧૩ ટકા વધુ છે. પ્રાણી સંગ્રહાલયમાં ગુરુવારથી રવિવાર સુધી યોજાતા ગ્લો ઈન ધ વાઈલ્ડ લેન્ટર્ન ફેસ્ટિવલ જેવા કાર્યક્રમો મુલાકાતીઓને આકર્ષી રહ્યા છે. તેમ છતાં, ઓસ્ટિને કહ્યું કે પ્રાણી સંગ્રહાલયને એક એવું આકર્ષણ બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે જે ઉનાળાની ઋતુ પર એટલું નિર્ભર નથી.

મંત્રી અનિતા આનંદ ભારતની મુલાકાતે વેપાર ઊર્જા સહિતના મુદ્દે નિર્ણયો સંભવ

સપ્ટે-25 પછી બે દેશના મંત્રીઓ વચ્ચે 11મી બેઠક, જનતાઓ વચ્ચેના સંબંધો તથા સલામતી અને સંરક્ષણ વિષે ચર્ચા થશે

ઓટાવા (કેનેડા)



કેનેડાનાં વિદેશ મંત્રી અનિતા આનંદ આજથી તા. ૧૩થી ૧૬ દરમિયાન ભારત અને યુએઈની મુલાકાતે છે. ભારતની મુલાકાત દરમિયાન તેઓ યુક્રેન-યુદ્ધ, મધ્યપૂર્વની અશાંતિ તથા ચીનના વધી રહેલા વ્યાપ વિષે વિદેશમંત્રી એસ. જયશંકર સાથે મંત્રણા કરવાનાં છે. તે ઉપરાંત બંને મંત્રીઓ, વ્યાપાર, ઊર્જા, પારસ્પરિક જનતાઓ વચ્ચેના સંબંધો તથા સલામતી અને સંરક્ષણ વિષે સવિશેષ ભાર મુકશે.

આ અંગે કેનેડીયન સરકારે સોમવારે કહ્યું હતુ કે કેનેડા અને ભારતના વિદેશમંત્રીઓ પારસ્પરિક સંબંધો અંગેનો એક રોડ-મેપ તૈયાર કરવાનાં છે. સપ્ટે-૨૫થી હજી સુધીમાં બંને દેશોના મંત્રીઓની આ ૧૧મી બેઠક છે. તે દર્શાવે છે કે બંને દેશો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો કેટલી હદે ગાઢ બની રહ્યાં છે. બંને દેશો વચ્ચે ૨૦૨૬ના અંત સુધીમાં કોમ્પ્રીહેન્સીવ-ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રીમેન્ટ (સી.ઈ.પી.એ.) ના કાર્યક્ષેત્ર વિસ્તૃત કરવા ઉપર સૌથી વધુ લક્ષ્ય અપાશે. આ પૂર્વે આ મહિનાની શરૂઆતમાં યોજાયેલી સી.ઈ.પી.એ.ની બેઠકમાં ઊર્જા, દુર્લભ ધાતુઓ અને એરો સ્પેસ કોઓપરેશન જેવા મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા કરાશે. કેનેડા પાસે અઢળક યુરેનિયમ છે. ભારતને તેની ખૂબ જરૂરિયાત છે તે સર્વવિદિત છે. કેનેડાના વ્યાપારમંત્રી મનીન્દર સિદ્ધુ પણ કેનેડીયન ડેલિગેશનના ભાગ તરીકે અનિતા આનંદ સાથે ભારત પહોંચ્યા છે. છેલ્લાં ૩૦ વર્ષમાં ભારતની મુલાકાતે આવેલું આ સૌથી મોટું પ્રતિનિધિ મંડળ છે. તેમાં ૩૦૦ જેટલા વ્યાપારીઓ આવ્યા છે. ઉલ્લેખનીય છે કે કેનેડા યુરેનિયમ સમૃદ્ધ દેશ છે. ભારતને યુરેનિયમની અત્યંત જરૂર છે. કેનેડાનાં વિદેશ મંત્રી અને વ્યાપાર મંત્રીની મુલાકાતને તેથી ઘણું મહત્ત્વ અપાઈ રહ્યું છે.

ઉત્તર-પ. ઑન્ટારિયોમાં હવે આખું વર્ષ કાયમી 'ડેલાઈટ ટાઈમ' રહેશે

મેનિટોબા સાથે તાલમેલ જાળવવા પ્રાંત સરકારનો મહત્વનો નિર્ણય : સર્વેક્ષણોમાં 90 થી 94 ટકા લોકોએ નિર્ણયને સમર્થન આપ્યું હતું

ટોરોન્ટો

ઑન્ટારિયો પ્રાંતના ઉત્તર-પશ્ચિમ ક્ષેત્રના કેટલાક ભાગોમાં હવે ઘડિયાળના કાંટા વારંવાર બદલવાની ઝંઝટમાંથી મુક્તિ મળશે. આ પ્રદેશને પડોશી મેનિટોબા પ્રાંત સાથે સંરેખિત કરવા માટે કાયમી ધોરણે 'ડેલાઈટ ટાઈમ' પર ખસેડવાની તૈયારીઓ કરી લેવામાં આવી છે. સ્વદેશી બાબતોના પ્રધાન ગ્રેગ રિકફોર્ડે આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, સમય પરિવર્તનને કાયમી બનાવવા માટે સ્થાનિક નગરપાલિકાઓ, ફર્સ્ટ નેશન્સ અને વ્યવસાયોમાં ભારે સર્વસંમતિ જોવા મળી છે.

પ્રધાન રિકફોર્ડે સ્પષ્ટ કર્યું હતું કે, ૯૦મા મેરિડીયનની પશ્ચિમે આવેલા પ્રદેશોને મેનિટોબા સાથે સંરેખિત કરવાની મંજૂરી આપવા માટે પ્રાંત સરકાર ૧ નવેમ્બરના રોજ સમય સંબંધિત કાયદામાં નિયમનકારી સુધારો કરવાનો ઈરાદો ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, મેનિટોબાના પ્રીમિયર વાબ કિન્યુએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે, તેમનો પ્રાંત વર્ષમાં બે વાર ઘડિયાળ બદલવાની પ્રથા બંધ કરશે અને સેન્ટ્રલ ટાઈમ ઝોનમાં વર્ષભર ડેલાઈટ ટાઈમ પર જ રહેશે. મેનિટોબાના આ નિર્ણય બાદ ઉત્તર-પશ્ચિમ ઑન્ટારિયો, જે સેન્ટ્રલ સ્ટાન્ડર્ડ ટાઈમ ઝોનમાં આવે છે, તે સમયની દ્રષ્ટિએ થોડું પાછળ રહી જતું હતું. પ્રાંત સરકાર પાસે ત્રણ વિકલ્પો હતા, પરંતુ સ્થાનિક નગરપાલિકાઓ, વ્યવસાયો અને ફર્સ્ટ નેશન્સ સાથે ચર્ચા કર્યા બાદ ઘડિયાળો ન બદલવાનો અને 'વાબ કિન્યુ સમય' પર જવાનો સર્વસંમતિથી નિર્ણય લેવાયો હતો.

ટોરોન્ટો મ્યુ. ચૂંટણીમાં એડવાન્સ વોટિંગમાં ૨.૨૨ લાખથી વધુ લોકોએ મતદાન કરી નવો વિક્રમ સર્જ્યો

6થી 11 ઓક્ટોબર દરમિયાન યોજાયેલા એડવાન્સ મતદાનમાં નાગરિકો અભૂતપૂર્વ ઉત્સાહ

ટોરોન્ટો

આગામી ટોરોન્ટો મ્યુનિસિપલ ચૂંટણી માટેના એડવાન્સ મતદાન દરમિયાન ૨,૨૦,૦૦૦થી વધુ લોકોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને એક નવો ઐતિહાસિક વિક્રમ નોંધાવ્યો છે. ટોરોન્ટો શહેરના તંત્ર દ્વારા મંગળવારે જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, ૬ ઓક્ટોબરથી ૧૧ ઓક્ટોબર સુધી ચાલેલા છ દિવસના એડવાન્સ મતદાન દરમિયાન કુલ ૨,૨૨,૫૫૦ પાત્ર મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

તંત્રના જણાવ્યા અનુસાર એડવાન્સ મતદાનના પ્રથમ દિવસે ૬ ઓક્ટોબરે ૩૬,૭૪૩ મતદારો, ૭ ઓક્ટોબરે ૩૧,૦૧૮ મતદારો અને ૮ ઓક્ટોબરે



૨૮,૬૬૬ મતદારોએ મતદાન કર્યું હતું. ત્યારબાદ ૯ ઓક્ટોબરે ૩૩,૫૭૯ અને ૧૦ ઓક્ટોબરે ૩૯,૧૮૧ મતદારો મતદાન મથકો સુધી પહોંચ્યા હતા. એડવાન્સ મતદાનના અંતિમ દિવસે એટલે કે, ૧૧ ઓક્ટોબરે સૌથી વધુ ૫૩,૩૬૩ મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કર્યું હતું.

ચૂંટણી પંચ અને તંત્રના આંકડા દર્શાવે છે કે, આ વખતે નોંધાયેલું એડવાન્સ મતદાન ભૂતકાળની તમામ ચૂંટણીઓ કરતાં ઘણું વધારે છે. ૨૦૨૩ની મેયર પદની પેટાચૂંટણીમાં ૧,૨૯,૭૪૫ એડવાન્સ મત પડ્યા હતા. જ્યારે ૨૦૨૨ની ચૂંટણીમાં ૧,૧૫,૯૧૧, ૨૦૧૮માં ૧,૨૪,૨૯૯, ૨૦૧૪માં ૧,૬૧,૧૪૭ અને ૨૦૧૦ની ચૂંટણીમાં માત્ર ૭૭,૩૬૫ એડવાન્સ મત નોંધાયા હતા.

એડવાન્સ મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ હવે ટોરોન્ટોના રહીશો આગામી ૨૬ ઓક્ટોબરના રોજ - એટલે કે મુખ્ય ચૂંટણીના દિવસે - સવારે ૧૦ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધી પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકાશે.

CLUB CERAMIC

Porcelain Tiles : Premium Quality and Best Price

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

MONTREAL
225 Rue Ness, Saint-Laurent, QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 / +1-514-260-2242

OTTAWA
Unit #4+5, 200 Colonnade Road, Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

CAMBRIDGE
15 Sheldon Dr, Cambridge, ON N1R 6R8
+1-647-394-6030 / +1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com

HONEST - DEDICATED - TEAMWORK

Don't Let Confusion Cast A Shadow over Buying Your Dream Home.

PINNACLE REAL ESTATE GROUP

CENTURY 21
Innovative Pinnacle Real Estate Group

We Look forward to providing you with an unusually High Level of Service and Commitment giving you a New definition of results in the Real Estate Industry. After all it is your Satisfaction that defines our Success!!!

- Free Staging
- Free Professional Photography & virtual tour
- Free Marketing, Flyers, Newspapers, Media Advertising
- Free Comparative Market Analysis
- Team of Professional for same price as hiring a single realtor
- Over 15 years of combined experience



- No Pressure
- No Obligation
- Just Answers to Your Questions.. Its that Simple!



Hot Deal!!! Renovated and very spacious condo available at an amazing price. Motivated seller. 2-bedroom condo featuring a functional layout and a rare walkout to your own privately fenced backyard-perfect for relaxing, entertaining, or enjoying outdoor living. This move-in-ready home has been tastefully updated with a brand-new modern kitchen, renovated bathroom, new flooring in bedrooms (no carpet in the unit), and stylish new light fixtures. The convenient ensuite laundry room also offers additional storage space. Large windows fill the home with natural light, creating a warm and inviting atmosphere. Whether you're a first time home buyer, downsizing, or looking for an excellent investment opportunity, this condo is sure to impress. Ideally located with 24-hour TTC service at your doorstep and the upcoming Sheppard & McCowan LRT just minutes away. Enjoy easy access to Scarborough Town Centre, Centennial College, the University of Toronto Scarborough campus, Highway 401, parks, shopping, restaurants, and all essential amenities. An exceptional opportunity to own a beautifully updated home in a convenient, family-friendly neighbourhood!



Welcome to this spacious and well-maintained 3-bedroom home, ideally located in a desirable, family-friendly neighbourhood. Offering a functional layout and generous living space, this home is perfect for growing families, first-time buyers, extended families, or investors seeking additional income potential.The inviting main floor features a family-sized eat-in kitchen with ample cabinetry and workspace, along with a walk-out to a spacious private backyard, perfect for family gatherings, outdoor entertaining, gardening, and summer enjoyment. The bright living and dining rooms provide a warm and comfortable space for everyday living and entertaining. Thefully finished basement with a separate entrance features a spacious one-bedroom apartment,offering excellent flexibility for extended family, guests, or potential rental income, along with abundant storage space. Enjoy parking for 4 cars and an excellent location close to schools, parks, shopping, TTC transit and minutes' drive to Hwy 401.A wonderful opportunity to own a spacious and versatile home in a convenient, family-friendlyneighbourhood!



A meticulously maintained executive end-unit townhome situated on a premium lot facing the pond and park. Enjoy lovely open views from your private wooden deck, gleaming hardwood floors, upper-level laundry and a versatile finished basement. The top floor features a dream primary bedroom retreat with a spa-like ensuite and a huge walk-in closet. Rooftop solar panels turn your roof into an income generator while offsetting utility bills! Updated appliances, hot water tank and humidifier. Prime location close to top schools, shopping, parks, and quick transit access. Show with confidence!

You have Nothing to Loose... Call us for a Free Consultation on How to Get Started.

Use The Advantage of a Team, Because... Teamwork Makes Your Dreams Work !

Shamim & Amin Kharodia

Broker of Record / Sales Representative
teamkharodia@gmail.com
300-2855 Markham Rd Toronto ON M1X 0C3
D: (647) 501-6786 I D: (647) 308-2941
F : (416) 298-8303 I P: (647) 666-8676



Grand Centurion Office

Each office owned and Operated. This is not intended to solicit buyers/sellers currently under contract with any brokerage.